

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**


**સરપરસ્ત**



**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**





**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-7, June-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૨૨



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો . 3

- **તંત્રી લેખ**

અઝાદારી વિષેની ચાલીસ હદીસો........... 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................11

ગુરરુલ હિકમ ..................................13

નહ્જુલ અસરાર ..............................15

- **તરીકત**

મશાયખવાણી...................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ.......................................31

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ .......................................37

તહ્ઝીબુલ ઈસ્લામ ...........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત........................................ 49

- **અન્ય**

નન્હે રોઝેદાર.................................. 53

અઝાદારી: એક નિ:શસ્ત્ર લડત ............. 55

વ્યકિત વિશેષ – કૂફાથી આવનારી હસ્તીઓ: 61

આપણા ઘરની વાતો ........................ 64

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 65

હિદાયત:

# હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

(ગતાંકનું ચાલુ)

**داوود اور سلیمان علیہما السلام کا فیصلہ**

દાવૂદ (અ.) બાપ, અને સુલયમાન (અ.) દીકરા.

قرآن میں دوسری جگہ داوودؑ و سلیمانؑ کی زندگی کے ایک حصّے کی طرف اشارہ ہو رہا ہے۔ ابتداء میں ایک فیصلے کا ذکر ہے کہ جو حضرت داوودؑ اور سلیمانؑ نے کیا تھا۔ ایک اجمالی اشارہ کرتے ہوئے فرمایا گیا:

''اور داوودؑ و سلیمانؑ کو یاد کرو کہ جس وقت وہ ایک کھیت کے بارے میں فیصلہ کر رہے تھے کہ جس کو ایک قوم کی بھیڑیں رات کے وقت چر گئی تھیں، اور ہم ان کے فیصلے کے شاہد تھے۔''

(સૂરા અંબિયા, આયત–૭૮)

અલ્લાહ ફરમાવે છે કે, દાવૂદ (અ.) અને સુલયમાન (અ.) સાથે મળીને એક ખેતર વિષે કોઈ નિર્ણય લઈ રહ્યા હતા, જેને રાત્રે ભેડ–બકરીઓ, જે ઘેટાં હોય એ ચરી ગયાં હતાં અને બધી ફસલ બેકાર થઈ ગઈ હતી, અને તેના વિષે બન્ને બાપ–દીકરા મળીને કોઈ નિર્ણય કરી રહ્યા હતા.

اگر چہ قرآن نے اس فیصلے کا واقعہ کاملاً سر بستہ طور پر بیان کیا ہے اور ایک اجمالی اشارہ پر ہی اکتفا کیا ہے، اور صرف اس کے اخلاق اور تربیتی نتیجہ پر، کہ جس کی طرف ہم بعد میں اشارہ کریں گے، قناعت کی ہے، لیکن اسلامی روایات اور مفسرین کے بیانات میں اس سلسلے میں بہت سی بحثیں نظر آتی ہیں۔

એટલે કુરઆન શરીફે તો આ કિસ્સા વિષે એક સંક્ષિપ્ત પરિચય આપ્યો છે, પરંતુ રિવાયતો જુદી જુદી છે, અને તે રિવાયતો આગળ જતાં વર્ણન કરવામાં આવશે.

کچھ مفسرین نے یہ بیان کیا ہے کہ وہ واقعہ اس طرح تھا کہ بھیڑوں کا ایک ریوڑ رات کے وقت انگوروں کے ایک باغ میں داخل ہو گیا اور انگوروں کی بیلوں اور انگوروں کے گچھوں کو کھا گیا اور انہیں خراب اور ضائع کر دیا۔

એટલે જે દ્રાક્ષનો બગીચો હશે એમાં ચાલ્યું ગયું ઘેટાઓનું એક રેવડ, અને બધી દ્રાક્ષ ખાઈ ગયું.

باغ کا مالک حضرت داوودؑ کے پاس شکایت لے کر پہنچا۔ حضرت داوودؑ نے حکم دیا کہ اس اتنے بڑے نقصان کے بدلے میں تمام بھیڑیں باغ کے مالک کو دے دی جائیں۔

એટલે આટલું બધું નુકસાન કરી નાખ્યું, તો જે બધાં ઘેટાં હતાં, તે બધાં બાગના માલિકને

આપી દેવામાં આવે, એમ દાવૂદ (અ.)એ નિર્ણય કર્યો, ફેંસલો આપ્યો.

سلیمانؑ جو اس وقت بچے تھے، باپ سے کہتے ہیں کہ:

સુલયમાન (અ.) તો ત્યારે બાળક જ હતા. એમના પિતા દાવૂદ (અ.)થી કહે છે:

اے خدا کے عظیم پیغمبر! آپ اس حکم کو بدل دیں اور منصفانہ فیصلہ کریں۔

તો સુલયમાન (અ.)એ — અલ્લાહની મસ્લેહતથી, એક જાહેરમાં બાળપણની જીદ કહેવાય અને આમ અલ્લાહની મસ્લેહત કહેવાય — બાળપણમાં એમના પિતાને કહ્યું કે, "તમારો ફેંસલો આપ બદલી નાખો."

باپ نے کہا کہ وہ کیسے؟

તો પૂછ્યું હઝરત દાવૂદ (અ.)એ કે, "શા માટે હું બદલી દઉં?"

آپؑ جواب میں کہتے ہیں کہ: بھیڑیں تو باغ کے مالک کے سپرد کی جائیں تاکہ وہ ان کے دودھ اور اون سے فائدہ اٹھائے،

હવે આ ઘેટાં તો બગીચાના માલિકને આપી દેશો, તો એ તો નિહાલ થઈ જશે.

اور باغ کو بھیڑوں کے مالک کے حوالے کیا جائے تاکہ وہ اس کی اصلاح اور درستی کی کوشش کرے۔

પરંતુ હવે જે ઘેટાંનો માલિક છે — કે જેનાં ઘેટાં બગીચાના માલિકને આપી દેવામાં આવ્યાં છે — તે મહરૂમ રહી ગયો, તેનું શું? તો હવે આવું કરો કે જે બગીચો છે, જે નુકસાન પામી ચૂક્યો છે, એ નુકસાનવાળો બગીચો તમે ઘેટાંના માલિકને આપી દો, તો આ નિર્ણય પૂરો થશે, એમ હઝરત સુલયમાન (અ.)એ દાવૂદ (અ.)ને બાળપણમાં કહ્યું.

جس وقت باغ پہلی حالت میں لوٹ آئے تو وہ اس کے مالک کے سپرد کر دیا جائے اور بھیڑیں بھی اپنے مالک کے پاس لوٹ جائیں۔

તો આવી રીતે બગીચાની દેખરેખ આ ઘેટાઓનો માલિક કરશે અને તેમાં સુધાર કરી દેશે, અને સુધરી જશે ત્યારે પોતપોતાના માલિકને પછી પાછાં આપી દેવાનાં.

یہاں پر ایک اہم سوال باقی ہے: ان دونوں فیصلوں کی بنیاد اور معیار کیا تھا؟ اس سوال کے جواب میں کہا جا سکتا ہے کہ معیار اور بنیاد خسارے اور نقصان کی تلافی کرنا تھا۔

રાત્રીનો સમય હોય ત્યારે રેવડ, જે ઘેટાંબકરાં હોય, ઢોરઢાંખર, એમના માલિકની જવાબદારી હોય કે ખેતરનું નુકસાન ના થાય, અને દિવસનો સમય હોય તો ખેતરના માલિકની જવાબદારી કે પોતાનું ખેતર સુરક્ષિત રાખે, તો રાતના સમયે નુકસાન થાય તો જવાબદારી ઢોરઢાંખરના માલિકની — ઈસ્લામી રિવાયતો પ્રમાણે — અને દિવસના સમયે નુકસાન થાય પોતાના જ ખેતરનું સામેવાળાનાં ઢોરઢાંખરથી, તો પછી જવાબદારી ખેતરના જ માલિકની થાય, સામેવાળાની ના થાય.

વાંકમાં આવી ગયો હતો એવા માણસને આ ફેંસલો, જે સુલયમાન (અ.)નો ફેંસલો હતો, તે બન્ને પાર્ટીઓને, સારી રીતે ફાયદામાં જ પાછો લાવી દેનારો હતો, અને પહેલો જે ફેંસલો હતો, તેનાથી કદાચ જે દોષી પાર્ટી હતી, તે વધારે નુકસાનમાં આવી જતી એવું લાગે છે.

علاوہ ازیں نقصان اور تلافی کے درمیان ایک تناسب تھا، کیونکہ انگور کی جڑیں ختم نہیں ہوئی تھیں، صرف ان کا وقتی منافع ختم ہوتا تھا،

એટલે કદાચ બધી દ્રાક્ષ તો ખરાબ થઈ ગઈ હતી, પરંતુ મૂળ તો એની એ જ જગ્યાએ હતાં એટલે ફરીથી ફસલ આવવાની શકયતા હતી. જાણે કે ખેતર બરબાદ થઈ ગયું હોય એવો ફેંસલો કરવો મુનાસિબ ન હતો.

اندازاً زیادہ منصفانہ فیصلہ یہ تھا کہ اصل بھیڑیں باغ کے مالک کو نہ دی جائیں، بلکہ اسے ان کا منافع دیا جائے۔

એટલે પછી સુલયમાન (અ.)એ આ બધી વાતો પર ધ્યાન દોર્યું અને કહ્યું કે, પોતપોતાની જે મિલ્કતો છે, તેનાથી સામેની મિલ્કતો વાપરે એક વર્ષ સુધી, જયારે સુધારો થઈ જાય તો પાછી અદલાબદલી કરી નાખે.

بہر حال سلیمانؑ کے فیصلہ کی اس صورت میں تائید کی گئی ہے: ’’ہم نے یہ فیصلہ سلیمانؑ کو سمجھا دیا تھا۔‘‘

(સૂરા અંબિયા, આયત–૭૯)

اور حضرت سلیمانؑ کے حکم کا ضابطہ یہ تھا کہ انہوں نے دیکھا کہ باغ کے مالک کا نقصان بھیڑوں کے ایک سال کے منافع کے برابر ہے۔

હઝરત સુલયમાન (અ.)એ બીજા દૃષ્ટિકોણથી આ ફેંસલો આપ્યો. એમણે જોયું — બાળપણમાં — કે જે બગીચાના માલિકનું નુકસાન છે તે એટલું છે કે એક વર્ષ સુધી ઘેટાં રાખનાર માણસને જેટલો ફાયદો થાય એટલું એનું નુકસાન છે, સામેવાળાને.

اس بناء پر فیصلہ تو دونوں نے حق و انصاف کے مطابق کیا ہے،

એટલે બન્ને પયગમ્બરો છે, કોઈ પણ ગુમરાહીમાં તો ફેંસલો કરે જ નહીં. બન્નેએ હિદાયતનો ફેંસલો કર્યો, પરંતુ હિદાયતના ફેંસલા કઈ રીતે જુદા જુદા દૃષ્ટિકોણથી જુદા જુદા હોઈ શકે એ અહીં જાહેર થાય છે.

لیکن اس میں فرق یہ ہے کہ حضرت سلیمانؑ کا فیصلہ زیادہ گہرائی پر مبنی تھا،

એક બાળક હતા સુલયમાન (અ.), દાવૂદ (અ.) કરતાં વધારે સમજદાર તો ન હતા, પરંતુ અલ્લાહની આ મસ્લેહત હતી કે બાળક વડે અલ્લાહ નબીઓનો મર્તબો જાહેર કરે. એટલે સુલયમાન (અ.)નો ફેંસલો વધારે ઊંડાણવાળો હતો.

کیونکہ اس کے مطابق خسارہ ایک مشت نہیں گیا تھا بلکہ اس طرح خسارہ تدریجی طور پر پورا ہوتا اور یہ فیصلہ بھیڑوں والے پر بھی گراں نہ تھا۔

બન્ને ઈન્સાફવાળા જ ફેંસલા હતા, પરંતુ જે

હવે અલ્લાહ કહે છે, “સુલયમાન (અ.)ને બાળપણમાં અમે જ આ ફેંસલો સમજાવી દીધો હતો.” આ તો આપણે જાણીએ છીએ, અલ્લાહ આ વાતની સ્પષ્ટતા કરી રહ્યો છે.

اور ہماری تائید سے اس نے اس جھگڑے کے
حل کی بہترین راہ معلوم کر لی۔

અને અલ્લાહની મદદ થઈ તો એ બાળકે આટલો સારો ફેંસલો આપ્યો.

لیکن اس کا یہ مطلب نہیں کہ حضرت داوودؑ کا
فیصلہ غلط تھا،

આપણે શરૂઆતમાં જાણી ગયા બન્ને નબીઓ હતા.

کیونکہ قرآن ساتھ ہی کہتا ہے: ”ہم نے ان
دونوں میں سے ہر ایک کو آگاہی اور فیصلے کی اہلیت
اور علم عطا کیا تھا۔“

(સૂરા અંબિયા, આયત–૭૯)

હવે આટલે સુધી આપણે જે પૃષ્ઠભૂમિ છે તે સમજી ગયા. હવે હુદહુદ અને મલિકાએ સબાની દાસ્તાન. એ પણ ઘણી રસપ્રદ છે અને મોટી છે, ઈન્શાઅલ્લાહ કાલે જોઈ લઈશું. આજે અહીં હું મજલિસને પૂરી કરું છું.

અલ્લાહ તઆલાથી દુઆ ગુજારીએ કે:

- અલ્લાહ તઆલા આપણને હિદાયતની રોશનીમાં હંમેશાં ચાલતા રાખે,
- સિરાતે મુસ્તકીમ ઉપર કાયમ રાખે,
- દુનિયા અને આખેરતની બલાઓથી દૂર રાખે,
- હંમેશાં તેના હિફ્ઝો–અમાનમાં અને તેની કુદરતમાં રાખે,
- હંમેશાં તેની કુર્બતમાં અને તેની મોહબ્બતમાં આપણને જગ્યા આપે,
- અને દુનિયા અને આખેરતમાં સલામત રાખે,
- અને દુનિયા અને આખેરતની બધી નેઅમતો આપણને આપે.

اٰمِیْنَ یَا رَبَّ الْعَالَمِیْنَ
اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

(કિશોરગઢ મુકામે પઢેલ ખુત્બા–૪, તા. ૧૨/૧૧/૨૦૦૬)




# અઝાદારી વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૧) હઝરત ઈમામ હુસૈન (અ.)ની મોહબ્બતનો જુસ્સો**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَآلِهٖ:

اِنَّ لِقَتْلِ الْحُسَيْنِ حَرَارَةً فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ لَا تَبْرُدُ اَبَدًا

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "બેશક, હુસૈન (અ.)ની શહાદતની બાબતમાં મોમિનોનાં દિલોમાં જે જુસ્સો અસ્તિત્વ ધરાવે છે, તેમાં કદી પણ ઘટાડો થતો નથી."

(મુસ્તદરકુલ વસાઈલ, જિલ્દ–૧૦, સફહા–૩૧૮)

**(૨) આશૂરા: વિલાપનો દિવસ**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

مَنْ كَانَ يَوْمُ عَاشُوْرَآءَ يَوْمَ مُصِيْبَتِهٖ وَحُزْنِهٖ وَبُكَآئِهٖ يَجْعَلِ اللهُ عَزَّ وَجَلَّ يَوْمَ الْقِيَامَةِ يَوْمَ فَرَحِهٖ وَسُرُوْرِهٖ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે, "જેના માટે આશૂરાનો દિવસ મુસીબત, દુઃખ અને વિલાપનો દિવસ હશે, તેના માટે અલ્લાહ અઝઝ વ જલ્લ કયામતના દિવસને આનંદનો અને સુખનો દિવસ બનાવશે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૨૮૪)

**(૩) મોહર્રમ: શોકનો મહીનો**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

كَانَ اَبِيْ اِذَا دَخَلَ شَهْرُ الْمُحَرَّمِ لَا يُرٰى ضَاحِكًا وَّكَانَتِ الْكَآبَةُ تَغْلِبُ عَلَيْهِ حَتّٰى يَمْضِيَ مِنْهُ عَشَرَةُ اَيَّامٍ، فَاِذَا كَانَ الْيَوْمُ الْعَاشِرُ كَانَ ذٰلِكَ الْيَوْمُ يَوْمَ مُصِيْبَتِهٖ وَحُزْنِهٖ وَبُكَآئِهٖ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, "મોહર્રમના આગમન સાથે જ મારા વાલિદ ઈમામ કાઝિમ (અ.) કદી પણ હસતા દેખાતા નહીં; આ મહીનાના (પ્રથમ) દસ દિવસોમાં ઉદાસી અને ગમ આપ (અ.)ને ઘેરી વળતાં હતાં; અને જ્યારે આ મહીનાનો દસમો દિવસ ઊગતો, તો તે તેમના માટે શોકનો, ગમનો અને રુદનનો દિવસ બની જતો હતો."

(અમાલી (શેખ સદૂક), સફહા–૧૧૧)

**(૪) હસતી આંખો**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَآلِهٖ:

يَا فَاطِمَةُ! كُلُّ عَيْنٍ بَاكِيَةٌ يَوْمَ الْقِيَامَةِ اِلَّا عَيْنٌ بَكَتْ عَلٰى مُصَابِ الْحُسَيْنِ فَاِنَّهَا ضَاحِكَةٌ مُّسْتَبْشِرَةٌ بِنَعِيْمِ الْجَنَّةِ

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "અય

ફાતેમા! હિસાબના (કયામતના) દિવસે દરેક આંખ રડતી હશે, સિવાય એ આંખ કે જેણે હુસૈન (અ.)ની દુ:ખદ ઘટના પર આંસુ વહાવ્યાં હોય. ચોકકસપણે, એ આંખ હસી રહી હશે અને તેને જન્નતની નેઅમતો અને સુખસગવડોની ખુશખબરી આપવામાં આવશે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૧૯૩)

**(૫) શહીદ થયેલા અસ્હાબનો સવાબ**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

اِنْ سَرَّكَ اَنْ يَّكُوْنَ لَكَ مِنَ الثَّوَابِ مِثْلُ مَا لِمَنِ اسْتُشْهِدَ مَعَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ فَقُلْ مَتٰى ذَكَرْتَهُمْ يَا لَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ فَاَفُوْزَ فَوْزًا عَظِيْمًا

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ (પોતાના એક સહાબીને) ફરમાવ્યું, "જો તમે એવું ઈચ્છતા હો કે હુસૈન (અ.)ની સાથે જે શહીદ થયેલા છે તેમના સવાબ જેટલો સવાબ તમને પણ મળે, તો જ્યારે જ્યારે તમે તેમને યાદ કરો, ત્યારે ત્યારે આવું કહો: "અરે! જો હું પણ તેમની સાથે હોત તો (કેવું સારું થાત)! એક મહાન સિદ્ધિ મેં પણ પ્રાપ્ત કરી હોત.""

(વસાઈલુશશીઆ, જિલ્દ–૧૪, સફહા–૫૦૧)

**(૬) રૂઢિગત વિલાપ**

عَنْ اَبِيْ هَارُوْنَ الْمَكْفُوْفِ قَالَ:

دَخَلْتُ عَلٰى اَبِيْ عَبْدِ اللهِ عَلَيْهِ السَّلَامُ فَقَالَ لِيْ اَنْشِدْنِيْ فَاَنْشَدْتُّهُ فَقَالَ لَا كَمَا تُنْشِدُوْنَ وَكَمَا تُرْثِيْهِ عِنْدَ قَبْرِهٖ فَاَنْشَدْتُّهُ

અબૂ હારૂન અલ–મકફૂફે કહ્યું છે, "હું હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સમક્ષ રજૂ થયો, તો પછી આપ (અ.)એ મને ફરમાવ્યું, "મને કોઈ શાયરી સંભળાવો," અને તેથી મેં તેમને શાયરી કહી. આપ (અ.)એ કહ્યું, "આવી રીતે નહીં. મને તો ઈમામ હુસૈન (અ.)ની કબ્ર ઉપર પઢાતા મરસિયા કહી સંભળાવો." અને તેથી મેં તેમને કહી સંભળાવ્યા."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૨૮૭)

**(૭) હઝરત ઈમામ હુસૈન (અ.) વિષે શાયરી કહેવાનો સવાબ**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

مَا مِنْ اَحَدٍ قَالَ فِى الْحُسَيْنِ شِعْرًا فَبَكٰى وَاَبْكٰى بِهٖ اِلَّا اَوْجَبَ اللهُ لَهُ الْجَنَّةَ وَغَفَرَ لَهُ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "કોઈ એવો નથી કે જે હઝરત ઈમામ હુસૈન (અ.) વિષે શાયરી કહે અને રડે અને તેના વડે બીજાઓને રડાવે, પરંતુ એ કે અલ્લાહ તેના ઉપર જન્નત વાજિબ કરે અને તેના ગુનાહ માફ કરી દે."

(રિજાલ (શેખ તૂસી), સફહા–૧૮૯)

**(૮) પ્રશંસાગીતો અને શોકગીતો ગાનારા લોકો**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ جَعَلَ فِى النَّاسِ مَنْ يَّفِدُ اِلَيْنَا وَيَمْدَحُنَا وَيَرْثِيْ لَنَا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું

છે, “સઘળાં વખાણ એ અલ્લાહ માટે છે કે જેણે અમારી વચ્ચે એવા લોકોને મૂકયા છે કે જેઓ અમારી ખિદમતમાં અમારા વિષે પ્રશંસાગીતો ગાતા અને શોકગીતો ગાતા આવે છે.”

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૦, સફહા–૪૬૯)

**(૯) વિલાપના સમયે શાયરીનું પઠન**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

أُحِبُّ أَنْ تُنْشِدَنِي شِعْرًا فَإِنَّ هٰذِهِ الْأَيَّامَ أَيَّامُ حُزْنٍ كَانَتْ عَلَيْنَا أَهْلَ الْبَيْتِ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ (અહલેબૈત (અ.)ને નિખાલસપણે સમર્પિત થનાર શાયર દઅબલને) ફરમાવ્યું, “હું તમન્ના ધરાવું છું કે તમે મને શાયરી સંભળાવો, ખાસ કરીને (મોહર્રમના મહીનાના) એ દિવસોની કે જે દિવસો અમ અહલેબૈત (અ.) ઉપર શોક અને દુઃખમાં પસાર થયા હતા.”

(મુસ્તદરકુલ વસાઈલ, જિલ્દ–૧૦, સફહા–૩૮૬)

**(૧૦) શીઆઓ, સહાબીઓ અને સહાયકો**

قَالَ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ:

إِنَّ اللّٰهَ اخْتَارَ لَنَا شِيْعَةً يَّنْصُرُوْنَنَا وَيَفْرَحُوْنَ بِفَرَحِنَا وَيَحْزَنُوْنَ لِحُزْنِنَا

હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે, “બેશક, અલ્લાહે અમારા માટે એવા અનુયાયીઓ (શીઆઓ)ને પસંદ કર્યા છે કે જેઓ અમને મદદરૂપ થાય છે, અને અમારી ખુશીમાં ખુશ અને અમારા દુઃખમાં દુઃખી હોય છે.”

(ગુરરુલ હિકમ, જિલ્દ–૧, સફહા–૧૩૫)

**(૧૧) જન્નત: અઝાદારીનો બદલો**

قَالَ عَلِيُّ بْنُ الْحُسَيْنِ السَّجَّادُ عَلَيْهِ السَّلَامُ:

أَيُّمَا مُؤْمِنٍ دَمِعَتْ عَيْنَاهُ لِقَتْلِ الْحُسَيْنِ وَمَنْ مَعَهُ حَتّٰى يَسِيْلَ عَلٰى خَدَّيْهِ بَوَّأَهُ اللّٰهُ فِي الْجَنَّةِ غُرَفًا

હઝરત ઈમામ અલી ઈબ્નુલ હુસૈન સજ્જાદ (અ.) હંમેશાં કહેતા હતા, “દરેક મોમિન કે જેની આંખો હુસૈન ઈબ્ને અલી (અ.) અને તેમના અસ્હાબની શહાદત પર એવી રીતે આંસુ વહાવે છે કે આંસુ તેના ગાલ ઉપરથી નીચે પડે, તો અલ્લાહ તેને જન્નતના ઊંચેરા ઓરડાઓમાં રહેવાની સગવડ પૂરી પાડશે.”

(યનાબીઉલ મવદ્દા, સફહા–૪૧૯)

**(૧૨) હઝરત બીબી ફાતેમા (અ.)ની ઓલાદની યાદમાં**

قَالَ السَّجَّادُ عَلَيْهِ السَّلَامُ:

إِنِّي لَمْ أَذْكُرْ مَصْرَعَ بَنِي فَاطِمَةَ إِلَّا خَنَقَتْنِي لِذٰلِكَ عَبْرَةٌ

હઝરત ઈમામ સજ્જાદ (અ.)એ ફરમાવ્યું છે કે, “બેશક, મેં ફાતેમા (અ.)ની ઓલાદની શહાદતને કદી પણ યાદ નથી કરી, પરંતુ તેના લીધે મારી આંખોમાંથી આંસુ સરી પડ્યાં જ હોય છે.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૬, સફહા–૧૦૯)

**(૧૩) ઘરમાં જ અઝાદારી**

قَالَ الْبَاقِرُ عَلَيْهِ السَّلَامُ:

ثُمَّ لِيَنْدُبِ الْحُسَيْنَ عَلَيْهِ السَّلَامُ وَيَبْكِيهِ وَيَأْمُرُ مَنْ فِيْ دَارِهِ بِالْبُكَآءِ عَلَيْهِ وَيُقِيْمُ فِيْ دَارِهِ مُصِيْبَتَهُ بِاِظْهَارِ الْجَزَعِ عَلَيْهِ وَيَتَلَاقَوْنَ بِالْبُكَآءِ بَعْضُهُمْ بَعْضًا فِى الْبُيُوْتِ وَلْيُعَزِّ بَعْضُهُمْ بَعْضًا بِمُصَابِ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

જે લોકો આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત માટે જવા શકિતમાન ન હોય, તેમને ઈમામ મોહંમદ બાકિર (અ.) આ રીતે અઝાદારીની રીત બતાવે છે, "તેણે હુસૈન (અ.)નો શોક મનાવવો જોઈએ, આપ (અ.) પર રડવું જોઈએ, અને ઘરના સભ્યોને તેમના પર રડવાનો હુકમ આપવો જોઈએ. તેણે તેમના ઉપર શોક પ્રગટ કરીને અને વિલાપ પ્રગટ કરીને ઘરમાં અઝાદારી મનાવવી જોઈએ; લોકોએ પોતાના ઘરોમાં ભેગા થવું જોઈએ અને તેમના પર પડેલી મુસીબતો ઉપર એકબીજાને દિલાસો અને આશ્વાસન આપવું જોઈએ."

(કામિલુઝિઝયારાત, સફ્હા–૧૭૫)

**(૧૪) કરબલાના શહીદો પર દુ:ખ વ્યકત કરીને હઝરત ઈમામ અલી (અ.)નું રુદન કરવું**

قَالَ الْبَاقِرُ عَلَيْهِ السَّلَامُ:

مَرَّ عَلِيٌّ بِكَرْبَلَاءَ فِى اثْنَيْنِ مِنْ اَصْحَابِهِ قَالَ: فَلَمَّا مَرَّ بِهَا تَرَقْرَقَتْ عَيْنَاهُ لِلْبُكَآءِ ثُمَّ قَالَ: هٰذَا مُنَاخُ رِكَابِهِمْ وَهٰذَا مُلْقٰى رِحَالِهِمْ وَهَاهُنَا تُهْرَاقُ دِمَآؤُهُمْ، طُوْبٰى لَكِ مِنْ تُرْبَةٍ عَلَيْكِ تُهْرَاقُ دِمَآءُ الْاَحِبَّةِ

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે, "અમીરુલ મોમિનીન (અ.) પોતાના બે અસ્હાબની સાથે કરબલા પાસેથી પસાર થયા અને જેવા તેઓ ત્યાંથી પસાર થયા, તો આપ (અ.) ની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. આપ (અ.)એ (તેમને) કહ્યું, "આ તેમનાં જાનવરો માટે આરામ કરવાની જગ્યા છે; અને આ એ જગ્યા છે કે જ્યાં તેમનો માલ–સામાન મૂકવામાં આવશે; અને અહીં તેમનું લોહી વહાવવામાં આવશે. અય જમીન! તું ધન્ય છે કે મારા વહાલા લોકોનાં લોહી તારા ઉપર રેડાશે.""

(બિહારુલ અન્વાર, જિલ્દ–૯૮, સફ્હા–૨૫૮)

**(૧૫) આંસુઓ: જહન્નમથી દૂર રાખનારાં**

قَالَ الْبَاقِرُ عَلَيْهِ السَّلَامُ:

مَا مِنْ رَّجُلٍ ذَكَرَنَآ اَوْ ذُكِرْنَا عِنْدَهٗ يَخْرُجُ مِنْ عَيْنَيْهِ مَآءٌ وَّلَوْ مِثْلُ جَنَاحِ الْبَعُوْضَةِ اِلَّا بَنَى اللّٰهُ لَهٗ بَيْتًا فِى الْجَنَّةِ وَجَعَلَ ذٰلِكَ الدَّمْعَ حِجَابًا بَيْنَهٗ وَبَيْنَ النَّارِ

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "એ કે જે અમને યાદ કરે છે, અથવા જેમની હાજરીમાં અમને યાદ કરવામાં આવે છે, અને (પરિણામે) તેની આંખોમાંથી આંસુ વહે છે, પછી ભલે ને એક મચ્છરની પાંખ જેટલું જ કેમ ન હોય, તો અલ્લાહ તેના માટે જન્નતમાં એક મકાન બનાવશે અને તે આંસુઓ તેની અને (જહન્નમની) આગની વચ્ચે બાધક બનશે."

(અલ–ગદીર, જિલ્દ–૨, સફ્હા–૨૦૨) (ક્રમશ:)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَّيَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَآ اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ﴿١٠٨﴾

અને કહે છે કે અમારો પરવરદિગાર (દરેક એબથી) પાક છે! અને અમારા પરવરદિગારનો વાયદો પૂર્ણ થઈને જ રહેનાર છે.

**(સૂરા બની ઈસરાઈલ, આયત–૧૦૮)**

---

قُلِ ادْعُوا اللّٰهَ اَوِ ادْعُوا الرَّحْمٰنَ ؕ اَيًّامَّا تَدْعُوْا فَلَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۚ ... ﴿١١٠﴾

(અય રસૂલ!) તું કહે કે અલ્લાહ કહીને પોકારો યા રહમાન કહીને પોકારો; જે (નામ)થી પોકારો, સર્વે સારાં સારાં નામ તેનાં જ છે.

**(સૂરા બની ઈસરાઈલ, આયત–૧૧૦)**

---

وَلَا تَقُوْلَنَّ لِشَايْءٍ اِنِّيْ فَاعِلٌ ذٰلِكَ غَدًا ۙ ﴿٢٣﴾

અને ન કોઈ પણ વસ્તુની બાબતમાં તું હરગિઝ એમ ન કહે કે કાલે હું તે જરૂર કરીશ.

**(સૂરા કહ્ફ, આયત–૨૩)**

---

اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ وَاذْكُرْ رَّبَّكَ اِذَا نَسِيْتَ وَقُلْ عَسٰٓى اَنْ يَّهْدِيَنِ رَبِّيْ لِاَقْرَبَ مِنْ هٰذَا رَشَدًا ﴿٢٤﴾

સિવાય કે જો અલ્લાહની મરજી હશે તો (હું જરૂર કરી શકીશ); અને જ્યારે (કોઈ વાત) ભૂલી જાય તો તારા પરવરદિગારને યાદ કર અને કહે કે આશા છે કે મારો પરવરદિગાર સન્માર્ગની દૃષ્ટિએ એના કરતાં પણ વધુ પાસેનો માર્ગ મને દેખાડી દેશે.

**(સૂરા કહ્ફ, આયત–૨૪)**

قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا ﴿۱۰۹﴾

❁ (અય રસૂલ!) તું કહે કે મારા પરવરદિગારના કલેમાઓ (લખવા) માટે અગર (સઘળા) સમુદ્રો(નાં પાણી) જ શાહી બની જાય, તો એ પહેલાં કે મારા પરવરદિગારના કલેમાઓ (લખાણો) પૂર્ણ થાય, સમુદ્ર(નાં પાણી) જ વપરાઈ જશે, (પછી) ભલે ને અમે (તેમની) મદદ માટે એવા જ (બીજા પણ સમુદ્રો) લઈ આવીએ. **(સૂરા કહ્ફ, આયત–૧૦૯)**

---

قَالَ فَاِنَّا قَدْ فَتَنَّا قَوْمَكَ مِنْۢ بَعْدِكَ وَاَضَلَّهُمُ السَّامِرِيُّ ﴿۸۵﴾

❁ ફરમાવ્યું, "તો નિ:સંશય અમોએ તારી પાછળ તારી કોમની કસોટી કરી છે, અને સામરીએ તેમને બહેકાવી દીધા છે. **(સૂરા તાહા, આયત–૮૫)**

---

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿۱۶﴾

❁ અને અમોએ આકાશ તથા પૃથ્વી અને તેમની વચ્ચે જે કાંઈ છે, તે રમતગમત માટે પેદા નથી કર્યું. **(સૂરા અંબિયા, આયત–૧૬)**

---

لَوْ اَرَدْنَآ اَنْ نَّتَّخِذَ لَهْوًا لَّاتَّخَذْنٰهُ مِنْ لَّدُنَّآ ۖ اِنْ كُنَّا فٰعِلِيْنَ ﴿۱۷﴾

❁ અગર અમે કોઈ રમતગમત જ બનાવવા ચાહતે, તો અમારા તરફથી (અમને છાજતું) બનાવતે, જો અમારે કરવું જ હોત તો.

**(સૂરા અંબિયા, આયત–૧૭)**

---

بَلْ نَقْذِفُ بِالْحَقِّ عَلَى الْبَاطِلِ فَيَدْمَغُهٗ فَاِذَا هُوَ زَاهِقٌ ۚ وَلَكُمُ الْوَيْلُ مِمَّا تَصِفُوْنَ ﴿۱۸﴾

❁ બલ્કે અમે તો સત્યને અસત્ય ઉપર ફેંકી મારીએ છીએ કે જેથી તે (સત્ય) તે (અસત્ય)નું માથું ભાંગી નાખે છે, પછી એકાએક તે અસત્ય અદૃશ્ય થઈ જાય છે, અને તમારા પર અફસોસ છે કે આવી (નિરર્થક) વાતો વર્ણવો છો.

**(સૂરા અંબિયા, આયત–૧૮)**

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِکَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસઅહમદ એડ. જાફરી



## સચ્ચાઈ

٦٠- لَا تَمْنَعَنَّكُمْ رِعَايَةُ الْحَقِّ لِاَحَدٍ عَنْ اِقَامَةِ الْحَقِّ عَلَيْهِ

૬૦. કોઈના (નજીકના) તમારા પરના અધિકારો તમને ન્યાયની સ્થાપના કરતાં ન રોકવા જોઈએ.

٦١- لَا يَجْتَمِعُ الْبَاطِلُ وَالْحَقُّ

૬૧. સચ્ચાઈ અને જુઠ્ઠાણાં એક સાથે ન હોઈ શકે.

٦٢- لَا يَصْبِرُ عَلَى الْحَقِّ اِلَّا الْحَازِمُ الْاَرِيْبُ

૬૨. સચ્ચાઈ અને તેની કડવાશ દીર્ઘદૃષ્ટિ ધરાવનાર જ સહન કરી શકે છે.

٦٣- لَا رَسُوْلَ اَبْلَغُ مِنَ الْحَقِّ

૬૩. સચ્ચાઈ જેવો કોઈ સંદેશવાહક નથી.

٦٤- لَا نَاصِحَ اَنْصَحُ مِنَ الْحَقِّ

૬૪. સચ્ચાઈ જેવો કોઈ નિખાલસ સલાહકાર નથી.

٦٥- لَا صَاحِبَ اَعَزُّ مِنَ الْحَقِّ

૬૫. કોઈ સાથી સચ્ચાઈથી વધારે પ્રિય નથી.

٦٦- لَا يُغْلَبُ مَنْ يَسْتَظْهِرُ بِالْحَقِّ

૬૬. જે સચ્ચાઈથી પીઠબળ મેળવે છે, તે કદી પરાજિત થતો નથી.

٦٧- لَا يُخْصَمُ مَنْ يَحْتَجُّ بِالْحَقِّ

૬૭. જે સચ્ચાઈ દ્વારા દલીલ કરે છે, તે કદી પરાજિત થતો નથી.

٦٨- لَا يُدْرَكُ (لَا يَذِلُّ) مَنِ اعْتَزَّ بِالْحَقِّ

૬૮. જે સચ્ચાઈ દ્વારા પ્રતિષ્ઠા મેળવે છે, તે કદી અપમાનિત થતો નથી.

٦٩- لَا يَصْبِرُ لِلْحَقِّ اِلَّا مَنْ يَعْرِفُ فَضْلَهُ

૬૯. સચ્ચાઈ માટે તે જ સબ્ર કરી શકે છે કે જે તેનું મૂલ્ય જાણતો હોય.

۷۰- لَا يُعَابُ الرَّجُلُ بِاَخْذِ حَقِّهِ، وَ اِنَّمَا يُعَابُ بِاَخْذِ مَالَيْسَ لَهُ

૭૦. પોતાનો અધિકાર પ્રાપ્ત કરવામાં માણસ માટે કોઈ દોષ નથી, બલ્કે દોષ તો તેમાં છે કે જે તેનું પોતાનું નથી તેને તે લઈ લે.

۷۱- يَسِيْرُ الْحَقِّ يَدْفَعُ كَثِيْرَ الْبَاطِلِ

૭૧. થોડીઘણી સચ્ચાઈ પણ વધારે જુઠ્ઠાણાને નષ્ટ કરી દે છે.

۷۲- خَذَلُوا الْحَقَّ، وَلَمْ يَنْصُرُوا الْبَاطِلَ

૭૨. (જંગમાં ભાગ ન લેનારાઓ અંગે) તે લોકોએ સચ્ચાઈને પણ તરછોડી અને જુઠ્ઠાણાનો પણ સાથ ન આપ્યો.

۷۳- اَلْحَقُّ اَبْلَجُ مُنَزَّهٌ عَنِ الْمُحَابَاةِ وَالْمُرَايَاةِ

૭૩. સચ્ચાઈ ઝળકે છે અને તે પૂર્વગ્રહ અને દંભથી પર છે.

۷۴- اِرْكَبِ الْحَقَّ وَاِنْ خَالَفَ هَوَاكَ، وَلَاتَبِعْ اٰخِرَتَكَ بِدُنْيَاكَ

૭૪. સચ્ચાઈ પર અમલ કરો, ભલે ને પછી તે તમારી ઈચ્છાથી વિરુદ્ધ હોય, અને દુનિયા માટે આખેરતનો સોદો ન કરો.

۷۵- اِلْزَمِ الْحَقَّ يُنَزِّلْكَ مَنَازِلَ اَهْلِ الْحَقِّ يَوْمَ لَا يُقْضٰى اِلَّا بِالْحَقِّ

૭૫. સચ્ચાઈને વળગી રહો, તે તમને તે દિવસે સચ્ચાઈને અનુસરનાર લોકો પાસે લઈ જશે, જ્યારે સચ્ચાઈ સિવાય કોઈનાથી પણ ચુકાદો આપવામાં નહીં આવે.

۷۶- اِلْزَمُوا الْحَقَّ تَلْزَمْكُمُ النَّجَاةُ

૭૬. સચ્ચાઈને વળગી રહો કે જેથી નજાત તમારાથી સંકળાયેલી રહે.

۷۷- اِعْرِفُوا الْحَقَّ لِمَنْ عَرَفَهُ لَكُمْ، صَغِيْرًا كَانَ اَوْكَبِيْرًا، وَضِيْعًا كَانَ اَوْ رَفِيْعًا

૭૭. તેના અધિકારને ઓળખો કે જે તમારા અધિકારને જાણે છે, ભલે ને પછી તે યુવાન હોય વૃદ્ધ હોય કે કોઈપણ દરજ્જાનો હોય.

۷۸- اَلَا وَمَنْ لَا يَنْفَعُهُ الْحَقُّ يَضُرُّهُ الْبَاطِلُ، وَمَنْ لَا يَسْتَقِمْ بِهِ الْهُدٰى يَجُرُّ بِهِ الضَّلَالُ اِلَى الرَّدٰى

૭૮. ખરેખર જેને સચ્ચાઈ લાભ નથી આપતી, તેને જુઠ્ઠાણું નુકસાન કરે છે અને જેને હિદાયત સાચા રસ્તે નથી દોરતી, તેને ગુમરાહી પડતીમાં ધકેલી દે છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

## કૂફાના કબ્રસ્તાનમાં વાતચીતો

નુખૈલાથી કૂફા તશરીફ લાવતાં હઝરત અમીરુલ મોમિનીન (અ.) કૂફાના કબ્રસ્તાન પાસેથી પસાર થયા અને ત્યાં ફરમાવ્યું,

"મુસ્લિમીન અને મુસ્લિમાત! તથા મોમિનીન અને મોમિનાત! કે જે આ સમયે ઘોર (અંધકાર) ના રહેવાસી અને વહ્શત તથા વેરાન જગ્યા અને એકલતામાં છે, તમે અમારા પહેલાં જનારા છો અને અમે તમારી પાછળ પાછળ જ આવનારા અને તમારાથી જોડાઈ જનારા છીએ. ખુદાવંદા! અમારી અને તેમની મગ્ફેરત ફરમાવ અને દરગુજર ફરમાવ."

પછી ફરમાવ્યું, "હું એ અલ્લાહની હમ્દ કરું છું કે જેણે જમીનને અમારી નિગેહબાન બનાવી, ભલે ને અમે જિંદગીમાં કેદ હોઈએ કે મરી ચૂકયા હોઈએ. તમામ હમ્દ અને સના અલ્લાહ માટે છે કે જેણે અમને માટીમાંથી પેદા કર્યા અને ફરીથી માટીમાં પાછા ફેરવશે અને માટી ઉપર જ અમારો હશ્ર કરશે. ખુશખબરી છે એના માટે કે જે કયામતને યાદ કરતો રહ્યો અને એ દિવસના હિસાબને નજરસમક્ષ રાખીને અમલ બજાવતો રહ્યો, અને કયામતને નેક જાણી અને રઝાએ ઈલાહીનો લિહાઝ રાખ્યો."

(નાસિખ, જિલ્દ–૩)

## કૈસ ઈબ્ને સઅદના નામે હુકમનામું

સિફ્ફીનના મેદાનમાંથી જ અમીરુલ મોમિનીન (અ.)એ કૈસ ઈબ્ને સઅદને મિસ્રના હાકિમ બનાવીને મોકલ્યા અને ફરમાવ્યું,

"મેં તમને મિસ્રના આમિલ બનાવ્યા છે, તો તરત જ રવાના થઈ જાઓ, અને પોતાની સાથે કેટલાક વિશ્વાસપાત્ર માણસોને અને ફોજની એક ટુકડીને લઈ જાઓ, જેથી તમારા વિરોધીઓ પર તમારી અસર કાયમ થાય અને તેઓ તમારી વિરુદ્ધ કોઈ યોજના ન ઘડી શકે કે ન શરારત કરી શકે. જ્યારે તમે મિસ્ર પહોંચો, તો ત્યાંના જનસામાન્ય

સાથે પણ અને ખાસ લોકોની સાથે પણ નરમી અને મોહબ્બતથી વર્તો. જે લોકો સરકશી કરે, તેમના પર સખ્તી કરો અને જો જરૂરત લાગે, તો બળપ્રયોગ કરવાથી પણ પાછી પાની ન કરો.”

(અલ–ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ, જિલ્દ–3)

**મિસ્રના લોકો માટે શાહી ફરમાન**

અમીરુલ મોમિનીન (અ.)એ મિસ્રવાળાઓના નામે નીચે મુજબનું શાહી ફરમાન રવાના કર્યું હતું:

અલ્લાહના બંદા અલી અમીરુલ મોમિનીન (અ.) તરફથી એ મુસલમાનોના નામે કે જેમને મારું આ ફરમાન મળે. તમારા પર સલામ થાય. હું એ અલ્લાહની હમ્દ બજાવી લાવું છું કે જેના સિવાય બીજો કોઈ ખુદા નથી.

અમ્મા બઅદ. અલ્લાહે પોતાની કારીગરી અને સુંદર તકદીર અને તદ્‌બીરથી પોતાના માટે, પોતાના ફરિશ્તાઓ અને પોતાના રસૂલો માટે ઈસ્લામની દીન તરીકે પસંદગી ફરમાવી અને સાથે સાથે પોતાના બંદાઓની પાસે પોતાના નબીઓને મોકલ્યા અને આ ઉમ્મતને આપ (સ.)ના કારણે પ્રતિષ્ઠિત બનાવી અને તે બંદાઓને એ દીનથી મખ્સૂસ કર્યા અને એ ફઝીલત અતા ફરમાવી કે મોહંમદ (સ.)ને તેમની તરફ મોકલ્યા અને આપ (સ.)એ તેમને અલ્લાહની કિતાબ, હિકમત, સુન્નત અને ફરજોની તાલીમ આપી, જેથી તેઓ હિદાયત મેળવનારા બની જાય; તેમને સમાન અભિપ્રાયવાળા બનાવ્યા, જેથી તેમનામાં વૈમનસ્ય પેદા ન થાય. આપ (સ.)એ તેમનો તઝિકયા કર્યો (શુદ્‌ધીકરણ કર્યું), જેથી તેઓ પાક અને તાહિર બની જાય; જ્યારે આપ (સ.) એ આ દુનિયામાં તેમની જવાબદારીને પૂર્ણ કરી લીધી, તો આપ (સ.)ને દુનિયાથી ઉઠાવી લીધા, તેથી આપ (સ.) પર અલ્લાહની સલવાત, સલામ, રહમત અને રઝા નાઝિલ થાય. પછી મુસલમાનોએ આપ (સ.)ના પછી એકના પછી બીજા એમ બે અમીરોને ખલીફા બનાવ્યા. પછી તે વફાત થઈ ગયા. એમના પછી એક એવા સાહેબને લોકોએ પોતાના વલી બનાવ્યા કે જેમણે નવી નવી વાતો ઉપજાવી કાઢી. એના પર ઉમ્મતને તેમના વિરુદ્‌ધ કહેવાનો મોકો મળ્યો, તેથી તેમણે એમનામાં દોષ કાઢ્યા અને તેમને હલાક કરી દીધા. પછી લોકો મારી પાસે આવ્યા અને મારી બૈઅત કરી. બધાની હિદાયત માટે હું અલ્લાહથી માગણી કરું છું અને તકવાની હિદાયત માટે તેની મદદનો તલબગાર છું. જાણી લો કે તમારા પર આવશ્યક છે કે અમારી સાથે અલ્લાહની કિતાબ અને તેના રસૂલ (સ.)ની સુન્નત પર અમલ કરો. અને તમારા પર અલ્લાહના હકકો છે, તેને અદા કરો અને ગુપ્ત રીતે ખૈરખ્વાહી કરો. અલ્લાહ જ મદદ ઈચ્છવા માટે લાયક છે અને એ જ બગડેલાં કામોને સારી રીતે સુધારનારો છે.

મેં કૈસ ઈબ્ને સઅદ અન્સારીને અમીર બનાવીને તમારી પાસે મોકલ્યા છે. તમે તેમને

શક્તિ પ્રદાન કરો, રાહે હકમાં તેમની મદદ કરો. મેં તેમને હુકમ કર્યો છે કે નેક માણસોની સાથે સદ્‌વર્તનથી અને ખોટા રસ્તા પર ચાલનારાઓ સાથે સખ્તીપૂર્વક વર્તે. ખાસ લોકો અને આમ લોકો સાથે નમ્રતાપૂર્વક વર્તન કરે. તેઓ એ લોકો છે કે જેમના રવૈયાથી હું રાજી છું અને જેમનાથી મને ભલાઈની ઉમ્મીદ છે. હું અલ્લાહથી મારા અને તમારા માટે પાક અમલ, સુંદર સવાબ અને રહમતના વસીલાનો ઈચ્છુક છું. અલ્લાહ તમને સલામત રાખે અને તમારા ઉપર રહમત અને બરકત નાઝિલ કરે.

(ઈબ્ને અબિલ હદીદ)

## કૈસ ઈબ્ને સઅદની બરતરફી

કૈસ ઈબ્ને સઅદને મુઆવિયાએ અપનાવવાની ખૂબ જ કોશિશ કરી અને જ્યારે યકીન થઈ ગયું કે કૈસ ધમકીઓથી ટસના મસ થાય તેમ નથી, કે ન તો તેમના પર મક્ર અને ફરેબ ચાલી શકે તેમ છે, તો તેણે એક નવો અભિગમ અપનાવ્યો. તેણે કૈસ તરફથી બનાવટી પત્રો પોતાના નામે લખાવીને તેમની બદનામી કરી, જેનાથી તમામ રૈયત ફરેબમાં આવી ગઈ કે કૈસે પડદા પાછળ મુઆવિયા સાથે પરસ્પર કોલકરાર કરી લીધા છે અને અમીરુલ મોમિનીન (અ.)નો વિરોધ કરી રહ્યા છે. તેઓ અમીરુલ મોમિનીન (અ.)ના પાછળ પડી ગયા કે કૈસને મિસ્રથી હટાવી દે. અમીરુલ મોમિનીન (અ.) એ લાચાર થઈને કૈસને બરતરફ કરીને મોહંમદ ઈબ્ને અબી બક્રને મિસ્રના હાકિમ મુકર્રર કરી દીધા.

(અલ–ફિત્નતુલ કુબરા, જિલ્દ–૨)

## મધ્યસ્થી બનાવવાના સિલસિલામાં મુઆવિયાના નામે પત્ર

મુઆવિયાએ લખ્યું કે આપણી વચ્ચે કતલની પરંપરા ખૂબ લાંબી ખેંચાઈ છે અને આપણામાંથી દરેક વ્યક્તિ એવું સમજે છે કે તે હક પર છે. અત્યાર સુધીમાં ઘણાબધા લોકો કતલ થયા છે. મને ડર છે કે આની બાબતમાં કયામતના દિવસે આપણી પૂછપરછ થશે, જેના માટે હું અને તમે જવાબદાર છીએ. એટલા માટે હવે મારો એક પ્રસ્તાવ છે કે બે મધ્યસ્થીઓ મુકર્રર કરવામાં આવે કે જેઓ આપણી વચ્ચે કુરઆનથી ફેંસલો કરે...આના જવાબમાં અમીરુલ મોમિનીન (અ.)એ નીચેનો પત્ર મોકલ્યો,

"અલ્લાહના બંદા અલી અમીરુલ મોમિનીન તરફથી મુઆવિયા ઈબ્ને અબી સુફયાન તરફ. સ્પષ્ટ થાય કે કોઈ પણ ઈન્સાન માટે સર્વશ્રેષ્ઠ કાર્ય એ છે કે તે એવા કાર્ય માટે ઈચ્છુક હોય કે જે ખૂબ સારું હોય, અને અલ્લાહના ફઝલનું કારણ બને અને તે દરેક એબથી બચેલો રહે. બગાવત અને જૂઠ કોઈ પણ માણસને દીન અને દુનિયામાં અપમાનિત કરી દે છે અને જ્યારે તે બન્ને (બગાવત અને જૂઠ) કોઈ પણ માણસમાં હોય, તો તે બન્ને તેના એબને જાહેર કરી દે છે. તેથી દુનિયાથી બચો, એટલા માટે કે જે બાબત એનાથી પ્રાપ્ત થાય છે એમાં ખુશી

નથી. તમે જાણો છો કે નસીબમાં જે બાબત છૂટી જવાનું લખાઈ ચૂક્યું છે, તે કોઈ પણ રીતે મળવાની નથી. બેશક, લોકોએ એવા કામનો ઈરાદો કર્યો છે કે જેનો તેમને કોઈ હક નથી, જેના માટે તેમણે કલામે ખુદાની તાવીલ લીધી, અને તેને અલ્લાહે જૂઠલાવી દીધું અને તેમને દુનિયામાં થોડોક જ ફાયદો ઉપાડવા દીધો, પછી (આખેરતમાં) એમના માટે સખ્ત અઝાબની વ્યવસ્થા કરી દીધી. તેથી એ દિવસથી ડરો કે જે દિવસ માટે કોઈએ તો પોતાના સારા અમલથી પોતાની આકેબત સારી કરી લીધી હશે અને કોઈ લજ્જિત હશે કે જેણે શયતાનને પોતાના પર હાવી કરીને તેના નેતૃત્વને કબૂલ કરી લીધું હશે અને તેણે તેની સાથે વિવાદ પણ નહીં કર્યો હોય અને દુનિયાના ધોખામાં આવીને તેના પર સંતુષ્ટ થઈ ગયો હશે. તમે મને કુરઆનના ફેંસલા તરફ બોલાવી રહ્યા છો, જ્યારે કે હું જાણું છું તમે ન તો અહલે કુરઆન છો કે ન તમે તેના ચુકાદા પર અમલ કરવા ઈચ્છો છો. અલ્લાહ જ મદદ કરવાવાળો છે. અમે તમારી દાવતને નહીં, બલ્કે કુરઆન અને તેના ફેંસલાને કબૂલ કરીએ છીએ. અને જે હાકિમ કુરઆન પર રઝામંદ ન હોય, તે મોટી ગુમરાહીમાં સપડાયેલો છે." (ક્રમશઃ)





હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગોર પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૬૨

**જબ ફીરોઝે લિતી, હાથ શમશેરા,**
**તબ દુશ્મન મિલકર, દિયા રે ઘેરા.**

*(જ્યારે ફીરોઝ ગુલામે હાથમાં તલવાર લીધી, ત્યારે દુશ્મનોએ ભેગા મળીને ઘેરામાં લઈ લીધા.)*

**તબ અસદ તો ફીરોઝકી, મદદકું આએ,**
**સો બુખ્તરી સામી, એ ભી આએ સુણાએ.**

*(ત્યારે અસદ સાહેબ ફીરોઝ ગુલામની મદદ માટે આવ્યા, અને એ પણ બુખ્તરીની સામે આવ્યા, એવું સાંભળ્યું છે.)*

**ધસ અસદ તો આએ, જમણે પાસા,**
**સો દાએ રે આએ, ઘાવ કરને આશા.**

*(એકાએક હઝરત અસદ જમણી બાજુએ આવ્યા, અને જમણી બાજુ ઘા કરવાની આશાએ આવ્યા.)*

**સો ધસને નેઝા, એસા રે લગાયા,**
**સો ઝલક દે સુંસુરા, કાઢા રે સુણાયા.**

*(એકાએક આવીને એવી બરછી મારી કે ગળાની આરપાર નીકળી ગઈ, એવું સાંભળ્યું છે.)*

**તબ નેઝા તો અસદકે, હાથથી ગિરીયા,**
**સો તરવાર લેકર, સર કાટનેકા કરીયા.**

*(ત્યારે હઝરત અસદના હાથમાંથી બરછી પડી ગઈ, અને તલવાર લઈને માથું કાપવાનો વિચાર કર્યો.)*

**તબ અરઝોક હાશમકા, બેટા રે કહીએ**
**ઉને અસદકે ઉપર, ઘાવ ડાલા રે લહીએ.**

*(ત્યારે હાશમનો બેટો અરઝોક જે કહેવાય છે, તેણે હઝરત અસદ ઉપર ઘા કર્યો.)*

**તબ એક જ ઘાવસું, શહીદ રે કિતે,**
**યું અસદ તો શહીદ, હુવે રે સુણિતે.**

*(ત્યારે એક જ ઘાથી (આપ)ને શહીદ કર્યા, આવી રીતે હઝરત અસદ શહીદ થયા, એવું

*સાંભળ્યું છે.)*

**અને અબ્દુલ્લાહ રહે થે, શીસકે સામી,**
**જંગ ઉસસું થે કરતે, હો રે નામી.**

*(અને હઝરત અબ્દુલ્લાહ શીસની સામે લડવૈયા બનીને મશહૂર લડાઈ લડી રહ્યા હતા.)*

**તબ અબ્દુલ્લાહને, ગુસ્સા બોત રે ખાયા,**
**તબ શીસકા લશ્કર, ઉનું થી ભગાયા.**

*(ત્યારે હઝરત અબ્દુલ્લાહને ઘણો જ ગુસ્સો આવ્યો, ત્યારે શીસના લશ્કરને ત્યાંથી ભગાડી દીધું.)*

**દેખા અસદને ફીરોઝ, હેં ઘેરે માંહેં આએ,**
**તબ અબ્દુલ્લાહ ઉનુંકી, મદદકું સિધારે.**

*(જોયું કે અસદ અને ફીરોઝ ગુલામ ઘેરામાં આવી ગયા છે, ત્યારે હઝરત અબ્દુલ્લાહ તેમની મદદ માટે આવ્યા.)*

**આવ અસદકે બેરીકું, એક ઘાવસું ગિરાયા,**
**અને બુખ્તરીકે ઉપર, ઘાવ દુજા ભી કરાયા.**

*(હઝરત અબ્દુલ્લાહે આવીને અસદના દુશ્મનને એક જ ઘાથી (જમીન ઉપર) પાડી દીધો, અને બીજો ઘા બુખ્તરીના ઉપર પણ કર્યો.)*

**તબ ભાગા ભી લશ્કર, બુખ્તરી કેરા,**
**એ સુન સુન મોમિનો, ચંત દિયા સવેરા.**

*(ત્યારે બુખ્તરીનું લશ્કર પણ ભાગી ગયું, આ સાંભળીને મોમિનોએ જલ્દીથી વિચાર કર્યો.)*

**રેતૂહી**

**બુખ્તરી શીસ ભાગીયા,**
**લશ્કર લેકર જાય રે, લશ્કર લેકર જાય;**
**યું અબ્દુલ્લાહ મદદકું અસદકી,**
**ધસ કર બેગે આએ રે, ધસ કર બેગે આએ.**

*(બુખ્તરી અને શીસ બિન રબીયા લશ્કર લઈને ભાગી ગયા, અને આવી રીતે હઝરત અબ્દુલ્લાહ એકાએક જલ્દીથી હઝરત અસદની મદદે આવ્યા.)*

**બયાન નં. ૨૬૩**

**તબ અબ્દુલ્લાહકું અસદ, હુએ શહીદ દેખાએ,**
**સો દુરીજન મારકર, દૂર અનુંથી ભગાએ.**

*(જ્યારે હઝરત અબ્દુલ્લાહે હઝરત અસદને શહીદ થયેલા જોયા, ત્યારે દુશ્મનોને મારીને એમનાથી દૂર કરી દીધા.)*

**ભી અસદકે આગે, દેખા ફીરોઝ હેં ગિરીયા,**
**સો ચંતા હો સેતી, નજરું પડીયા.**

*(હઝરત અબ્દુલ્લાહે જોયું કે હઝરત અસદની આગળ ફીરોઝ ગુલામ દુઃખી હાલતમાં પડેલા નજરે જોયા.)*

**તબ અબ્દુલ્લાહને ફીરોઝકા, હાથ ખેંચ રે ઉચાયા,**
**અને ઘોડેકે ઉપર, અસવાર કરાયા.**

*(ત્યારે હઝરત અબ્દુલ્લાહે ફીરોઝ ગુલામનો હાથ પકડીને ઊંચા કર્યા, અને ઘોડા ઉપર સવાર કર્યા.)*

**તબ ઉસકું ઉંચાકર, અબ્દુલ્લાહ ચલીએ,**
**તબ ઘોડેને કેતને, કદમ રે ભરીએ.**

*(હઝરત અબ્દુલ્લાહ તેમને ઉઠાવીને ચાલતા થયા, ત્યારે ઘોડાએ કેટલાંક કદમ ભર્યાં હતાં,)*

**તબ ઘોડા તો ઠાડા, રહ્યા રે તાંહાં,**
**લાગે દોસો તીર, તનકે માંહાં.**

*(ત્યારે ઘોડો ત્યાં જ ઊભો થઈ ગયો, કેમ કે તેના શરીર પર ૨૦૦ તીર વાગેલાં હતાં.)*

**અને પ્યાસા થા ભૂખા, બોત રે દંના,**
**ભી અસવાર હોવડે, દો રે તંના.**

*(અને ઘણા દિવસથી ભૂખ્યો અને તરસ્યો પણ હતો, અને વળી, તેના ઉપર બે જણા સવાર થયા હતા.)*

**ઉસ કાજે ઘોડેકી, કુવ્વત રે ગહી,**
**તબ ઘોડા ગિરીયા, રણ માંહેં સહી.**

*(એ કારણે ઘોડાની તાકાત ન રહી, અને ઘોડો રણમેદાનમાં પડી ગયો.)*

**તબ અબ્દુલ્લાહ તો પ્યાદે, હુએ રે કહીએ,**
**અને ફીરોઝકું ઉતારે, ઘોડેથી લહીએ.**

*(ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઘોડા વગરના થઈ ગયા, અને ફીરોઝ ગુલામને ઘોડા ઉપરથી નીચે ઉતાર્યા.)*

**તબ ચચા રે ઉનુંકિ, આએ રે જાનો,**
**સો ઔન બિન અલી, પોંચીએ માનો.**

*(ત્યારે એમના કાકા કે જે ઔન બિન અલી હતા, તે આવી પહોંચ્યા.)*

**સો ભતીજેકું પ્યાદે, દેખ ચલકર આએ,**
**આપ ઉતરને અબ્દુલ્લાહ, અસવાર કરાએ.**

*(ભત્રીજાને પ્યાદા જોઈને રણમેદાનમાં આવ્યા, અને પોતે ઉતરીને હઝરત અબ્દુલ્લાહને સવાર કર્યા.)*

**યું અબ્દુલ્લાહ તો અસવાર, હોકર ચલીએ,**
**ઔન ઈબ્ને અલી, પ્યાદે ચલીએ મિલીએ.**

*(આવી રીતે હઝરત અબ્દુલ્લાહ ઘોડા ઉપર સવાર થઈને ચાલતા થયા, અને ઔન બિન અલી પ્યાદા ચાલવા લાગ્યા.)*

**અને ફીરોઝકું ઉનુંને, સાથ રે લિતા,**
**એ સુન સુન મોમિનો, ચંત એતના દિતા.**

*(અને ફીરોઝ ગુલામને તેમણે સાથે લીધા. આ સાંભળીને મોમિનોએ મનમાં આટલો વિચાર કર્યો.)*


**રેતૂહી**

**સુરીજન હાર પિછાન કર,**
**રાખો એક જ ચંત રે, રાખો એક જ ચંત;**
**તકદીર નાંહીં મિટતા,**
**હોકર ચલો નચંત રે, હોકર ચલો નચંત.**

*(સર્જનહાર અલ્લાહ તઆલાને ઓળખો અને વિચારો કે તે એક જ છે, કિસ્મતમાં લખેલું ક્યારેય ભૂસાવાનું નથી, માટે ચિંતા વગરના ન રહો.)*

# ગડમથલ

**૩૮૫** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) અવિવેકી, અવિનયી, અસભ્ય (૫)
(૪) હલનચલન, ગતિ, ચાલ (૪)
(૭) રુઆબદાર અવાજ, ધાક–ધમકી (૪)
(૯) અપ્રાપ્ય, અમૂલ્ય, કીમતી (૩)
(૧૧) નિમ્ન, નીચેનું, અધીન, અધિકાર (૩)
(૧૨) હાસ્ય, હસવું તે (૨)
(૧૪) શરીફ, કુલીન, ખાનદાન, ઉત્તમ (૩)
(૧૫) બુરખો, ઓઝલ, પડદો, ઘૂમટો (૩)
(૧૭) ઉપદેશ આપવો, સદુપદેશ આપવો (૪)
(૨૦) ફેરબદલ, ફેરફાર, ઉતારવું, નકલ કરવી (૩)
(૨૨) મસાલા વાટવા માટેનો પત્થર (૨)
(૨૪) ખુમારી, ઘમંડ, ગર્વ, નશો (૨)
(૨૬) સ્વભાવ, પ્રકૃતિ, આદત (૩)
(૨૮) છ પછી આવે, સપ્ત, એક સંખ્યા (૨)
(૨૯) કૃપા, મહેરબાની, દયા, ઉદારતા (૩)
(૩૦) વાતાવરણ, પર્યાવરણ, પરિવેશ (૨)
(૩૧) વાદળું, વ્યોમ (૩)
(૩૩) ચંદ્ર, ચાંદ, ચંદો (૩)
(૩૫) ઈન્કાર, નકાર, નિષેધ (૩)
(૩૬) તરસ, તૃષા, પ્યાસ (૩)

## ઊભી ચાવીઓ

(૧) અપકીર્તિ, બટ્ટો, લાંછન (૪)
(૨) અતિ ઉગ્ર લાલસા, પ્રબળ આતુરતા (૩)
(૩) ખેરાત, દાન, ધાર્મિક ટૅક્સ (૩)
(૫) યોગ્ય, ઉચિત, વાજબી, હલાલ (૨)
(૬) વિગતવાર વર્ણન, સવિસ્તાર વર્ણન (૪)
(૮) કૃપા, મહેરબાની, દયા (૪)
(૧૦) કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૧૨) સુંદર, સ્વરૂપવાન, રૂપાળું (૩)
(૧૩) પદાર્થપાઠ, શિક્ષા, ઉપદેશ, બોધ (૩)
(૧૪) મૌલા અલી (અ.)ના એક ભાઈનું નામ (૩)
(૧૬) કર્ણ, સાંભળવા માટેનું અંગ (૨)
(૧૮) લખાણ, લખવાની કામગીરી (૩)
(૧૯) વાતચીત કરવી, વાર્તાલાપ કરવો (૫)
(૨૧) નાજુક, સૂક્ષ્મ, કોમળ, મુલાયમ (૩)
(૨૩) સ્વાર્થ, હેતુ, અર્થ (૪)
(૨૫) દરવાજો, દ્વાર, બારણું (૨)
(૨૭) નાજુકતા, મૃદુતા (૪)
(૨૮) સઅદ, શુભ, કલ્યાણકારી, મંગળમય (૨)
(૩૧) અગિયાર પછી તે આવે (૨)
(૩૨) અય, હે, સંબોધન કરવા માટેનો શબ્દ (૧)
(૩૪) સ્પર્શ, ઘસવું તે, સ્પર્શ કરવો તે (૨)
(૩૭) એક પછી તે આવે (૧)

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા-૧૮

مرثیہ-۱۸

હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો

حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا
دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ

૧

آمد آمد حرمِ شاہ کی دربار میں ہے
صبح سے جشن کا غل شام کے بازار میں ہے
صحبتِ عیش و طرب مجلس غدّار میں ہے
شور فریاد و بُکا عترتِ اطہار میں ہے
نوبتیں بجتی ہیں، دشمن تو خوشی ہوتے ہیں
فاطمہؑ پیٹتی ہیں، شیرِ خدا روتے ہیں

(હઝરત ઈમામ હુસૈન (અ.)નાં હરમનું (યઝીદના) દરબારમાં આગમન છે. શામના બજારમાં સવારથી જ જશ્નનો શોર છે. ગદ્દારની સભામાં ખુશી અને મોજમસ્તીની મહેફિલ સજેલી છે, જ્યારે કે પાક અહલેબૈત (અ.)માં ફરિયાદ અને રુદનનો શોર છે. નોબતો વાગી રહી છે અને દુશ્મનો તો ખુશ થઈ રહ્યા છે, પરંતુ હઝરત બીબી ફાતેમા (અ.) માતમ કરી રહ્યાં છે અને શેરે ખુદા રડી રહ્યા છે.)

૨

آگے آگے تو ہیں سجّادؑ جھکائے گردن
پاؤں بیڑی میں، گلا طوق میں، گردن میں رسن
مثلِ خورشیدِ فلک شرم سے لرزاں ہے بدن
چاک ہے غم میں گریبانِ قبا تا دامن
بیٹھ جاتے ہیں تو جھنجلا کے اُٹھاتے ہیں لعیں
بوڑیاں نیزوں کی شانوں میں چبھاتے ہیں لعیں

(આગળ આગળ તો હઝરત સજ્જાદ (અ.) ગરદન ઝુકાવીને ઊભા છે. (આપ (અ.)ના) પગ બેડીમાં, ગળું તોકમાં અને ગરદનમાં રસ્સી છે. આસમાનમાં રહેલા સૂરજની માફક બદન શરમથી કંપી રહ્યું છે. ગમના લીધે કબા ગિરેબાનથી લઈને દામન સુધી ફાટેલી છે. આપ (અ.) બેસે છે તો લઈનો ગુસ્સો કરીને ઊભા કરી દે છે. દુશ્મનો આપ (અ.)ના ખભા પર નેઝાની અણીઓ ભોંકી રહ્યા છે.)

૩

پنڈلیاں سوجی ہیں اور طوق سے چھلتا ہے گلا — سخت ایذا میں ہے فرزند شۂ کرب و بلا
خار تلووں میں ہیں مقتل سے جو پیدل ہے چلا — دھجیاں پاؤں میں باندھے ہے وہ نازوں کا پلا
اس کی مظلومی پہ بیتاب حرم ہوتے ہیں
دیدۂ حلقۂ زنجیر لہو روتے ہیں

((ઈમામ (અ.)ના) પગની પિંડલીઓ સૂજી ગઈ છે અને તોકના લીધે ગળું છોલાય છે. શાહે કરબોબલાના ફરઝંદ સખત તકલીફમાં છે. આપ (અ.) મકતલથી પગપાળા ચાલ્યા છે, તો તેના લીધે પગની પાનીઓમાં કાંટા ખૂંપી ગયા છે. લાડકોડથી ઉછરેલા એ ઈમામ (અ.)એ પગમાં ચીંથરાં બાંધેલાં છે. તેમની આવી મઝલૂમી પર બીબીઓ બેચેન થઈ રહી છે. ઝંજીરના આંકડા પણ લોહીનાં આંસુ વહાવી રહ્યા છે.)

૪

پیچھے بیمار کے ہے قافلۂ اہلِ حرم — چپ ہیں تصویر سے گویا کہ کسی میں نہیں دم
دخترِ فاطمہؑ زہرا کا عجب ہے عالم — تھرتھری جسم میں ہے اُٹھ نہیں سکتے ہیں قدم
روکے فرماتی ہیں کس گوشے میں جائے زینبؑ
ہاتھ کھل جائیں تو منہ اپنا چھپائے زینبؑ

(બીમાર ઈમામ (અ.)ની પાછળ બીબીઓનો કાફલો છે, કે જેઓ તસ્વીરની માફક એવી રીતે ચૂપ છે કે જાણે કોઈનામાં જીવ જ ન હોય. બીબી ફાતેમા ઝહરા (અ.)નાં બેટી (બીબી ઝૈનબ (અ.))ની તો અજબ જ હાલત છે. શરીરમાં ધ્રુજારી છે અને પગ પણ ઉપડતા નથી. રડતાં રડતાં ફરમાવે છે કે, "ઝૈનબ કઈ તરફ જાય? જો હાથ ખોલવામાં આવે તો ઝૈનબ પોતાનો ચહેરો ઢાંકે.")

૫

کبھی سجادؑ سے کہتی ہیں بہ آہ و زاری — مجھ کو دربار کی آفت سے بچاؤ واری
کر کے زاری یہ بیاں کرتا ہے وہ آزاری — صبر فرماؤ جو مرضیِ جنابِ باری

کم نہ کچھ مرتبۂ آلِ عبا ہوئے گا
عاصیوں کا اسی پردے میں بھلا ہوئے گا

((હઝરત બીબી ઝૈનબ (અ.)) કોઈક વાર સજ્જાદ (અ.)ને રડતાં રડતાં કહે છે કે, “અય મારા પ્યારા! મને દરબારની આફતથી બચાવી લો.” તો રડતાં રડતાં તે બીમાર ઈમામ (અ.) ફરમાવે છે કે, “(અય ફૂફી!) સબ્ર કરો, જેવી અલ્લાહની મરજી. આલે અબા (અ.)નો મર્તબો કંઈ જ ઓછો થવાનો નથી. ગુનાહગારોની આ પડદાના કારણે જ ભલાઈ થશે.”)

گردنیں بارہ اسیروں کی ہیں اور ایک رسن
جس طرح ہوتے ہیں گلدستے میں گلہائے چمن
٦
رشتہ دارانِ علیؑ سب ہیں گرفتارِ محن
شرم کے مارے موئی جاتی ہے اک شب کی دلہن
دم بدم ساس بھی سر پیٹتی ہے ساتھ اس کے
ابھی کنگنا نہ کھلا تھا کہ بندھے ہاتھ اس کے

(બાર અસીરોની ગરદનો છે ને એક જ રસ્સી છે, જેવી રીતે ગુલદસ્તામાં બાગનાં ફૂલો હોય છે. મૌલા અલી (અ.) નાં સગાંવહાલાં દુઃખમાં સપડાયેલાં છે. એક રાતનાં દુલ્હન શરમનાં માર્યાં મરી રહ્યાં છે. તેમનાં સાસુ પણ વારંવાર તેમની સાથે સર પીટે છે. હજુ તો (શાદીનું) કંગન ખૂલ્યું પણ નહોતું કે તેમના હાથ રસ્સીથી બાંધવામાં આવ્યા.)

ہے اسی رسی میں ننھا سا سکینہؑ کا گلو
دم گھٹا جاتا ہے آنکھوں سے رواں ہیں آنسو
٧
چاک کُرتے کا گریباں ہے، پریشاں گیسو
سوجے تو گال ہیں کانوں سے ٹپکتا ہے لہو
آہ ہر گام پہ سینے سے نکل جاتی ہے
جب گھرکتے ہیں ستمگر تو دہل جاتی ہے

(આ જ રસ્સીમાં હઝરત બીબી સકીના (અ.)નું નાનકડું ગળું પણ બંધાયેલું છે. તેમનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે ને આંખોમાંથી આંસુ વહી રહ્યાં છે. કુર્તાનો ગિરેબાન ફાટી ગયો છે ને વાળ વિખરાયેલા છે. ગાલ સૂજી ગયા છે ને કાનોમાંથી લોહી ટપકી રહ્યું છે. ડગલે ને પગલે છાતીમાંથી હાયકારા નીકળી રહ્યા છે, અને દુશ્મનો જ્યારે ઘૂરે છે તો તેઓ કંપી જાય છે.)



Trusted Since 2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

ઈબ્ને કસીરની અલ–બિદાયા વ અલ–નિહાયાની રિવાયત છે કે હમ્ઝા મુશરિકોના વચ્ચે એક પ્રતિષ્ઠિત માણસની જેમ તેમને પોતાની તલવારથી કાપતા જતા હતા અને તેઓ તેમની સામેથી ભાગી રહ્યા હતા.

તબરીની રિવાયત છે કે, "રસૂલે અકરમ (સ.) ના મુહાજિર અને અન્સાર સહાબીઓ બધા જ આપ (સ.)નો સાથ છોડીને જતા રહ્યા. તેઓમાં ઉમર ઈબ્ને ખત્તાબ અને ઉસ્માન ઈબ્ને અફ્ફાન પણ હતા." ઉસ્તાદ હૈકલે પોતાની કિતાબ 'હયાતે મોહંમદ (સ.)'માં અબૂ બક્રનો પણ ઉલ્લેખ કર્યો છે.

તબરીએ પોતાની તારીખમાં જણાવ્યું છે કે, મોહંમદ ઈબ્ને ઈસ્હાકે કાસિમ ઈબ્ને અબ્દુર્રહમાનથી રિવાયત કરી છે કે, અનસ ઈબ્ને નઝએ ઉમર ઈબ્ને ખત્તાબ અને તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહથી, કે જેઓ ઓહદમાં મુહાજિરો અને અન્સારની એક જમાઅતની સાથે એક બાજુ હાથ લટકાવીને બેઠા હતા, કહ્યું, "તમે લોકો અહીં કેમ બેઠા છો?" તેઓ કહેવા લાગ્યા કે, "મોહંમદ રસૂલલ્લાહ (સ.)ને તો કતલ કરી દેવામાં આવ્યા છે." અનસે કહ્યું કે, "તો હવે આપ (સ.)ના પછી જીવતા રહીને શું કરશો? ઊભા થાઓ અને તેના ઉપર તમે પણ શહીદ થઈ જાઓ કે જેના ઉપર રસૂલલ્લાહ (સ.) શહીદ થઈ ગયા." પરંતુ તેઓ ટસના મસ ન થયા. તેથી અનસ તેમને મૂકીને જતા રહ્યા અને દુશ્મનોની વચ્ચે જઈને લડતા રહ્યા, એટલે સુધી કે કતલ થઈ ગયા.

તબરીએ પોતાની તારીખમાં જિલ્દ–૩, સફહા–૩૦ ઉપર આવો ઉલ્લેખ કર્યો છે: લોકોમાં એવી અફવા ફેલાઈ ગઈ કે હઝરત મોહંમદ (સ.)ને કતલ કરી દેવામાં આવ્યા છે, તો તે લોકો કે જે આપ (સ.)ને મૂકીને ભાગી ગયા હતા, અને જેમણે પર્વત ઉપર આશ્રય લીધો હતો, અને જેમનામાં અબૂ બક્ર અને ઉમર પણ શામેલ હતા, કહેવા લાગ્યા કે, "કાશ! અમારી પાસે અબ્દુલ્લાહ ઈબ્ને અબીના માટે એક કાસિદ હોત, કે જે અબૂ સુફયાનથી અમારા માટે અમાન મેળવી લે. અય કોમવાળાઓ!

હઝરત મોહંમદ (સ.) માર્યા ગયા તેથી તમે બધા પોતાના લોકોમાં પાછા જતા રહો, એ પહેલાં કે તેઓ આવીને તમને બધાને કતલ કરી નાખે.” ત્યારે અનસ ઈબ્ને નઝએ તેઓને કહ્યું કે, “અય લોકો! જો હઝરત મોહંમદ (સ.) કતલ થઈ ગયા છે, તો આપ (સ.)નો પરવરદિગાર તો કતલ નથી થયો ને? તમે લોકો પણ તેના માટે લડતા રહો કે જેના માટે હઝરત મોહંમદ (સ.) લડી રહ્યા હતા.” તેના પછી અનસ તેઓને મૂકીને જતા રહ્યા અને લડતા રહ્યા, એટલે સુધી કે તેઓએ શહાદત વહોરી લીધી. તેમને સિત્તેર ઘા વાગ્યા હતા અને તેમનું શરીર પાયમાલ થઈ ગયું હતું. જો તેમની બહેન તેમને ન ઓળખી કાઢત, તો મુસલમાનોમાંથી કોઈ પણ તેમને ઓળખી ન શકતો.

કેટલાક મુફસ્સિરોના મત મુજબ એ જ સમયે આ આયત નાઝિલ થઈ:

وَمَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ۚ أَفَإِنْ مَاتَ أَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلَىٰ أَعْقَابِكُمْ ۚ وَمَنْ يَنْقَلِبْ عَلَىٰ عَقِبَيْهِ فَلَنْ يَضُرَّ اللَّهَ شَيْئًا ۗ وَسَيَجْزِي اللَّهُ الشَّاكِرِينَ ﴿١٤٤﴾

*(હઝરત મોહંમદ (સ.) એક રસૂલ સિવાય કાંઈ નથી, તેમના પહેલાં બીજા રસૂલો પણ થઈ ગયા છે, પછી જો તે મરી જાય, અથવા તેમને કતલ કરી દેવામાં આવે, તો શું તમે લોકો પાછલા પગે ફરી જશો? યાદ રાખો, જે પાછલા પગે ફરી જશે, તે અલ્લાહનું કોઈ નુકસાન નહીં કરે, અને નજીકમાં જ અલ્લાહ શુક્ર કરનારાઓને સારો બદલો આપશે.)*

(સૂરા આલે ઈમરાન, આયત–૧૪૪)

આ વાત તો પોતાની જગ્યાએ બરાબર છે. અલબત્ત, તબરીની રિવાયત જે રીતે એ નથી દર્શાવતી કે અબૂ બક્ર આ લડાઈમાં ભાગી જનારા અને પીઠ દેખાડનારાઓમાં હતા, એવી જ રીતે તારીખે તબરી અને હદીસની કિતાબોમાં તેમનું વર્ણન લડાઈ કરનારાઓમાં અને રસૂલે અકરમ (સ.)થી દુશ્મનોને હટાવનારાઓમાં પણ કરવામાં આવ્યું નથી. હા, ઈબ્ને અબીલ હદીદે શર્હે નહ્જુલ બલાગાના ત્રીજા ભાગમાં જણાવ્યું છે કે, મુશરિકો સામેની પ્રથમ અથડામણના સમયે જ્યારે અબ્દુર્રહમાન ઈબ્ને અબૂ બક્રએ મુકાબલા માટે સાદ પાડ્યો, તો તે સમયે અબૂ બક્ર કે જે રસૂલે અકરમ (સ.)ની બાજુમાં હતા, બોલ્યા, “તેના માટે હું જાઉં, યા રસૂલલ્લાહ!?” રસૂલે અકરમ (સ.) એ તેમની તરફ જોઈને ફરમાવ્યું, “અય અબૂ બક્ર! બેસી રહો, અમારા માટે તમારો જીવ કીમતી છે.”

અલબત્ત, ઉસ્માન માટે તબરી વગેરેએ રિવાયત કરી છે કે તે અને અન્સારના બે માણસો ભાગ્યા અને ડરથી તેઓના ચહેરા ફિક્કા પડી ગયા હતા. જ્યારે રસૂલે અકરમ (સ.) મદીના પાછા આવ્યા, ત્યારે તેઓ ત્યાં આવ્યા, તો આપ (સ.) એ તેઓને કહ્યું, “તમે લોકો તો ક્યાંક વધારે જ દૂર જતા રહ્યા હતા.”

‘અબૂ બક્ર પણ રસૂલે અકરમ (સ.)ની પાસેથી

નાસી જનારાઓમાં હતા' વાતથી એ બાબત જાહેર થાય છે કે જે શર્હે નહ્જુલ બલાગાના ત્રીજા ભાગમાં છે, એટલે ઈબ્ને અબીલ હદીદ કહે છે કે, "હિ.સ. ૬૦૮માં જ્યારે હું ફકીહ મોહંમદ ઈબ્ને મઅદ અલવી મૂસવીને મળવા માટે બગદાદના મહોલ્લા દર્બુલ દવાબમાં તેમના મકાન ઉપર હાજર થયો, ત્યારે તેમની સામે એક વ્યક્તિ વાકદીની 'મગાઝી' વાંચી રહી હતી. તેથી તેણે વાકદીની તે હદીસ વાંચી કે જેમાં મોહંમદ ઈબ્ને સલમાનું બયાન છે કે મેં મારા બન્ને કાનોથી સાંભળ્યું અને મારી બન્ને આંખોએ જોયું કે ઓહદના દિવસે લોકો રસૂલે અકરમ (સ.)ની પાસેથી નાસી જઈને પર્વત ઉપર ચઢી ગયા હતા. આપ (સ.) તેમને સાદ પાડી પાડીને બોલાવી રહ્યા હતા કે, "અય ફલાણા! અય ફલાણા! અહીં મારી પાસે આવો, હું રસૂલલ્લાહ છું." પરંતુ તે બન્નેમાંથી કોઈ તેમની તરફ ન ગયા, બલ્કે બીજા લોકોની સાથે ભાગી ગયા. ઈબ્ને મઅદે મારી તરફ ઈશારો કરીને કહ્યું, "સાંભળો છો?" મેં કહ્યું, "શું વાત છે?" તેઓ બોલ્યા, "આ બન્ને (અબૂ બક્ર અને ઉમર)ની તરફ ઈશારો છે." મેં કહ્યું, "બની શકે છે કે તે બન્નેના સંદર્ભે ન પણ હોય. અને વધારે સંભવિત તો એ છે કે તે પેલા બેના સિવાય કોઈ બીજા બે હોય." તેમણે કહ્યું કે પેલા બેના સિવાય સહાબીઓમાંથી કોઈ એવો નથી કે જેના બારામાં કહેવાવાળો ભાગવું અથવા એ જાતના એબની વાત કરતાં કરતાં મજબૂરીમાં ટોણાથી કામ લે. મેં કહ્યું કે, સારું, તો આ એ જ બન્ને છે. એના પર તે બોલ્યા કે અરે, મૂકો તમારા વાદવિવાદ અને ઈન્કારને. તેના પછી તેમણે અલ્લાહની કસમ ખાઈને કહ્યું કે વાકદીનો ઈશારો પેલા બેના સિવાય કોઈ બીજાઓની તરફ નથી. જો પેલા બે સિવાય કોઈ બીજા હોત, તો તે સ્પષ્ટતાથી જણાવી દેત. તે સમયે તેમના ચહેરાથી જાહેર થઈ રહ્યું હતું કે તેમણે મારા ઈખ્તેલાફ કરવાથી ખોટું લગાડ્યું હતું."

ગમે તેમ પણ, ઘણાખરા ઈતિહાસકારો અને હદીસકારોએ સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે કે સખત મુસીબતભર્યા એ સમયમાં રસૂલે અકરમ (સ.)ની પાસે હઝરત અલી (અ.), હઝરત હમ્ઝા (અ.), મુહાજિરો અને અન્સારમાંથી થોડાક લોકોના સિવાય કોઈ પણ હાજર ન હતું કે એ હુમલાખોર ટોળાને દૂર ભગાડે કે જે રસૂલે અકરમ (સ.) ઉપર હુમલા કરી રહ્યું હતું અને જેનું લક્ષ્ય રસૂલે અકરમ (સ.) જ હતા. જો કે, આપ (સ.) લોકોને બોલાવી રહ્યા હતા કે, "અલ્લાહના બંદાઓ! મારી તરફ આવો." પરંતુ કોઈએ કાંઈ એ તરફ ધ્યાન આપ્યું નહીં.

ઉસ્તાદ હૈકલ લખે છે, "દરેક મુસલમાનને સૌથી મોટી ચિંતા એ હતી કે સૌપ્રથમ પોતાને બચાવી લે, સિવાય એના કે જે અલ્લાહના અમાનમાં હતા, જેમ કે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.)."

શર્હે નહ્જુલ બલાગામાં વાકદીથી લખવામાં

આવ્યું છે કે ઘણાખરા હદીસકારો જણાવે છે કે, જ્યારે રસૂલે અકરમ (સ.) પડી ગયા અને આપ (સ.)ને ઊભા કરવામાં આવ્યા, તો આપ (સ.)એ હઝરત અલી (અ.)ને ફરમાવ્યું, "આ જમાઅતથી મને બચાવો." તેથી હઝરત અલી (અ.)એ તેમના ઉપર હુમલો કર્યો અને તેમનામાંથી બની અસદ ઈબ્ને અબ્દુલ ઉઝ્ઝાના અબ્દુલ્લાહ ઈબ્ને હુમૈદને કતલ કર્યો. પછી એક બીજી ટુકડીએ રસૂલે અકરમ (સ.) ઉપર હુમલો કરી દીધો, તો આપ (સ.)એ હઝરત અલી (અ.)ને કહ્યું કે, "તેમની પણ ખબર લો." તો આપ (અ.)એ તેમના ઉપર હુમલો કરીને તેમને પણ વેરવિખેર કરી દીધા. અને તેમનામાંથી ઉમય્યા ઈબ્ને અબી હુઝૈફા ઈબ્ને મુગીરા મખ્ઝૂમીને કતલ કરી દીધો. હઝરત અલી (અ.) અને તેમના સાથીઓ તે લોકોથી એ જ રીતે લડતા રહ્યા અને તેમને ભગાડતા રહ્યા, એટલે સુધી કે તે દુશ્મનોને આપ (સ.)ની આસપાસથી હટાવી દીધા અને આપ (સ.)ને તેમનાથી બચાવી લીધા. હવે રસૂલે અકરમ (સ.) પર્વતની એ ટોચની તરફ ચાલ્યા કે જ્યાં મુસલમાનોની એક મોટી જમાઅત ભાગીને આશ્રય લઈ રહી હતી. તે બધાને ખાતરી હતી કે રસૂલે અકરમ (સ.) માર્યા ગયા છે. અમે જણાવી દીધું છે એમ, હવે તે લોકોને અબૂ સુફ્યાન અને કુરૈશની મહેરબાનીઓ કેવી રીતે મેળવવી તેના સિવાય બીજી કોઈ વાતની ચિંતા ન હતી. હવે જ્યારે તેમણે રસૂલે અકરમ (સ.)ને પોતાની તરફ આગળ વધતા જોયા, તો સમજ્યા કે કુરૈશીઓમાંથી કોઈ મેદાન છોડી જનારાઓનો પીછો કરી રહ્યું હશે. તેથી એક વ્યક્તિએ પોતાના કામઠામાં તીર જોડ્યું અને નિશાન તાકવા ચાહ્યું. એવામાં અચાનક તેના કાને રસૂલે અકરમ (સ.)નો આવો અવાજ પડ્યો, "અફસોસ છે તમારા ઉપર, હું અલ્લાહનો રસૂલ છું." જે પ્રમાણે ઈતિહાસકારોનું કહેવું છે તેમ, તે બધા જ એ જોઈને સ્તબ્ધ થઈ ગયા કે રસૂલે અકરમ (સ.) હજુય જીવતા અને સલામત છે.

લડાઈના એ બીજા પડાવમાં કે જ્યારે મુશરિકોએ પોતાની જાતને સારી રીતે સંભાળી લીધી હતી, ઘણા મુસલમાન બહાદુરો શહીદ થઈ ગયા હતા. તેમનામાં સૌથી અનોખા હઝરત હમ્ઝા (અ.) હતા કે જેમના વિષે ઈતિહાસકારો એવું કહે છે કે, "જ્યારે તેઓ જંગ માટે નીકળતા, તો કોઈ આંખ તેમની તલવારની ધારને જોઈ જ શકતી ન હતી, કેમ કે તેઓ તલવારને પોતાના હાથથી લોકોના માથા અને ખોપરીઓ ઉપર ઊડતી વીજળીની જેમ ચલાવતા હતા અને મુશરિકોને મરણતોલ કરી દેતા હતા. જ્યારે તેઓ હુમલો કરતા અને આગળ વધતા, તો લોકોને ઉપરથી નીચે સુધી ચીરતા જતા અને અંગોને વાઢતા જતા. જે પણ તેમનો સામનો કરતું, તેને મોતને ઘાટ ઉતારી દેતા અને તેનાં અંગો વેરવિખેર કરી દેતા. (ક્રમશઃ)

# الإرشاد
# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ     ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)**

(ગતાંકનું ચાલુ)

## ઈમામ મૂસા કાઝિમ (અ.)ના મોઅજિઝાઓ અને આપ (અ.)ની ઈમામતની નિશાનીઓ

આના પછી મેં તેમને કેટલાક પ્રશ્નો કર્યા. તેઓ ઈલ્મનો કદી ખતમ ન થનારો સમંદર હતા. મેં પ્રશ્ન કર્યો, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, આપના શીઆઓ (ઈમામની ગેરહાજરીમાં) ઓછા થતા જાય છે. જો આપ રજા આપો તો હું તેમને હકીકતની જાણ કરું અને આપની ઈતાઅત કરવા કહું. આપની રજા એટલા માટે જરૂરી છે કે આપે આ બાબતને ખાનગી રાખવાનું વચન લીધું છે."

"આ બાબત તમે જે નેક મોમિનોને જાણતા હો તેમને જ જણાવો," આપ (અ.)એ જવાબ આપ્યો, "પરંતુ જેમને તમે આ બાબત જણાવો તેમનાથી કસમ લઈ લેજો કે તેઓ આ વાતને ખાનગી રાખે, કારણ કે જો આ વાતો જાહેર થઈ જશે, તો કત્લેઆમ થશે." પછી આપ (અ.)એ પોતાની ગરદન તરફ ઈશારો કર્યો.

આપ (અ.)ની પાસેથી ઊઠીને હું અબૂ જાફર અહ્વાલની પાસે ગયો.

"તમારી હાલત કેવી છે?" તેમણે પૂછ્યું.

"મને હિદાયત મળી છે," મેં જવાબ આપ્યો અને આખો બનાવ કહી સંભળાવ્યો.

પછી અમારી મુલાકાત ઝુરારા અને અબૂ બસીર સાથે થઈ. આ લોકો પણ ઈમામ મૂસા કાઝિમ (અ.)ની પાસે ગયા અને આપ (અ.)ને પ્રશ્નો કરીને હિદાયત મેળવી. તે બન્નેએ આપ (અ.)ની ઈમામતને સ્વીકારી લીધી. તે પછી અમારી મુલાકાત ઘણા લાકોથી થઈ. જે લોકો આપ (અ.)ની પાસે ગયા, તે બધાએ આપ (અ.)ની ઈમામતની ખાતરી કરી, સિવાય કે અમ્માર સાબાતીના ટોળાએ. અબ્દુલ્લાહ (ઈમામ મૂસા કાઝિમ (અ.)ના ભાઈ) પણ પોતાની ઈમામતનો દાવો કરતા જ રહ્યા, પણ ખૂબ ઓછા મુસલમાનોએ તેમની ઈમામતને સ્વીકારી.

અબૂ કાસિમે જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને કૂલૂયા મને મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી અને

તેમણે અલી ઈબ્ને ઈબ્રાહીમના હવાલાથી અને તેમણે રાફીઈના હવાલાથી જણાવ્યું કે,

મારા (રાફીઈના) કાકા, કે જેમનું નામ હસન ઈબ્ને અબ્દુલ્લાહ હતું, તેમની ગણતરી તેમના સમયના ઝોહદ કરનારા અને ઈબાદતગુઝાર લોકોમાં થતી હતી. હુકૂમત તેમની બાબતે સાવધાન રહેતી હતી, કેમ કે દીની મામલાઓમાં તેમની ઉત્સુકતા અને જોશનો તોટો ન હતો. ઘણી વાર તેમને કોઈ વસ્તુ પસંદ ન આવતી તો સત્તાધારી લોકોને અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કરની હિદાયત કરવા પહોંચી જતા. તેમની સત્યનિષ્ઠાને કારણે સત્તાધારી લોકો પણ તેમની વાતને માની લેતા હતા.

આવું ચાલી રહ્યું હતું કે એક દિવસ તેઓ એક મસ્જિદમાં ગયા, ત્યાં ઈમામ મૂસા કાઝિમ (અ.) હાજર હતા. આપ (અ.)એ ઈશારાથી મારા કાકાને બોલાવ્યા અને મારા કાકા આપ (અ.)ની પાસે ગયા.

ઈમામ મૂસા કાઝિમ (અ.)એ તેમને કહ્યું કે, "જ્યારે હું તમારી વર્તણૂક નિહાળું છું ત્યારે મારા આનંદની કોઈ સીમા નથી હોતી. આમ છતાંય, તમને માઅરેફતનો સાચો રસ્તો મળી શક્યો નથી. તમે માઅરેફતના સાચા માર્ગની શોધખોળ કરો."

"હું આપના ઉપર કુરબાન થઈ જાઉં," તેમણે પ્રશ્ન કર્યો, "મને એ જણાવો કે માઅરેફતનું ઈલ્મ કેવી રીતે મળે?"

"માઅરેફતનું ઈલ્મ તમે હદીસોથી મેળવી શકો છો," ઈમામ (અ.)નો જવાબ હતો.

"એ તાલીમ કોનાથી મળશે?" તેમણે પૂછ્યું.

"મદીનાના ફુકહાથી તમને આ ઈલ્મ મળી શકે છે," આપ (અ.)એ જવાબ આપ્યો. "હદીસોનું ઈલ્મ મેળવીને તમે મારી પાસે આવજો."

તેઓ મદીના ગયા અને ત્યાં ફકીહોથી જે હદીસોનું ઈલ્મ તેમને મળતું હતું, તેને લખતા જતા હતા. ઈલ્મ હાસિલ કરીને તેઓ પાછા (ઈમામ (અ.)ની પાસે) આવ્યા અને તેમણે લખેલી હદીસો કહી સંભળાવી. ઈમામ મૂસા કાઝિમ (અ.)એ તે બધી હદીસોને રદબાતલ ઠેરવી. આપ (અ.)એ ફરી હુકમ આપ્યો કે પાછા જાઓ અને ઈલ્મ હાસિલ કરો.

તે માણસને પોતાના દીન વિષે ચિંતા થવા લાગી. જ્યારે તેઓ સાચું ઈલ્મ મેળવવામાં નિષ્ફળ રહ્યા, તો ફરીથી ઈમામ મૂસા કાઝિમ (અ.)ને શોધતા આવ્યા. આપ (અ.) પોતાની એક મિલ્કત પરથી મદીના પાછા આવી રહ્યા હતા. રસ્તામાં આપ (અ.)ની મુલાકાત તેમનાથી થઈ. તેમણે આપ (અ.)ને કહ્યું, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, હું અલ્લાહ તઆલાથી દુઆ કરી રહ્યો હતો કે આપનાથી મુલાકાત થઈ જાય, આપ જ મારું માર્ગદર્શન કરો અને મને માઅરેફતનું ઈલ્મ આપો."

ત્યારે અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)એ તેમને ચોખવટથી જણાવ્યું કે, "અમીરુલ મોમિનીનને એવા અધિકારો આપવામાં આવ્યા છે

કે જેમને સમજવા અને તેમના ઉપર કામ કરવું ઘણું જરૂરી છે." આપ (અ.)એ તેના પછી ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.), ઈમામ અલી ઈબ્નુલ હુસૈન (અ.), ઈમામ મોહંમદ ઈબ્ને અલી (અ.) અને ઈમામ જાફર ઈબ્ને મોહંમદ (અ.)ની ઈમામત અને દરજ્જાઓ વિષે જણાવ્યું અને પછી શાંત થઈ ગયા.

આ સાંભળીને હસન ઈબ્ને અબ્દુલ્લાહે આપ (અ.)ને પૂછ્યું કે, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, મને જણાવો કે હાલના સમયમાં ઈમામ કોણ છે?"

"જો હું આનો જવાબ આપું તો શું તમે મારાથી નિકટ થઈ જશો?"

"જી હા." જવાબ મળ્યો.

"હું હાલના સમયનો ઈમામ છું," આપ (અ.) એ કહ્યું.

"શું તેની કોઈ સાબિતી છે?" તેણે પ્રશ્ન કર્યો.

આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "ફલાણા વૃક્ષ પાસે જાઓ." અને ઉમ્મે ગૈલાનના એક વૃક્ષની તરફ ઈશારો કર્યો અને આગળ ફરમાવ્યું કે, "તેને કહો કે મૂસા ઈબ્ને જાફરે હુકમ આપ્યો છે કે તેમની નજીક જા."

તેમણે જણાવ્યું હતું તે વૃક્ષ પાસે હું ગયો અને મેં જોયું કે તે જમીન ઉપર ઘસડાતું ઘસડાતું આગળ વધ્યું અને ઈમામ (અ.)ની પાસે આવીને ઊભું રહ્યું. પછી આપ (અ.)એ તેને પાછા જવાનો ઈશારો કર્યો તો તે પાછું જતું રહ્યું.

આપ (અ.)એ તેને કહ્યું, "તમારા પર મૌન અને ઈબાદત જરૂરી છે." ત્યાર પછી કોઈએ તેમને વાત કરતાં જોયા ન હતા.

અહમદ ઈબ્ને મેહરાને મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી અને તેમણે અબૂ બસીરના હવાલાથી જણાવ્યું છે કે તેઓ કહેતા હતા કેઃ

"મેં (અબૂ બસીરે) અબુલ હસન ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ને કહ્યું કે, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, મને જણાવો કે તે કઈ વસ્તુ છે કે જેનાથી ઈમામને ઓળખી શકાય છે?"

"ઈમામમાં વિશિષ્ટ ખાસિયતો હોય છે," જવાબ મળ્યો.

"પ્રથમ ખાસિયત એ છે કે તેમના વાલિદે પોતાના બીજા સંતાનો કરતાં તેમને વધુ પ્રાથમિકતા આપી હશે અને તેમના પછી તેઓ અલ્લાહની હુજ્જત છે તેને સ્પષ્ટ કર્યું હશે. જ્યારે તેમનાથી કંઈ પણ પૂછવામાં આવે છે, તો તેઓ દરેક સવાલનો જવાબ આપી શકે છે. જો કોઈ તેમનાથી વાત કરવામાં ખચકાય, તો તેઓ એ પણ જણાવી શકે કે કાલે શું થવાનું છે, અને દરેક લોકોને તેમની ભાષામાં જવાબ આપી શકે છે," ઈમામ (અ.)એ આગળ ફરમાવ્યું.

પછી આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "અય અબૂ બસીર! તમારા જતાં પહેલાં હું તમને એક નિશાની બતાવીશ."

હજુ તો થોડી જ વાર થઈ હતી એટલામાં ખુરાસાનમાં રહેનારો માણસ ત્યાં આવી ગયો. ખુરાસાનીએ આપ (અ.)ની સાથે અરબીમાં વાતચીત કરી અને અબુલ હસન (અ.)એ તેને ફારસીમાં જવાબ આપ્યો.

"અલ્લાહ ગવાહ છે કે મેં આપની સાથે ફારસીમાં એટલા માટે વાતચીત નહોતી કરી, કેમ કે મને એમ હતું કે આપને ફારસી સારી રીતે નહીં આવડતી હોય," ખુરાસાનીએ કહ્યું.

"અલ્હમ્દોલિલ્લાહ," આપ (અ.)એ જવાબ આપ્યો. "જો હું ફારસીમાં સ્પષ્ટપણે તમને જવાબ ન આપી શકતો, તો મને તમારા ઉપર શ્રેષ્ઠતા અને વડપણ ન મળ્યું હોત. બેશક, ઈમામની મોટી ખાસિયત એ છે કે બીજા લોકોથી તે દરેક રીતે શ્રેષ્ઠ હોય છે."

પછી આપ (અ.)એ કહ્યું, "ઈમામથી લોકોની કોઈ પણ ભાષા ગુપ્ત નથી હોતી. ઈમામ તો પક્ષીઓની ભાષા પણ જાણતા હોય છે. અને દરેક હયાત મખ્લૂકની ભાષાના પણ જાણકાર હોય છે."

અબ્દુલ્લાહ ઈબ્ને ઈદરીસે ઈબ્ને સિનાનના હવાલાથી જણાવ્યું કે તેઓ કહે છે કેઃ

એક દિવસ હારૂન રશીદે થોડાંક કપડાં અલી ઈબ્ને યક્તીનને આબરૂ વધારવા ખાતર મોકલ્યાં. તે કપડાંમાં કાળા રંગનું એક કાપડ પણ હતું કે જેના ઉપર સોનાનું ભરતકામ કરેલું હતું. એ પ્રકારનાં કપડાં સામાન્ય રીતે બાદશાહો માટે જ બનતાં હતાં. આ કપડાં અલી ઈબ્ને યક્તીને ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની સેવામાં મોકલ્યાં. તે કપડાં સાથે તે કાળું કાપડ પણ હતું કે જેના ઉપર સોનાનું ભરતકામ થયેલું હતું. તેની સાથે સાથે તેમાં ખુમ્સની રકમ પણ હતી, કે જે ઈમામનો હક હોય છે. જ્યારે આ વસ્તુઓ ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની પાસે પહોંચી, તો આપ (અ.)એ ખુમ્સની રકમ અને કપડાં લઈ લીધાં અને તે સોનાના ભરતકામવાળું કાળું કપડું તે સંદેશાવાહકના હાથે પાછું મોકલી દીધું અને અલી ઈબ્ને યક્તીનને આવો સંદેશો મોકલ્યોઃ

આ કાપડને તમે તમારી પાસે સુરક્ષિત રાખો, કેમ કે એક સમય એવો પણ આવશે કે જ્યારે તમને હારૂન રશીદ સંબંધી એક બાબતમાં તે સોનાના કાપડની જરૂર પડશે.

અલી ઈબ્ને યક્તીનને તે કાપડ પાછું આવવા બાબતે શંકા થઈ અને તે તેના પાછળની હિકમત સમજી ન શક્યો. થોડા દિવસો પછી અલી ઈબ્ને યક્તીન પોતાના એ ખાદિમથી કે જે તેમનો ઘણો વફાદાર માનવામાં આવતો હતો, નારાજ થઈ ગયા અને તે ખાદિમ તેમની નોકરી છોડીને જતો રહ્યો. ખાદિમ તે વાત સારી રીતે જાણતો હતો કે અલી ઈબ્ને યક્તીને ઈમામ મૂસા કાઝિમ (અ.)ની ઈતાઅત કરી લીધી છે. તે આ વાસ્તવિકતાને પણ જાણતો હતો કે અલી ઈબ્ને યક્તીને ખુમ્સની રકમ

અને બીજો સામાન ઈમામ મૂસા કાઝિમ (અ.)ની પાસે મોકલ્યો છે. તેણે હારૂન રશીદની પાસે જઈને આ બનાવ જણાવી દીધો. તેણે હારૂન રશીદને એ પણ જણાવ્યું કે અલી ઈબ્ને યક્તીને ઈમામ મૂસા કાઝિમ ઈબ્ને જાફર (અ.)ની બૈઅત કરી લીધી છે અને તેમને ખુમ્સની રકમ નિયમિતપણે મોકલતા રહે છે. તેણે આ પણ જણાવ્યું કે તે સોનાના ભરતકામવાળું કાપડ કે જે હારૂન રશીદે ખાસ કરીને તેમને મોકલ્યું હતું, તે પણ ઈમામ મૂસા કાઝિમ (અ.)ને આપી દેવામાં આવ્યું છે. આ સાંભળીને હારૂન રશીદ ધૂંઆપૂંઆ થઈ ગયો અને તેણે ગુસ્સામાં કહ્યું, "હું આ રહસ્યને જાહેર કરી દઈશ અને જે તેં જણાવ્યું, તે જો સાચું હોય, તો હું તેને મોતને ઘાટ ઉતારી દઈશ."

ખલીફાએ અલી ઈબ્ને યક્તીનને તરત જ પોતાની પાસે બોલાવ્યા. જ્યારે તેમને લાવવામાં આવ્યા, તો ખલીફાએ સવાલ કર્યો, "તમે તે કાળા વસ્ત્રનું શું કર્યું કે જે મેં તમને આપ્યું હતું?"

"અમીરુલ મોમિનીન! તે વસ્ત્ર મારી પાસે પેટીમાં સુરક્ષિત છે. અને તેના ઉપર મેં અત્તર છાંટ્યું છે. દરરોજ સવારે પેટી ખોલીને તેને જોઉં છું અને રૂહાની લિજ્જત માણું છું. હું તેને ચૂમું છું અને પછી મૂકી દઉં છું. અને રોજ સાંજે પણ એમ જ કરું છું."

"તેને તરત જ લઈ આવો," ખલીફાએ હુકમ આપ્યો.

"જી હા, અમીરુલ મોમિનીન!" જવાબ મળ્યો.

પછી અલી ઈબ્ને યક્તીને પોતાના એક ખાદિમને કહ્યું કે, "ફલાણા ઓરડામાં જાઓ અને મારા રખેવાળ પાસેથી ચાવી માગીને ઓરડો ખોલજો. ત્યાં એક પેટી હશે. તે તાળાવાળી બંધ પેટી હશે. તે પેટીને અહીં લઈ આવો."

ખાદિમ જતો રહ્યો અને થોડી વાર પછી પેટી લઈને પાછો આવ્યો. તેણે તે પેટી હારૂન રશીદની સામે મૂકી. પેટીનું તાળું ખોલવામાં આવ્યું, જ્યારે પેટી ખોલી, તો હારૂન રશીદે જોયું કે તેમાં તે કાળું વસ્ત્ર અકબંધ છે અને તેમાંથી અત્તરની ખુશબૂ આવી રહી છે.

હારૂન રશીદનો ગુસ્સો ઠંડો પડી ગયો અને તેણે અલી ઈબ્ને યક્તીનને કહ્યું, "તે વસ્ત્રને પેટીમાં મૂકી દો અને તેને પાછું લઈ જાઓ. મને તમારા ઉપર વિશ્વાસ છે. હવે મને તમારા ઉપર કોઈ શંકા રહી નથી. તમારા બારામાં હું કદી કોઈ બાતમીદાર અથવા જાસૂસની વાત ઉપર વિશ્વાસ નહીં કરું." હારૂન રશીદે અલી ઈબ્ને યક્તીનને વધુ ભેટો આપી અને તે બાતમીદારને એક હજાર ચાબૂક મારવાની સજા કરી. હજુ તો તેને એકસો જ ચાબૂક ફટકારવામાં આવ્યા હતા કે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. (ક્રમશઃ)

# AZADAR TOUR'S
## HAJJ UMRAH & ZIYARAT

# બુકિંગ શરૂ છે.

**ઝિયારત**
- ઇરાક - ઈરાન
- 10 મોહર્રમ કરબલામાં
- 24 થી 26 દિવસ

**ઝિયારત**
- ઇરાક - ઈરાન
- 25 મોહર્રમ કરબલામાં
- 24 થી 26 દિવસ

**ઝિયારત**
- ઇરાક - ઈરાન
- અર્બઈન કરબલામાં
- 24 થી 26 દિવસ

**ઉમરા**
- મક્કા - મદીના
- સપ્ટેમ્બર 2025
- 14 થી 16 દિવસ

## અમો દર વર્ષે નીચે પ્રમાણેની ટૂરોનું આયોજન કરીએ છીએ

**ઇરાક - ઈરાન**
- મોહર્રમ
- અર્બઈન
- શાબાન
- ઉનાળુ વેકેશન
- દિવાળી વેકેશન

**મક્કા - મદીના**
- સપ્ટેમ્બર
- નવેમ્બર
- જાન્યુઆરી
- એપ્રિલ

## નીચેની સેવાઓ ઉપલબ્ધ છે.

એર ટીકીટ | વિઝા | હોટલ બુકિંગ | લેન્ડ પેકેજ | કેટરિંગ | કરન્સી એક્સચેન્જ

**મૌલવી સાહેબ અબ્બાસઅલી જી. સલેમા (હરિપુરા)**
**+91 94285 85392**

**અહેસાનઅલી મોમિન સેમસંગ (વસો)**
**+91 98986 22429**

**અકબરહુસૈન એ. સલેમા (હરિપુરા)**
**+91 63594 82707**

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
‘રિસાલા હુકૂક’ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## એનો હક કે જેણે તમારી સાથે બુરાઈ કરી હોય

وَاَمَّا حَقُّ مَنْ سَآءَكَ الْقَضَآءُ عَلٰى يَدَيْهِ بِقَوْلٍ اَوْ فِعْلٍ فَاِنْ كَانَ تَعَمَّدَهَا كَانَ الْعَفْوُ اَوْلٰى بِكَ لِمَا فِيْهِ لَهُ مِنَ الْقَمْعِ وَحُسْنِ الْاَدَبِ مَعَ كَبِيْرٍ اَمْثَالِهِ مِنَ الْخَلْقِ فَاِنَّ اللّٰهَ يَقُوْلُ وَلَمَنِ انْتَصَرَ بَعْدَ ظُلْمِهِ فَاُولٰٓئِكَ مَا عَلَيْهِمْ مِّنْ سَبِيْلٍ اِلٰى قَوْلِهِ لَمِنْ عَزْمِ الْاُمُوْرِ وَقَالَ عَزَّ وَجَلَ وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهِ وَلَئِنْ صَبَرْتُمْ لَهُوَ خَيْرٌ لِّلصَّابِرِيْنَ هٰذَا فِى الْعَمْدِ فَاِنْ لَّمْ يَكُنْ عَمْدًا لَّمْ تَظْلِمْهُ بِتَعَمُّدِ الْاِنْتِصَارِ مِنْهُ فَتَكُوْنَ قَدْ كَافَاْتَهُ فِىْ تَعَمُّدٍ عَلٰى خَطَآءٍ وَّرَفَقْتَ بِهِ وَرَدَدْتَهُ بِاَلْطَفِ مَا تَقْدِرُ عَلَيْهِ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

*પરંતુ એનો હક કે જેણે વાણી કે વર્તન વડે તમારી સાથે બુરાઈ કરી છે, તો જો તેણે જાણીજોઈને એવું કર્યું હોય, તો બહેતર એ છે કે તેનાથી દરગુઝર કરો કે જેથી દુશ્મનીનું મૂળ જ કપાઈ જાય અને ખલ્કે ખુદામાંથી એના જેવા જેટલાય લોકો છે તેમની સાથે અખ્લાકથી પેશ આવો, કેમ કે ખુદાવંદે આલમનો ઈર્શાદ છે, “જેણે પોતાના ઉપર જુલ્મ થઈ ગયા પછી ઈન્તેકામ લઈ લીધો, તેના પર કોઈ ઈલ્ઝામ નથી... બેશક, આ ખૂબ હિંમતવાળાં કામોમાંથી એક છે.” પછી ફરમાવ્યું, “જો સજા આપો તો એવી જ સજા કે જેવી તમને આપવામાં આવી હોય, પરંતુ જો તમે સબ્ર કરો તો એ સાબિરોના માટે બહેતર છે.” આ ત્યારે કે જ્યારે જાણીજોઈને બદી કરવામાં આવે. પરંતુ જો એણે જાણીજોઈને બદી ન કરી હોય, તો તમે જાણીજોઈને તેના પર જુલ્મ ન કરો. જો તમે જાણીજોઈને તેની સાથે બદી કરશો, તો ખતાકાર ગણાશો. જ્યાં સુધી થઈ શકે, તેની સાથે નરમીથી વર્તન કરો અને તેની સાથે મોહબ્બતભર્યો વ્યવહાર કરો. નથી કોઈ કુવ્વત સિવાય અલ્લાહની.*

આ હકનો ખુલાસો એ છે કે જો તમારી સાથે કોઈએ બદતમીઝી કરી હોય, તો તેની બે જ શક્યતાઓ છે: એક, જાણીબુઝીને કરી હોય, તો બહેતર છે કે તેને માફ કરી દો, એ શર્તે કે તે માફીથી

ખોટો ફાયદો ન ઉઠાવે; અને બે, જો ભૂલથી બદતમીઝી કરી હોય, અને તમે તેને સજા આપવા માગતા હો, તો તે એક વગર ઈરાદે કરેલ કાર્યના મુકાબલામાં ઈરાદાપૂર્વક કરેલ કાર્ય હશે. બહેતર તો એ છે કે કૃપા અને મહેરબાનીની સાથે તેની ભૂલને માફ કરી દો.

**માફી અને દરગુઝરીની દાવત**

એવા લોકો ઘણા ઓછા હોય છે કે જેમનાથી ભૂલચૂક, ગલતી અને સંદેહ ન થયો હોય અને જેમનાથી બીજાઓના હક્કોનું દમન ન થયું હોય. જો દરેક આદમી એવું નક્કી કરી લે કે તેને જ્યારે પણ તક મળશે, ત્યારે એનો બદલો લેશે તો આ પરંપરા આગળ વધતી જ રહેશે, અને રોજબરોજ તેમાં અતિશયતા પેદા થતી ચાલી જશે, કેમ કે ઈન્તેકામી હુમલાઓ કેવા અને કેટલા પ્રમાણમાં હશે તેના પર કાબૂ મેળવી નથી શકાતો, બલ્કે જે હુમલો પ્રતિક્રિયારૂપે હોય છે તેમાં વધારે અતિશયતા હોય છે. બીજું, માની લો કે જો તેનો અંદાજ લગાવવો શક્ય પણ હોય, તો તેનો વળતો હુમલો તેના પ્રતિસ્પર્ધીને તેણે આચરેલા જુલ્મ કરતાં વધારે જ લાગશે અને તે વળી પાછો એનો બદલો લેવા ઈચ્છશે અને આ રીતે આ વિષચક્ર શરૂ થઈ જશે. ફિત્ના-ફસાદ અને ઈન્તેકામની આગને માત્ર માફી, દરગુઝરી અને ચશ્મપોશી જ હોલવી શકે છે. જો આપણે સાચી રીતે તહ્કીક અને પૃથક્કરણ કરીએ, તો માલૂમ પડશે કે ઈન્તેકામ લેવામાં ઈન્તેકામ લેનાર માટે કોઈ ચીજ એવી નથી હોતી કે જે બૌદ્ધિકરીતે ફાયદામંદ હોય, માત્ર થોડાક સમય પૂરતો તેને એક સંતોષ થઈ જતો હોય છે, અને ક્યારેક પોતાના ચડિયાતા હોવાનો ખોટો ભ્રમ પેદા થતો હોય છે; જ્યારે કે માફી આપવામાં અને દરગુઝર કરવામાં વાસ્તવિક સુકૂન અને આરામ રહેલો છે. ઈસ્લામી દૃષ્ટિએ, ખાસ કરીને કુરઆનમાં, આ વિષયની તરફ માર્મિક ઈશારો થયેલ છે અને તેને ઈસ્લામી કર્તવ્ય ગણવામાં આવ્યું છે. અમે પોતાની આ ચર્ચાની શરૂઆતમાં એ આયતને બયાન કરીશું કે જેને ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ પોતાના કલામમાં બયાન કરી છે.

**મોમિનો પાસે મદદ માગવી**

મદદ તલબ કરવી મોમિનની નિશાની છે. સૂરા શૂરામાં ઈર્શાદ છે:

وَالَّذِينَ إِذَا أَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنتَصِرُونَ ﴿٣٩﴾

*(અને એ લોકો કે જેમના પર જુલ્મ થાય છે, તો તેઓ તેને સહન નથી કરતા, બલ્કે બીજાઓની મદદ માગે છે.)*

(સૂરા શૂરા, આયત-૩૯)

સ્પષ્ટ છે કે એ લોકોએ મદદ કરવી જોઈએ કે જેમનાથી મદદ માગવામાં આવી રહી છે. મઝલૂમની ફરજ છે કે તે જાલિમની સામે લડવા તૈયાર રહે અને બીજા મોમિનોની એ ફરજ છે કે તેઓ તેની મદદ કરે. આ બાબત સૂરા ઈન્ફાલમાં બયાન થઈ છે:

وَاِنِ اسۡتَنۡصَرُوۡكُمۡ فِى الدِّيۡنِ فَعَلَيۡكُمُ النَّصۡرُ

*(દીનની હિફાઝત માટે તેઓ તમારાથી મદદ માગે, તો તમે તેમની મદદ કરો.)*

(સૂરા ઈન્ફાલ, આયત–૭૨)

આ સકારાત્મક અને રચનાત્મક મનસૂબો જાલિમોને ખબરદાર કરે છે કે તેઓ એ જાણી લે કે મોમિનો પોતાના હમમઝહબ પર થનાર જુલ્મ અને સખ્તી પર ખામોશ નહીં બેસે. સૂરા શૂરામાં પત્થરનો જવાબ પત્થરથી આપવાની બાબતમાં ઈર્શાદ છે:

وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثۡلُهَا ۚ فَمَنۡ عَفَا وَاَصۡلَحَ فَاَجۡرُهٗ عَلَى اللّٰهِ ؕ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيۡنَ ﴿۴۰﴾

*(બદીની સજા એના જેવી જ બદી છે, તેથી જે આદમી માફ કરી દે છે, અને ઈસ્લાહ (સુધારણા) કરી દે છે, તો તેનો બદલો ખુદા પર છે, અને ખુદા જાલિમોને દોસ્ત નથી રાખતો.)*

(સૂરા શૂરા, આયત–૪૦)

જાલિમની દરેક ગતિવિધિને જુલ્મ જ ઠેરવવી જોઈએ, કે જેમ આ આયતમાં બયાન થયું છે, પરંતુ એની સજા ફક્ત બુરાઈ જ નથી, જો કે, મજકૂર આયતમાં સજાની જ વાત છે. અહીં સંકેતરૂપે મુકાબલાનું સૂચન થયું છે અથવા આ વાત જાલિમના દૃષ્ટિકોણથી બયાન થઈ છે. એટલે તેને જે સજા આપવામાં આવે છે તે તેને બૂરી સમજે છે, અને એ પણ હોઈ શકે છે કે સજામાં ઈજા અને પીડા હોય છે, જે સ્વાભાવિક રીતે જ ખરાબ માલૂમ પડે છે; જો કે, કિસાસના સમયે જાલિમને સજા આપવી યોગ્ય અને ઉત્તમ બાબત છે. આ આયત સૂરા બકરાની આ આયતને મળતી આવે છે:

فَمَنِ اعۡتَدٰى عَلَيۡكُمۡ فَاعۡتَدُوۡا عَلَيۡهِ بِمِثۡلِ مَا اعۡتَدٰى عَلَيۡكُمۡ ۚ وَاتَّقُوا اللّٰهَ وَاعۡلَمُوۡٓا اَنَّ اللّٰهَ مَعَ الۡمُتَّقِيۡنَ ﴿۱۹۴﴾

*(તો જેણે તમારા વિરુદ્ધ હદ વટાવી, તો તમે પણ તેના વિરુદ્ધ એવી જ રીતે હદ વટાવો કે જેવી રીતે તેણે તમારા વિરુદ્ધ હદ વટાવી છે, અને તમે તકવો કરો અલ્લાહનો, અને જાણી લો કે અલ્લાહ તકવો કરનારાઓની સાથે છે.)*

(સૂરા બકરા, આયત–૧૯૪)

મદદ માગવી એબ નથી. કુરઆનમાં ઈર્શાદ છે:

وَلَمَنِ انۡتَصَرَ بَعۡدَ ظُلۡمِهٖ فَاُولٰٓئِكَ مَا عَلَيۡهِمۡ مِّنۡ سَبِيۡلٍ ﴿۴۱﴾

*(અને જે શખ્સ પોતાના ઉપર જુલ્મ થયા પછી મદદ માગે છે, તેનો કોઈ અપરાધ નથી.)*

(સૂરા શૂરા, આયત–૪૧)

**માફી આપવી અને દરગુઝર કરવું એક બહેતરીન તરીકો**

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) બીજી આયત બયાન ફરમાવે છે:

وَلَمَنۡ صَبَرَ وَغَفَرَ اِنَّ ذٰلِكَ لَمِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ ﴿۴۳﴾

*(પરંતુ જે મઝલૂમ સબ્ર કરે છે અને જુલ્મ કરવાવાળાને માફ કરી દે છે, તો એ બહેતરીન કામ છે.)*

(સૂરા શૂરા, આયત–૪૩)

عَزۡم અર્થાત્ કોઈ કાર્યને પૂર્ણ કરવાનો ઈરાદો

કરવો, બલ્કે, મજબૂત અને પાકટ ઈરાદાને અઝ્મ કહે છે.

આપ (અ.)એ બીજી આયત સૂરા નહલની બયાન કરી છે:

وَإِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوا بِمِثْلِ مَا عُوقِبْتُمْ بِهِ ۖ وَلَئِنْ صَبَرْتُمْ لَهُوَ خَيْرٌ لِلصَّابِرِينَ ﴿١٢٦﴾

*(અને જો એને સજા જ આપવા ઈચ્છતા હો, તો એટલી જ સજા આપો જેટલો તમારા પર અત્યાચાર કર્યો હોય, અને જો સબ્ર કરો તો એ કામ સબ્ર કરવાવાળાઓ માટે બહેતર છે.)*

(સૂરા નહલ, આયત–૧૨૬)

કેટલીક રિવાયતોમાં બયાન થયું છે કે આ આયત જંગે ઓહદમાં નાઝિલ થઈ હતી. જ્યારે રસૂલલ્લાહ (સ.)એ પોતાના કાકા હમ્ઝા (અ.)ના શરીરને કાન અને નાક કપાયેલું જોયું તો ખૂબ જ દુ:ખી અને ગમગીન થયા, અને ફરમાવ્યું, "અય અલ્લાહ! સઘળી તારીફ તારા માટે જ છે અને તને જ શિકાયત કરવામાં આવી શકે છે અને જે હું જોઈ રહ્યો છું, તેના પર તારાથી જ મદદ માગી શકાય તેમ છે." પછી ફરમાવ્યું, "જો હું તેમના પર ગાલિબ આવી ગયો, તો તેમનાં નાક–કાન કાપીશ." સિત્તેર વખત આ શબ્દો દોહરાવ્યા, એટલે સુધી કે રસૂલલ્લાહ (સ.) પર આ આયત નાઝિલ થઈ, તો આપ (સ.)એ ફરમાવ્યું કે, "હું સબ્ર કરીશ, હું સબ્ર કરીશ."

(તફસીરે નમૂના, જિલ્દ–૧૧, સફહા–૪૫૭)




93 74 729 429 76 98 273 440

**તુરાબ**

ટ્રેડર્સ & સિમેન્ટ પ્રોડકટ

અમારે ત્યાં દરેક પ્રકારની સિમેન્ટ આઇટમો મળશે.

- સિમેન્ટના ઠેફા (ઠેબા)
- પિરામિડ થાંભલા
- ફેનસિંગ, GEB ના થાંભલા
- બારી, કુંડી, ચુલા, કુંડા
- થાંભલા તાર, કરબિન બ્લોક
- ડ્રેગન ફ્રૂટ ના થાંભલા
- સાદા બાંકડા, ટાઈલ્સ બાંકડા

કાકોશી-સિધ્ધપુર રોડ, સુપર બજાર પાસે, મક્તબા ચોકડીની નજીક, 384151

# તહ્ઝીબુલ ઈસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૨

## પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ

(ગતાંકનું ચાલુ)

### (૮) સોનાચાંદીનાં ઘરેણાં પોતે પહેરવાં અને સ્ત્રીઓ અને બાળકોને પહેરાવવાં

સહીહ હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે લોકોએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "નાબાલિગ બાળકોને સોનાનાં ઘરેણાં પહેરાવવાં જોઈએ?" ફરમાવ્યું કે, "હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) પોતાનાં બાળકો અને સ્ત્રીઓને સોનાનાં ઘરેણાં પહેરાવતા હતા."

બીજી હદીસમાં છે કે આપ (અ.)એ આવી જ વાત પોતાના પિતા હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ના વિષે ફરમાવી છે.

સહીહ હદીસમાં સ્ત્રીઓને સોનાચાંદીનાં ઘરેણાં પહેરાવવાની બાબતમાં આપ (અ.)એ ફરમાવ્યું છે કે, "કંઈ વાંધો નથી."

એક મોઅતબર હદીસમાં એ જ હઝરતથી મન્કૂલ છે કે રસૂલે ખુદા (સ.)ની તલવારની મ્યાનનો છેડો અને હાથો ચાંદીનો હતો. મ્યાનની વચમાં પણ ચાંદીના પટ્ટા પડેલા હતા અને એ હઝરત (સ.)ના બખ્તર મુબારકમાં પણ ચાંદીના બે પટ્ટા આગળની તરફ અને બે પટ્ટા પાછળની તરફ પડેલા હતા.

હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, જિબ્રઈલ (અ.) જે ઝુલ્ફિકાર રસૂલે ખુદા (સ.) માટે લાવ્યા હતા, તેનો વચલો ભાગ અને હાથો, વગેરે ચાંદીકામથી શણગારેલો હતો.

હદીસે હસનમાં એ જ બુઝુર્ગથી રિવાયત છે કે, "ચાંદીસોનાથી તલવારને શણગારવી એમાં કંઈ વાંધો નથી."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)ની મુબારક તલવાર ચાંદીથી શણગારેલી હતી."

એક મોઅતબર હદીસમાં ફરમાવ્યું છે કે,

"કુરઆને મજીદ અને તલવારને સોના કે ચાંદીથી શણગારવામાં કંઈ વાંધો નથી."

વિશ્વાસપાત્ર સનદથી હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સ્ત્રીઓએ હંમેશાં ઘરેણાં પહેરવાં જોઈએ."

મોઅતબર હદીસમાં ફઝલ ઈબ્ને યસારથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "જે ખુરશી પર સોનું ચઢાવવામાં આવ્યું હોય, તેને ઘરમાં રાખી શકાય?" ઈર્શાદ ફરમાવ્યો કે, "જો સોનું હોય તો નથી રાખી શકાતી. હા, જો સોનાનો ગિલેટ હોય તો કોઈ વાંધો નથી.""

બીજી હદીસમાં એ જ હઝરતથી નકલ કરવામાં આવ્યું છે કે, "સ્ત્રીઓએ ઘરેણાં વગર રહેવું યોગ્ય નથી. ઓછામાં ઓછો ગળામાં એક હાર જ હોય, અને એ પણ યોગ્ય નથી કે એમના હાથો મેંદી વગરના હોય, ભલે ને પછી તે કેટલીય ઘરડી કેમ ન હોય."

મોઅતબર રિવાયતમાં લખ્યું છે કે, "દાંતોને સોનાના તારથી બાંધવા જાઈઝ નથી. વળી ઉત્તમ એ છે કે પુરુષ સોનાનાં ઘરેણાંથી દૂર રહે, એટલે સુધી કે તલવાર અને કુરઆને મજીદ ઉપર ન ચઢાવે."

**(૯) સુરમો લગાવવાના આદાબ**

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, રસૂલે ખુદા (સ.) સૂતી વખતે એકી સંખ્યામાં સળી બન્ને આંખોમાં લગાવ્યા કરતા હતા."

મોઅતબર હદીસમાં હસન ઈબ્ને જુહૈમથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું એક દિવસ હઝરત ઈમામ અલી રઝા (અ.)ની સેવામાં હાજર થયો. આપ (અ.)એ મને લોખંડની સળી અને હાડકાની સુરમાદાની બતાવીને ફરમાવ્યું, "આ હઝરત મૂસા કાઝિમ (અ.)ની છે, તો આ સળીથી સુરમો લગાવી દો." જેથી હું હુકમ બજાવી લાવ્યો."

સહીહ સનદમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "રાત્રે સુરમો લગાવવો ફાયદાકારક છે અને દિવસમાં શોભાનું કારણ."

બીજી મોઅતબર હદીસમાં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સુરમો લગાવવાથી મોઢામાં સુગંધી પેદા થાય છે અને પાંપણો મજબૂત થઈ જાય છે."

ભરોસાપાત્ર સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સુરમો લગાવવાથી મોઢામાં સુગંધી પેદા થાય છે."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "સુરમો લગાવવાથી નવી પાંપણો પેદા થાય છે, દૃષ્ટિ તેજ થાય છે અને સજ્દાને લંબાવવામાં મદદ મળે છે."

એક બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "સુરમો આંખોની ચમક પેદા કરે છે અને પાંપણો પેદા કરે છે અને આંખોમાંથી પાણી વહેવાનું દૂર કરે છે."

બીજી રિવાયતમાં છે કે, "સુરમો લગાવવાથી

જાતીયશક્તિ વધે છે." એમ પણ ફરમાવ્યું છે કે, "જે વ્યક્તિ દરેક રાત્રે એવો સુરમો લગાવતો રહે કે જેમાં મુશ્ક (કાળાશ) ન હોય, તો તેની આંખોમાં કદી પાણી નહીં ઊતરે."

મોઅતબર હદીસમાં હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ સુરમો લગાવે, તો એકી સંખ્યાની સળીઓનો હિસાબ રાખે, અને એના વિરુદ્ધ પણ થાય, તો કંઈ વાંધો નથી."

સહીહ હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે "રિસાલત મઆબ (સ.) ઊંઘતાં પહેલાં ચાર સળીઓ જમણી આંખમાં અને ત્રણ સળીઓ ડાબી આંખમાં લગાવતા હતા."

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ચાર વસ્તુઓથી ચહેરા પર રોનક આવે છે: (૧) સુંદર ચહેરો (૨) વહેતું પાણી (૩) લીલોતરી (૪) જાગતા હોય તો આ ત્રણ વસ્તુઓથી; અને સૂતી વખતે સુરમો લગાવવાથી."

હઝરત ઈમામ રઝા (અ.)થી મન્કૂલ છે કે, "જે માણસ ખુદા અને કયામતના દિવસ પર ઈમાન લાવ્યો હોય, તેના માટે જરૂરી છે કે સુરમો લગાવ્યા કરે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સૂતી વખતે સુરમો લગાવવાથી આંખોમાં પાણી ઊતરતું નથી."

હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિની દૃષ્ટિ નબળી પડી ગઈ હોય, તો તેના માટે જરૂરી છે કે જમણી આંખમાં ચાર અને ડાબી આંખમાં ત્રણ સળીઓ (સુરમાની) લગાવ્યા કરે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.) સૂતી વખતે બન્ને આંખોમાં ત્રણ ત્રણ સળીઓ લગાવ્યા કરતા હતા." બીજી રિવાયતમાં આવ્યું છે કે, "આપ (સ.) ત્રણ સળીઓ જમણી આંખમાં અને બે સળીઓ ડાબી આંખમાં લગાવ્યા કરતા હતા."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "મિસ્વાક (દાતણ) કરવું જરૂરી છે કે તેનાથી આંખોમાં રોશની વધે છે અને એવી રીતે સુરમો લગાવવો પણ જરૂરી છે કે તેનાથી મોઢામાં સુગંધી પેદા થાય છે, કેમ કે મિસ્વાક (દાતણ)થી કફ દૂર થાય છે અને મગજ અને આંખોની તરફનું વધારાનું પાણી નીકળી જાય છે. આ જ કારણથી આંખોની રોશની વધે છે અને સુરમો લગાવવાથી આંખોનું વધારાનું પાણી રોકાઈ જાય છે અને મોઢાના માર્ગથી નીકળી જાય છે અને એ કારણે મોઢામાં સુગંધી પેદા થાય છે."

ફિકહે રઝામાં નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે સુરમો લગાવવાનો ઈરાદો કરે, તો સળી જમણા હાથમાં લઈને સળી સુરમાદાનીમાં નાખે અને બિસ્મિલ્લાહ કહે અને જ્યારે આંખમાં સળી

લગાવવાનો ઈરાદો કરે, તો આ દુઆ પઢે:

اَللّٰهُمَّ نَوِّرْ بَصَرِیْ وَاجْعَلْ فِیْهِ نُوْرًا اَبْصُرُ بِهٖ حَقَّكَ وَاهْدِنِیْ اِلٰی طَرِیْقِ الْحَقِّ وَاَرْشِدْنِیْ اِلٰی سَبِیْلِ الرَّشَادِ، اَللّٰهُمَّ نَوِّرْ عَلَیَّ دُنْیَایَ وَاٰخِرَتِیْ

(અય અલ્લાહ! મારી આંખો નૂરાની કર. વળી એમાં એવું નૂર આપ કે મને તારો હક નજર આવે. મને રાહે હકની હિદાયત ફરમાવ. નેક માર્ગ પર ચાલવાની તૌફીક આપ. અય અલ્લાહ! દુનિયા અને આખેરતમાં મારા માટે નૂર અને રોશની હોય.)”

મકારિમુલ અખ્લાકમાં રિવાયત છે કે સુરમો લગાવતી વખતે આ દુઆ પઢે:

اَللّٰهُمَّ اِنِّیْٓ اَسْاَلُكَ بِحَقِّ مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ اَنْ تُصَلِّیَ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاَنْ تَجْعَلَ النُّوْرَ فِیْ بَصَرِیْ وَالْبَصِیْرَةَ فِیْ دِیْنِیْ وَالْیَقِیْنَ فِیْ قَلْبِیْ وَالْاِخْلَاصَ فِیْ عَمَلِیْ وَالسَّلَامَةَ فِیْ نَفْسِیْ وَالسَّعَةَ فِیْ رِزْقِیْ وَالشُّكْرَ لَكَ اَبَدًا مَّآ اَبْقَیْتَنِیْ

(યા અલ્લાહ! મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.)નો જે હક તારા પર છે, હું તેના વસીલાથી સવાલ કરું છું કે મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.) પર તારી રહમત વરસાવ કે મારી આંખોમાં નૂર, મારા દીનમાં બસીરત (અંતરદૃષ્ટિ), મારા દિલમાં યકીન, મારા અમલમાં નિખાલસતા, મારા નફસમાં સલામતી, મારી રોજીમાં વિશાળતા અર્પણ કર અને જ્યાં સુધી જીવતો છું, મને તારા શુક્રની તૌફીક આપ.)


Sparkwell
The Heart of every Kitchen.

ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો
લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક
**Sparkwell Hot Plate**



| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |

રસોડાની શાન


FREE

9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઈલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

#### માણસ

ઈસ્લામ જે રીતે અલ્લાહ વિષે — જેવો તે તેની ઝાતમાં, તેની વહદાનિયતમાં, તેની અનંતતામાં, અને તેની સારાઈમાં છે તેવો — ચર્ચા કરે છે, તે જ રીતે, માણસને પણ, તે જેવો તેના મૂળ અને અપરિવર્તનશીલ અસ્તિત્વ (ફિતરત)માં છે તેવો, સંબોધે છે. માણસ, ઈસ્લામની નજરમાં, ધરતી પર રહેલો અલ્લાહનો 'ખલીફા' (પ્રતિનિધિ) પણ છે અને તેનો 'અબ્દ' (બંદો) પણ છે. આ બે એકસાથે મળીને માણસની મૂળભૂત પ્રકૃતિ (ફિતરત) ની રચના કરે છે. તેના બંદા તરીકે માણસે હંમેશાં તેની મરજીને આધીન રહેવું જોઈએ. અલ્લાહની મરજીની સામે તેણે સંપૂર્ણ રીતે તસ્લીમ રહેવું જોઈએ, જેથી તે તેની પાસેથી પોતાના જીવન માટેની દિશા અને તેની મરજીને આ કાએનાતમાં કેવી રીતે પાર પાડી શકાય તે માટેના આદેશો પ્રાપ્ત કરી શકે. તેના ખલીફા તરીકે, તે સંપૂર્ણ રીતે સક્રિય હોય તે બાબત ખૂબ જરૂરી છે, ખાસ તો એટલા માટે કે તે આ દુનિયામાં અલ્લાહનો પ્રતિનિધિ છે. તે એવો સેતુ છે કે જે ધરતી અને આકાશને જોડે છે, તે એવું માધ્યમ છે કે જેના વડે આ દુનિયામાં અલ્લાહની મરજી પ્રતિત થાય છે અને આકાર પામે છે.

ઈસ્લામ સામાન્ય રીતે માણસને એક જ સમયે બુદ્ધિ અને ઈચ્છા ધરાવનાર તરીકે જુએ છે, પરંતુ મુખ્યત્વે બુદ્ધિશાળી વુજૂદ તરીકે સંબોધે છે. ઈસ્લામ માણસને — ઈસાઈ મઝહબમાં સેં. ઓગસ્ટિનના અર્થઘટનને અનુસરતા ફિરકાની માન્યતાની જેમ — મૂળ ગુનાહના કારણે વિકૃત થઈ ગયેલી ઈચ્છા ધરાવનાર વ્યક્તિ તરીકે નથી જોતો, પરંતુ તેને એ ફિતરતમાં જુએ છે કે જેમાં અલ્લાહે તેને એ સમજવા માટે બુદ્ધિ આપી કે અલ્લાહ તેનો રબ છે, અને તે વાહિદ છે, કે જેથી તે તેની વહદાનિયતની ગવાહી આપે. અને તેથી જ તો જેમ કુરઆનમાં આવ્યું છે તેમ, અલ્લાહ મનુષ્યજાતને દુનિયાના સર્જનનાય પહેલાં સંબોધે છે અને પૂછે છે,

"શું હું તમારો રબ નથી?" અને મનુષ્યજાત જવાબ આપે છે, "કેમ નહીં! અમે ગવાહી આપીએ છીએ."[1] માણસના આ 'કેમ નહીં!'માં માણસ અને અલ્લાહ વચ્ચે થયેલો એક આદિકાળનો 'મિસાક' (કરાર) જોવા મળે છે, કે જેના દ્વારા માણસ અલ્લાહની રુબૂબિય્યતને સ્વીકારે છે, અને તેનો અર્થ એ પણ છે કે તે જન્મજાત (ફીતરી) રીતે જ વહદાનિયતની ગવાહી ધરાવે છે. તોહીદની ગવાહી, કહી શકાય કે, માણસના મૂળ સ્વભાવમાં જ છે અને ઈસ્લામ પોતે તે ઊંડા અને મૂળભૂત સ્વભાવને સંબોધે છે, કે જે — જો કે, 'ગફ્લત' અને 'અનાનિય્યત' (હુંપાણું) નાં સ્તરો વડે ઘેરાયેલો છે છતાંય — દરેક મનુષ્યના દિલ (ઝમીર)માં મોજૂદ હોય જ છે. અને ઈચ્છા સંબંધે ઈસ્લામ ચાહે છે કે માણસ તેની ઈચ્છાને અલ્લાહની મરજી આગળ સમર્પિત કરે, કારણ કે આમ કરવાથી જ તે એવું જીવન જીવવા સક્ષમ બને છે કે જેના પરિણામે તે આ દુનિયામાં અને આખેરતમાં સુખી થશે.

આ સંદર્ભમાં એ બાબત યાદ રાખવી અગત્યની છે કે ઈસ્લામ 'મૂળ ગુનાહ' જેવી કોઈ બાબતને સ્વીકારતો નથી; હા, તે માણસની ફીતરી અને સંપૂર્ણતાની એ મૂળ હાલત કે જેમાં તેનું સર્જન કરવામાં આવ્યું, તેમાંથી તેના પતનને જરૂર સ્વીકારે છે. ઈસ્લામ અનુસાર, માણસનો સૌથી મોટો ગુનોહ ખરેખર તેની ગફ્લત છે, અને રિસાલતના નાઝિલ થવાનો મુખ્ય મકસદ માણસને યાદ અપાવવું છે. તેથી જ, કુરઆનનું પોતાનું જ એક નામ 'ઝિક્રુલ્લાહ' (અલ્લાહની યાદ) પણ છે, અને સઘળા ઈસ્લામી અરકાન અને ઈસ્લામ સાથે સંબંધિત સઘળા મામલાઓમાં છેવટનો ઉદ્દેશ અને હેતુ અલ્લાહની યાદ અપાવવાનો છે. માણસમાં રહેલી આ ફિતરત તો વાસ્તવમાં ઈલાહી એકત્વનો જ એકરાર કરે છે અને તેની જ ગવાહી આપે છે; પરંતુ, ચોકસાઈપૂર્વક એવું કહી શકાય કે માણસના પતનના કારણે, માણસની ઈચ્છા ભેળસેળયુક્ત થઈ ગઈ છે, એ રીતે કે તે અલ્લાહને છોડીને અભિલાષાઓને આધીન થઈ ગઈ છે. તેથી જ અલ્લાહે શરીઅતમાં સમાવિષ્ટ એવા કવાઈદ અને અહ્કામને નાઝિલ કર્યા.

શરીઅતને નાઝિલ જ એટલા માટે કરવામાં આવી કે જેથી માણસની અભિલાષાઓને અંકુશમાં રાખે અને તેની ઈચ્છાને, અભિલાષાઓના ગૂંચવડામાંથી મુકત થયેલી બુદ્ધિના આધીન બનાવે; પરિણામે, જેવી રીતે અકલે સલીમ અલ્લાહની વહદાનિયતને કબૂલ કરે છે, તેવી રીતે ઈચ્છા તેની શર્તોને અનુસરે છે. આ બાબત એક એવા જીવનમાં પરિણમે છે કે જે વાહિદ (અલ્લાહ)ના હુકમોનું પાલન કરી તેની મરજી અનુસાર જીવવામાં આવ્યું હોય.

કુરઆનની તાલિમાત અને આ તાલિમાતના પુષ્ટિ કરતી હદીસો અનુસાર,, અલ્લાહે માણસને માટીમાંથી બનાવ્યો છે અને પછી તેમાં તેની રૂહને ફૂંકી છે, "મેં તેનામાં મારી રૂહને ફૂંકી."[2] માણસ વાનરમાંથી નથી ઊતરી આવ્યો, માણસ માણસ છે.

1 સૂરા અઅરાફ, આયત–૧૭૨

2 સૂરા સાદ, આયત–૭૨

તે રૂહાની આલમમાંથી નાઝિલ થયો છે. આપણી રૂહ અલ્લાહથી સંબંધિત છે, અને તેની તરફ જ પાછી ફરનારી છે. અલ્લાહની નજરમાં સૌથી મોટો ગુનોહ શિર્ક એટલે કે અલ્લાહની ઝાતમાં શરીક ઠેરવવો છે. આ ગુનોહ પોતે પણ આપણા મૂળથી આપણી ગફલતને પરિણામે છે. આપણે આપણા મૂળથી ગફલતની સાથેસાથે અલ્લાહની વહદાનિયતથી પણ ગાફિલ થઈ ગયા છીએ અને તેની અનન્યતાને નકારીએ છીએ. ઈસ્લામ ઈસાઈ અને અન્ય મઝહબો કરતાં ગુનાહના મહત્ત્વને ઓછું નથી આંકતો, પરંતુ તે ગુનાહના અર્થને ઈસાઈ મઝહબની જેમ નથી લેતો અને એવું નથી માનતો કે માણસ મૂળ સ્વભાવે જ ગુનાહગાર છે. ઈસ્લામમાં સૌથી પહેલો ગુનોહ સર્વશક્તિમાન અને સઘળું જાણનાર અલ્લાહની તોહીદથી ગાફિલ થઈ જવાના પરિણામે, અને બીજો તેની તોહીદની શર્તોથી ગાફિલ થઈ જવાના પરિણામે સામે આવે છે, જે તેના હુકમોની નાફરમાનીમાં, અને ઈલાહી સત્તા સામેની સરકશીમાં પરિણમે છે. ઈસ્લામ ઈલાહી સત્તા સામે સરકશી અને બગાવત કરવાના વિચારનો સંપૂર્ણ વિરોધ કરે છે એટલું જ નહીં, બલ્કે તે તો તે સત્તાને આધીન રહેવાનો દીન છે. તેથી, જે પ્રકારની શંકા અને વ્યક્તિત્વવાદી સરકશી પ્રાચીન ગ્રીસ અને મધ્યયુગ પછીના યુરોપમાં ઘણાં વર્તુળોમાં જોવા મળે છે, અને જે આ સમયગાળાના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે, તે બાબત ઈસ્લામમાં જોવા નથી મળતી.

ઈસ્લામમાં માણસ વિષે એવો ખ્યાલ નથી બાંધવામાં આવતો કે તે ટાઈટેનિક[1] અને પ્રોમેથિયન[2] પ્રકૃતિ ધરાવનારો છે, કે જેણે ઈલાહી સત્તાની સામે નિડરતાથી સરકશી કરી હોય. બલ્કે આનાથી વિપરિત, તે વિનમ્રતા દાખવનારો છે, અલ્લાહના 'અબ્દ' (બંદા) તરીકે; તેની ફઝીલત કંઈ તેના આપબળે નથી, બલ્કે અલ્લાહના ખલીફા હોવાની હેસિયતથી, અને કાએનાતના માલિકની મરજીને પૂરી કરવાની કાબેલિયત ધરાવનાર હોવાની હેસિયતથી છે. આ બાબત તવાઝો તેમ જ અલ્લાહના ઝિક્રમાં જીવન પસાર કરવાથી, અને આ દુનિયામાં અલ્લાહની હિકમત તથા તાકાતને પ્રતિબિંબિત કરનારી મખ્લૂક તરીકેના અમલથી હાસિલ થાય છે. તેથી ઈસ્લામી સાહિત્યમાં માણસને 'અશ્રફુલ મખ્લૂકાત' (સર્જનોમાં સૌથી ઉમદા) તરીકે સંબોધવામાં આવ્યો છે. જો કે, અલ્લાહ દ્વારા સર્જન પામેલી હોઈ સઘળી મખ્લૂકાત ઉમદા છે, અને તે ઈલાહી હિકતમના એક પાસાને પ્રતિબિંબિત કરે છે. જો કે, માણસ એ અર્થમાં 'અશ્રફુલ મખ્લૂકાત' છે કે તે સૌથી વધુ સીધી રીતે ઈલાહી હિકમતને, અને સૌથી સંપૂર્ણ રીતે ઈલાહી નામો તથા સિફતોને પ્રતિબિંબિત કરે છે. (ક્રમશઃ)

---

1 Titanic: ટાઈટેનિક અને પ્રોમેથિયન ગ્રીક માયથોલોજી સાથે સંકળાયેલી બે પરિભાષાઓ છે. આ બન્ને ઈલાહી સત્તા સામે અનાદર કરવાના પ્રતીક છે. ટાઈટેનિક એ વિદ્રોહનો ઉલ્લેખ કરે છે, જે ગ્રીક ટાઈટન્સ દ્વારા પ્રેરિત છે જેમણે ઈલાહી સત્તાનો વિરોધ કર્યો હતો. જેનો શાબ્દિક અર્થ રાક્ષસ થાય છે.

2 Promethean: પ્રોમિથિયન એ પ્રોમિથિયસ દ્વારા પ્રેરિત છે, જેમણે ઈલાહી સત્તાની અવજ્ઞા કરી હતી.

# અરકા મલ્ટીપેક સોલ્યુશન

## પ્રિન્ટિંગ થી લઈને પેકેજીંગ સુધી નું એક માત્ર ઇન હાઉસ સોલ્યુશન એટલે અરકા મલ્ટીપેક સોલ્યુશન !




**અમારી સેવાઓ**

- મલ્ટીકલર પ્રિન્ટિંગ સર્વિસ.
- સ્ટીકર, લેબલ પ્રિન્ટિંગ અને કટીંગ સર્વિસ.
- કોર્પોરેટ, ઓફિસ, ડેરી & રેસ્ટોરન્ટ પ્રિન્ટિંગ સર્વિસ.
- બોક્સ અને કાર્ડબોક્સ મૅન્યુફેક્ચરિંગ સર્વિસ.
- લેમિનેશન, યુવી, ડ્રિપ ઓફ યુવી, વાર્નિશ અને ટેક્સચર્ડ યુવી.
- લેટરહેડ, બિલ બુક, કેટલોગ, બ્રોશર, મેગેઝિન પ્રિન્ટિંગ સર્વિસ.

**અમે નીચેના ઉધોગો માટે પ્રિન્ટિંગ અને પેકેજીંગ તૈયાર કરીએ છીએ.**

- ફૂડ,બેવરેજિસ & બેકરી
- ઈ-કોમર્સ & શિપિંગ
- ફાર્માસ્યુટિકલ,હેલ્થ કેર & કોસ્મેટિક
- પરફ્યુમ & અત્તર
- સ્ટેશનરી & રિટેલ
- એગ્રીકલ્ચર & સીડ્સ
- ઇલેક્ટ્રોનિક્સ & ટેક્નોલોજી
- ઇન્ડસ્ટ્રીયલ & ઑટોમોટિવ

**દરેક પ્રકારના પ્રિન્ટિંગ અને પેકેજીંગ માટે અમારા નંબર પર સંપર્ક કરવો.**

**+91 90810 10200**

www.arqaamultipack.com info@arqaamultipack.com

**G-2 સર્વે નંબર -1404, મુસદ પેકેજીંગ ની બાજુમાં, ઇલોલ રોડ, ઇલોલ, હિંમતનગર - 383220**

# ઈબાદાત



## માહે મોહર્રમુલ હરામના આમાલ

જાહેર છે કે માહે મોહર્રમ અહલેબૈત (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે દુઃખ અને રુદનનો મહીનો છે.

ઈમામ અલી રઝા (અ.)થી રિવાયત છે કે, "જયારે માહે મોહર્રમ આવતો હતો ત્યારે કોઈ પણ માણસ મારા વાલિદે બુઝુર્ગવાર ઈમામ મૂસા કાઝિમ (અ.)ને હસતા જોતો ન હતો, આપ (અ.)ના ઉપર દુઃખ અને ગમ છવાઈ જતો, અને જ્યારે દસમી મોહર્રમનો દિવસ આવતો ત્યારે આહોઝારી કરતા અને ફરમાવતા કે આ એ દિવસ છે કે જેમાં ઈમામ હુસૈન (અ.)ને શહીદ કરવામાં આવ્યા."

**પહેલી મોહર્રમની રાતના આમાલ:**

(1) ૧૦૦ રકાત નમાઝ

દરેક રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ (બન્ને સૂરા એક એક વાર પઢવા.)

(2) બે રકાત નમાઝ

પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા અન્આમ.

બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા યાસીન.

(3) બે રકાત નમાઝ

આ બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૧૧ વખત સૂરા ઈખ્લાસ.

(4) રસૂલલ્લાહ (સ.)એ આ રાત્રે બે રકાત નમાઝ પઢવાનું અને દિવસે રોઝો રાખવાનું સૂચન કર્યું છે.

**નોંધ:** ઉપરના આમાલમાંથી જેટલી હદે શકય હોય તેટલી હદે બજાવી લાવવા મુસ્તહબ છે.

**પહેલી મોહર્રમના દિવસના આમાલ:**

હઝરત ઈમામ રઝા (અ.)થી મન્કૂલ છે કે રસૂલલ્લાહ (સ.) મોહર્રમની પહેલી તારીખે બે રકાત નમાઝ પઢતા હતા, અને જ્યારે નમાઝથી ફારિગ થતા તો પોતાના હાથોને આસમાનની તરફ ઊંચા કરીને આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اَنْتَ الْاِلٰهُ الْقَدِيْمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ فَاَسْاَلُكَ فِيْهَا الْعِصْمَةَ مِنَ الشَّيْطَانِ وَالْقُوَّةَ عَلٰى هٰذِهِ
النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْٓءِ وَالْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِيْٓ اِلَيْكَ، يَا كَرِيْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ، يَا عِمَادَ مَنْ

لَّا عِمَادَ لَهُ، يَا ذَخِيْرَةَ مَنْ لَّا ذَخِيْرَةَ لَهُ، يَا حِرْزَ مَنْ لَّا حِرْزَ لَهُ، يَا غِيَاثَ مَنْ لَّا غِيَاثَ لَهُ، يَا سَنَدَ مَنْ لَّا سَنَدَ لَهُ، يَا كَنْزَ مَنْ لَّا كَنْزَ لَهُ، يَا حَسَنَ الْبَلَآءِ يَا عَظِيْمَ الرَّجَآءِ يَا عِزَّ الضُّعَفَآءِ يَا مُنْقِذَ الْغَرْقٰى يَا مُنْجِيَ الْهَلْكٰى يَا مُنْعِمُ يَا مُجْمِلُ يَا مُفْضِلُ يَا مُحْسِنُ، اَنْتَ الَّذِىْ سَجَدَ لَكَ سَوَادُ اللَّيْلِ وَنُوْرُ النَّهَارِ وَضَوْءُ الْقَمَرِ وَشُعَاعُ الشَّمْسِ وَدَوِىُّ الْمَآءِ وَحَفِيْفُ الشَّجَرِ، يَآ اَللّٰهُ لَا شَرِيْكَ لَكَ، اَللّٰهُمَّ اجْعَلْنَا خَيْرًا مِّمَّا يَظُنُّوْنَ وَاغْفِرْ لَنَا مَا لَا يَعْلَمُوْنَ وَلَا تُؤَاخِذْنَا بِمَا يَقُوْلُوْنَ حَسْبِىَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، اٰمَنَّا بِهٖ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا وَمَا يَذَّكَّرُ اِلَّآ اُوْلُوا الْاَلْبَابِ، رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً اِنَّكَ اَنْتَ الْوَهَّابُ

**આશૂરાની રાત (મોહર્રમની દસમી રાત)ના આમાલ:**

1. ૧૦૦ રકાત નમાઝ
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા ઈખ્લાસ
   - આ ૧૦૦ રકાત નમાઝથી ફારેગ થયા પછી ૭૦ વખત નીચેનો ઝિક્ર:

     سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

   - કેટલીક રિવાયતોમાં છે કે આટલું પઢી લીધા પછી ઈસ્તિગ્ફાર કરવો જોઈએ એટલે કે,

     اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّىْ وَاَتُوْبُ اِلَيْهِ

     કહેવું જોઈએ.

2. આશૂરાની રાતના આમાલમાંથી એક અમલ આ પણ છે કે રાતના છેવટના ભાગમાં ચાર રકાત નમાઝ પઢે:
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત આયતુલ કુરસી, દસ વખત સૂરા ઈખ્લાસ, દસ વખત સૂરા ફલક, દસ વખત સૂરા નાસ.
   - સલામ પછી નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વખત સૂરા ઈખ્લાસ.
3. આશૂરાની રાતનો એક અન્ય અમલ આ પણ છે, ચાર રકાત નમાઝ:
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા ઈખ્લાસ.

આ નમાઝ હઝરત અલી (અ.)વાળી નમાઝ છે કે જેની ઘણી જ મોટી ફઝીલત છે.

4. આશૂરાની રાતનો એક અમલ આ પણ છે કે અલ્લાહનો વધુને વધુ ઝિક્ર કરે અને મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.) પર દુરૂદ પઢે, અને અહલેબૈત (અ.)ના દુશ્મનો ઉપર લાનત કરે.
5. આજની રાત્રીએ જાગરણ કરવા વિષે રિવાયતોમાં ઘણી બધી ફઝીલત બતાવવામાં આવી છે. એક રિવાયતમાં છે કે તે રાત્રીએ ઈબાદત કરનાર એવો છે જાણે કે તેણે બધા જ ફરિશ્તાઓની ઈબાદત જેટલી ઈબાદત કરી હોય, અને આજની રાત્રીની ઈબાદત ૭૦ વર્ષની ઈબાદત બરાબર છે.

6. જો કોઈના માટે શકય હોય તો આજની રાતે કરબલાએ મોઅલ્લાની જમીન ઉપર રોકાણ કરે અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરે, અને આખી રાત આપ (અ.)ની પાસે જાગતો રહે. જો તે આવું કરશે તો અલ્લાહ તઆલા તેની હઝરત ઈમામ હુસૈન (અ.)ના ખૂનની સાથે મળેલા કરબલાના શહીદોની હરોળમાં ગણત્રી કરશે.

**આશૂરા (દસમી મોહર્રમ)ના દિવસના આમાલ વિષે:**

આ આશૂરાનો દિવસ ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો દિવસ છે, જે અઈમ્મા (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે મુસીબતનો અને દુઃખમાં રહેવાનો દિવસ છે. બહેતર એ છે કે આ દિવસે દુન્યવી કામોમાં પરોવાયેલા ન રહેવું અને ન ઘર માટે કંઈ કમાવું, પરંતુ નૌહા, માતમ અને રુદનમાં વ્યસ્ત રહેવું જોઈએ.

- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ની મજલિસ કરે.
- ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતે આશૂરા પઢે.
- ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર ખૂબ જ લાનત કરવી.
- અને એકબીજાને ઈમામ હુસૈન (અ.)ની મુસીબત પર આ રીતે પુરસો આપે:

اَعْظَمَ اللّٰهُ اُجُوْرَنَا بِمُصَابِنَا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ وَجَعَلَنَا وَاِيَّاكُمْ مِنَ الطَّالِبِيْنَ بِثَارِهٖ مَعَ
وَلِيِّهِ الْاِمَامِ الْمَهْدِيِّ مِنْ اٰلِ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ

- આ દિવસે એક હજાર વખત સૂરા ઈખ્લાસ પઢે.
- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર આ શબ્દોમાં લાનત કરે:

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

- આશૂરાના દિવસે છેલ્લા સમયે ઊભા થઈને રસૂલલ્લાહ (સ.), અમીરુલ મોમિનીન (અ.), જનાબે ફાતેમા ઝહરા (અ.), ઈમામ હસન (અ.) અને બીજા અઈમ્મા (અ.) કે જે ઓલાદે હુસૈન (અ.)માંથી છે તે બધા ઉપર સલામ મોકલે અને રડતાં રડતાં તેમને પુરસો આપે, પછી આ ઝિયારત પઢે:

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اٰدَمَ صِفْوَةِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ نَّبِيِّ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اِبْرَاهِيْمَ خَلِيْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عَلِيٍّ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَلِيِّ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ الْحَسَنِ الشَّهِيْدِ سِبْطِ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ الْبَشِيْرِ النَّذِيْرِ وَابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَبَا عَبْدِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خِيَرَةَ اللّٰهِ وَابْنَ خِيَرَتِهٖ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللّٰهِ وَابْنَ ثَارِهٖ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْوِتْرُ الْمَوْتُوْرُ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْاِمَامُ الْهَادِی الزَّكِيُّ

وَعَلٰٓى اَرْوَاحٍ حَلَّتْ بِفِنَآئِكَ وَاَقَامَتْ فِيْ جِوَارِكَ وَوَفَدَتْ مَعَ زُوَّارِكَ، اَلسَّلَامُ عَلَيْكَ مِنِّيْ مَا بَقِيْتُ وَبَقِيَ اللَّيْلُ وَالنَّهَارُ، فَلَقَدْ عَظُمَتْ بِكَ الرَّزِيَّةُ وَجَلَّ الْمُصَابُ فِى الْمُؤْمِنِيْنَ وَالْمُسْلِمِيْنَ وَفِيْٓ اَهْلِ السَّمَاوَاتِ اَجْمَعِيْنَ وَفِيْ سُكَّانِ الْاَرَضِيْنَ، فَاِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ وَصَلَوَاتُ اللّٰهِ وَبَرَكَاتُهٗ وَتَحِيَّاتُهٗ عَلَيْكَ وَعَلٰٓى اٰبَآئِكَ الطَّاهِرِيْنَ الطَّيِّبِيْنَ الْمُنْتَجَبِيْنَ وَعَلٰى ذَرَارِيْهِمُ الْهُدَاةِ الْمَهْدِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَاىَ وَعَلَيْهِمْ وَعَلٰى رُوْحِكَ وَعَلٰٓى اَرْوَاحِهِمْ وَعَلٰى تُرْبَتِكَ وَعَلٰى تُرْبَتِهِمْ، اَللّٰهُمَّ لَقِّهِمْ رَحْمَةً وَّرِضْوَانًا وَّرَوْحًا وَّرَيْحَانًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَاىَ يَآ اَبَا عَبْدِ اللّٰهِ يَا بْنَ خَاتَمِ النَّبِيِّيْنَ وَيَا ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ وَيَا ابْنَ سَيِّدَةِ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا شَهِيْدُ يَا ابْنَ الشَّهِيْدِ يَآ اَخَ الشَّهِيْدِ يَآ اَبَا الشُّهَدَآءِ، اَللّٰهُمَّ بَلِّغْهُ عَنِّيْ فِيْ هٰذِهِ السَّاعَةِ وَفِيْ هٰذَا الْيَوْمِ وَ فِيْ هٰذَا الْوَقْتِ وَفِيْ كُلِّ وَقْتٍ تَحِيَّةً كَثِيْرَةً وَّسَلَامًا، سَلَامُ اللّٰهِ عَلَيْكَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ يَا ابْنَ سَيِّدِ الْعَالَمِيْنَ وَعَلَى الْمُسْتَشْهَدِيْنَ مَعَكَ سَلَامًا مُّتَّصِلًا مَّا اتَّصَلَ اللَّيْلُ وَالنَّهَارُ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلٰى عَلِيِّ بْنِ الْحُسَيْنِ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلَى الْعَبَّاسِ بْنِ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ الْحَسَنِ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ جَعْفَرٍ وَّعَقِيْلٍ، اَلسَّلَامُ عَلٰى كُلِّ مُسْتَشْهَدٍ مَّعَهُمْ مِنَ الْمُؤْمِنِيْنَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّبَلِّغْهُمْ عَنِّيْ تَحِيَّةً كَثِيْرَةً وَّسَلَامًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ اَحْسَنَ اللّٰهُ لَكَ الْعَزَآءَ فِيْ وَلَدِكَ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا فَاطِمَةُ اَحْسَنَ اللّٰهُ لَكِ الْعَزَآءَ فِيْ وَلَدِكِ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ اَحْسَنَ اللّٰهُ لَكَ الْعَزَآءَ فِيْ وَلَدِكَ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَبَا مُحَمَّدٍ الْحَسَنَ اَحْسَنَ اللّٰهُ لَكَ الْعَزَآءَ فِيْ اَخِيْكَ الْحُسَيْنِ، يَا مَوْلَاىَ يَآ اَبَا عَبْدِ اللّٰهِ، اَنَا ضَيْفُ اللّٰهِ وَضَيْفُكَ وَجَارُ اللّٰهِ وَجَارُكَ وَلِكُلِّ ضَيْفٍ وَّجَارٍ قِرًى وَّقِرَاىَ فِيْ هٰذَا الْوَقْتِ اَنْ تَسْاَلَ اللّٰهَ سُبْحَانَهٗ وَتَعَالٰٓى اَنْ يَّرْزُقَنِيْ فَكَاكَ رَقَبَتِيْ مِنَ النَّارِ اِنَّهٗ سَمِيْعُ الدُّعَآءِ قَرِيْبٌ مُّجِيْبٌ

**માહે મોહર્રમમાં કરવાનાં મુસ્તહબ કાર્યોની યાદી:**

(૧) મોહર્રમના દિવસોમાં ૧ થી ૮ દિવસ સુધી રોઝા રાખવા. (૨) મોહર્રમની નવમી અને દસમી તારીખે ફાકા કરવા. (૩) યતીમ બાળકોના માથા પર હાથ ફેરવવો. (૪) આપસમાં સુલેહ કરવી અને કરાવવી. (૫) બીમારોના ખબરઅંતર પૂછવા. (૬) નિયાઝ પકાવવું, જમણ રાંધીને ખેરાત કરવું. (૭) આમિલ, આલિમની (મુરશિદની) ઝિયારત કરવી.

# નન્હે રોઝેદાર

## હિજરી સન-૧૪૪૬


રૈહાનઅહમદ નઝરમોહંમદ મોમિન
વાલેદા: કનીઝફાતેમા (લેસ્ટર)
ઉ.વ. ૪ રોઝા - ૨


શફીઆફાતેમા જાફરઅલી મોમિન
વાલેદા: બશારતફાતેમા (વસો)
ઉ.વ. ૪ રોઝા - ૧


મરઝીયાફાતેમા મંજૂરમોહંમદ દેધરોટીયા
વાલેદા: સાજેદાબાનું (કનાઈ)
ઉ.વ. ૫ રોઝા - ૧


મહરીનફાતેમા હસનઅલી નાથામેઠા
વાલેદા: નજમાબેન (બાદરપુર)
ઉ.વ. ૫ રોઝા - ૧૦


ઝકીયાફાતેમા મહમૂદઅલી બાલસાણીયા
વાલેદા: ઝૈનબફાતેમા (જાફરીપુરા)
ઉ.વ. ૫.૫ રોઝા - ૧૫


ઝહરાસીરત આબિદહુસૈન ભટ્ટ
વાલેદા: રહમતફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૨૯


આતિકાઝહરા આબિદહુસૈન ચીડી
વાલેદા: શાકેરા (કાકોશી)
ઉ.વ. ૬.૪ રોઝા - ૬


શફકતઝહરા મોહંમદહુસૈન ખાણસીયા
વાલેદા: ફીરોઝા (કનાઈ)
ઉ.વ. ૬.૯ રોઝા - ૫


ઔનઅબ્બાસ અહમદઅબ્બાસ ધાંધારીયા
વાલેદા: મહમૂદાબેન (બાદરપુર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯


નરજિસઝહરા અસ્ગરઅલી સુણસરા
વાલેદા: હુસૈનાબાનું (સેવાલાણી)
ઉ.વ. ૭ રોઝા - ૨૦


મોહંમદરૈહાન એહમદઅબ્બાસ મોમિન
વાલેદા: મકબૂલફાતેમા (કઠોર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯


મોહંમદનઈમ ફતેહઅલી મોમિન
વાલેદા: મકબૂલફાતેમા (કઠોર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯


શફીઆફાતેમા આબિદઅલી સુરપુરા
વાલેદા: કુલસૂમફાતેમા (સુરપુર)
ઉ.વ. ૭ રોઝા - ૧૨


અલીઝીશાન હસનઅલી પટાવટ
વાલેદા: સકીનાફાતેમા (કાકોશી)
ઉ.વ. ૭.૫ રોઝા - ૨૪


બતૂલફાતેમા હૈદરઅલી દાસદીયા
વાલેદા: હુસૈનાબેન (બાદરપુર)
ઉ.વ. ૮ રોઝા - ૨૯


ઝહરાફાતેમા અહમદઅલી ખાણસીયા
વાલેદા: શાકેરાબાનું (કનાઈ)
ઉ.વ. ૮ રોઝા - ૨૯


ફર્હતઝહરા એહસાનઅલી મસી
વાલેદા: રાશેદાબેન (કનાઈ)
ઉ.વ. ૭.૫ રોઝા - ૨૩


કુબરાફાતેમા મંઝૂરહુસૈન મોમિન
વાલેદા: ખુદૈજાબાનું (વસો-દુબઈ)
ઉ.વ. ૮ રોઝા - ૧૮



નાઝિમહુસૈન મંઝૂરમોહંમદ આંબલીયાસણા
વાલેદા: કનીઝફાતેમા (મેતા)
ઉ.વ. ૮ રોઝા - ૧૫



નરજિસફાતેમા ફતેહઅલી મોમિન
વાલેદા: મકબૂલફાતેમા (કઠોર)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



નસીમફાતેમા નજરઅલી ગોરા
વાલેદા: આબેદાબેન (બાદરપુર)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મોહંમદજાફર નઝરમોહંમદ મોમિન
વાલેદા: કનીઝફાતેમા (લેસ્ટર)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મુનીસાફાતેમા યાકૂબઅલી સુથાર
વાલેદા: ઝહરાબાનું (બાદરપુર)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૮



રૈહાનઅલી શબ્બીરઅલી મોળપીયા
વાલેદા: સકીનાબેન (દશાવાડા)
ઉ.વ. ૮ રોઝા - ૨૫



ઈર્શાદહુસૈન મહદીહસન
ખુજા (ઈલોલ તલાવ)
98.86 P.R.
12 Sci.



મુખ્તારઅલી હસનઅબ્બાસ
મોમિન (બાદરપુર)
87.33%
SSC




# અઝાદારી: એક નિ:શસ્ત્ર લડત

અનુવાદ: મોમિન કાસિમભાઈ વિજાપુરા

જ્યારે આપણે લડત (જિહાદ) શબ્દ સાંભળીએ છીએ, ત્યારે આપણું મગજ તરત જ બે જૂથો વચ્ચેના એક યુદ્ધની કલ્પના કરવા મંડી જાય છે. ઈતિહાસ એવા પ્રસંગોથી ભરેલો છે કે જેમાં શક્તિશાળી લોકો અશક્ત લોકો પર અત્યાચાર કરતા હોય છે. ઈસ્લામે દરેક સમયે શાંતિ જાળવવા હાકલ કરી છે, અને અશક્ત લોકો તેના ઝંડા નીચે ભેગા થતા રહ્યા છે. કુરઆને મજીદ કહે છે:

وَنُرِيْدُ اَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ وَنَجْعَلَهُمْ اَىِٕمَّةً وَّنَجْعَلَهُمُ الْوٰرِثِيْنَ ۝

*(અને અમોએ એવો ઈરાદો કર્યો કે જેમને તે ભૂમિમાં (ઝલીલ અને) કમજોર કરી નાખવામાં આવ્યા છે, તેમના ઉપર ઉપકાર કરીએ, અને તેમને ઈમામ બનાવીએ, અને તેમને (સમગ્ર ભૂમિના) વારસ બનાવી દઈએ.)*

(સૂરા કસસ, આયત–૫)

બીજા શબ્દોમાં કહીએ તો લડતનો અર્થ જુલ્મ સાથેની અથડામણ નથી, પરંતુ તે છે અસત્ય ઉપર સત્યનો વિજય અને કુરબાનીઓ આપીને સત્યનું રક્ષણ કરવું. અંતે, સત્યનો વિજય નિશ્ચિત છે, કે જેના માટે કુરઆને મજીદ જણાવે છે:

وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ۗ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا ۝

*(અને કહો કે, "હક (સત્ય) આવી ચૂક્યું છે અને બાતિલ નાશ પામ્યું છે, બેશક, બાતિલ નાશ પામનારું જ છે.")*

(સૂરા બની ઈસરાઈલ, આયત–૮૧)

સુફયાની લશ્કર અને તેના જેવા બીજા લોકો વિશ્વનો નાશ કરવા માટે આગળ વધી રહ્યા છે. બધી જગ્યાએ એવા ભય સાથે સવાલ એ છે કે શું ઈલાહી તાકાત બિનઅસરકારક છે? (મઆઝલ્લાહ) ના, તેવું તદ્દન નથી. તેના બદલે તો ઈલાહીશક્તિ માનવીના સર્જનથી જ હંમેશાં અસ્તિત્વ ધરાવે જ છે, અને હંમેશ માટે અસ્તિત્વ ધરાવશે, અને તેનાં શ્રેષ્ઠ સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે હઝરત ઈમામ હુસૈન (અ.) ઉપર શોક મનાવવો. કરબલાના મહાન દુ:ખદ બનાવ પછી, આ શોક મનાવવાનો નિ:શસ્ત્ર લડત, હંમેશાં સુફયાની લશ્કર અને તેના જેવી અન્ય હિલચાલોને આજપર્યંત કચડી રહ્યો છે.

કરબલાના પ્રસંગ ઉપર પ્રકાશ ફેંકવા પાછળનો આશય એ હતો કે એ પ્રસંગને એવો સ્પષ્ટ બનાવવો

કે કેવી રીતે સદાચારી લોકોને કમજોર સમજવામાં આવ્યા, અને તેઓ કેવા શક્તિશાળી સાબિત થયા.

આશૂરાના દિવસે જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.)ના દોસ્તો અને સગાસંબંધીઓને શહીદ કરી દેવામાં આવ્યા, તેમની લાશોને કચડી નાખવામાં આવી, તેમની ચીજવસ્તુઓને લૂંટી લેવામાં આવી, તેમના ખૈમાઓમાં આગ લગાડવામાં આવી, જાણે કે દુશ્મનોએ પૃથ્વી ઉપર સૌથી ગોઝારું કૃત્ય કર્યું ન હોય! અને છેવટે કેદીઓને છાંયડા વગર આકાશની નીચે છોડી દેવામાં આવ્યાં.

કરબલાના શહીદોને શહીદ કર્યા પછી દોષના આરોપી યઝીદે એવો વિચાર કર્યો કે તે પ્રજા પ્રત્યેની વફાદારી તો મેળવી શકશે નહીં, પરંતુ હઝરત ઈમામ હુસૈન (અ.)ની કતલથી તે પોતાની સત્તા અને હુકૂમતને મજબૂત બનાવી શકશે; વળી તેણે એવો વિચાર પણ કર્યો કે હઝરત ઈમામ હુસૈન (અ.)ની શહાદત પછી જંગનો ખાતમો થઈ જશે. તેને લાગ્યું કે હઝરત ઈમામ હુસૈન (અ.) પછી અધિકારનો દાવો કરનાર કોઈ નહીં હોય, અને બાતિલ પ્રભુત્વ મેળવી લેશે.

પરંતુ તેને એ સમજ ન પડી કે આ શહાદત એક મોટી ક્રાંતિમાં પરિણમશે કે જે ખૂબ ઝડપથી ફેલાઈ જશે. તેણે હઝરત ઈમામ હુસૈન (અ.)ના સર મુબારકને નેઝાની અણી પર બુલંદ કર્યું અને વિચાર્યું કે તેણે જંગ જીતી લીધો છે. જો અસીરાને કરબલા ત્યાં હાજર ન હોત, તો સાચે જ આ બાબત સાચી સાબિત થઈ જાત. હકીકતમાં, કરબલાના શહીદોના ખૂને અસીરાને કરબલાની હિંમતને અને સબ્રને મજબૂત બનાવી દીધી, જેના લીધે, હાડમારીઓ સહન કર્યા પછી પણ તેઓ બાતિલની સામે લડવા માટે તૈયાર હતાં.

અગિયારમી મોહર્રમે, કે જ્યારે કરબલાનો બનાવ પૂર્ણ થઈ ગયો ત્યારે, એક નિ:શસ્ત્ર લડત કરબલાનાં અસીરો દ્વારા શરૂ કરવામાં આવી. કરબલાનો જંગ તીરો, તલવારો અને નેઝાઓ વડે લડવામાં આવ્યો હતો, જ્યારે અસીરાને કરબલા દ્વારા રુદન, સબ્ર, ખુત્બાઓ અને જુલ્મોને સહન કરવાનાં હથિયારો વડે જંગ લડવામાં આવ્યો.

યઝીદે કરબલામાં હઝરત ઈમામ હુસૈન (અ.)ના સમગ્ર પરિવારનો નાશ કરવાની ઈચ્છા કરી અને તેથી તેણે ઈબ્ને ઝિયાદને ખૈમાઓમાં આગ સળગાવવાનો હુકમ કર્યો. આના દ્વારા તે રસૂલલ્લાહ (સ.)ની આલ (અ.)ને બળવાખોર તરીકે બદનામ કરવા માગતો હતો, જેથી તેના પછી કોઈ બહાનું બાકી ન રહે.

પરંતુ હઝરત બીબી ઝૈનબ (અ.)એ પોતાના ભાઈની પાયમાલ લાશને સંબોધીને આ રીતે કહ્યું, "અય ભાઈ! આપની આ બહેન આપના ખૂનને વ્યર્થ જવા નહીં દે, અને ખાતરી રાખજો કે આ જુલ્મના સમાચાર દુનિયાના ખૂણેખૂણામાં પહોંચી

જશે." આ હતી યઝીદિયત સામેની અનંત લડાઈની શરૂઆત કે જે કયામત સુધી બાકી રહેવાની હતી.

જ્યારે કરબલાનાં કેદીઓએ રુદન શરૂ કર્યું અને 'યા હુસૈન' કહીને ચીસો પાડી, તો આ હતું હઝરત ઈમામ હુસૈન (અ.)ની શહાદતની યાદમાં કરવામાં આવેલ અઝાદારીનું પહેલું જુલૂસ. રુદનની તીવ્રતા એટલી બધી હતી કે સાંભળનારાઓનાં દિલો ગમથી ભરાઈ જતાં હતાં. તેથી રડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને 'યા હુસૈન'ના પોકારો કરવા પર ચાબુક ફટકારવામાં આવ્યા.

હઝરત ઈમામ હુસૈન (અ.) ઉપરના જુલ્મો એટલા બધા તીવ્ર હતા કે જો તેમને પત્થર આગળ વર્ણવવામાં આવે તો મીણની માફક પીગળી જાય. એ દરેક શેરી અને એ દરેક ગામ કે જ્યાંથી કરબલાનાં કેદીઓ પસાર થતાં હતાં, તેમાં રુદન થતું સંભળાતું હતું. નેઝાઓ પર શહીદોનાં સર મુબારક અને કેદીઓની લાચારી જોયા પછી, આની પાછળનું સત્ય જાણવા માટે લોકો આતુર હતા.

કૂફાના લોકો પોતાની બેવફાઈ માટે પ્રખ્યાત હતા. સારા અને નરસા લોકો વચ્ચે ભેદ કરવો મુશ્કેલ હતું. ઘણા એવા પ્રસંગો છે કે જે આ હકીકતને સમર્થન આપે છે.

આવો એક પ્રસંગ અબ્દુલ્લાહ ઈબ્ને હુર જોઅફી નામની એક વ્યક્તિ વિષેનો છે કે જેઓ અહલેબૈત (અ.)ના મર્તબાથી પરિચિત હતા. તેઓ તેમના ચાહકોમાંથી હતા અને એક મોટા વેપારી હતા. મુસાફરી દરમિયાન, જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.) તેમને મળ્યા અને કરબલામાં પોતાની શહાદત વિષેની માહિતી આપી, તો તેમણે કહ્યું, "અય મારા મૌલા! હું કૂફાથી આવી રહ્યો છું કે જ્યાં હઝરત મુસ્લિમ (અ.)ને શહીદ કરવામાં આવ્યા છે, અને તેમની લાશને શેરીઓમાં ફેરવવામાં આવી રહી છે. આ જોયા પછી હું ખૂબ ભયભીત છું, તેથી હું આપને મારા સારામાં સારા અરબી ઘોડા આપીશ અને મારાં હથિયારો પણ આપીશ." તે પોતાની જાત સિવાય બધું આપવા તૈયાર હતા. તેમણે પોતાના સ્નેહ ઉપર પોતાના ભયને પ્રથમ પસંદગી આપી. જો કે, ઈમામ (અ.)ને ન તો તેમની માલમિલ્કતની જરૂર હતી, કે ન તો તેમની દોલતની. ઈમામ (અ.)એ તેમને જવા દીધા. જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.)એ હઝરત અલી અકબર (અ.)ને હઝરત ઝુહૈર (અ.)ની પાસે મોકલ્યા, તો તેમનાં ઝૌજા તેના લીધે ગર્વ કરવા લાગ્યાં અને તેમણે ઝુહૈર (અ.)ને ઈમામ હુસૈન (અ.)ની સહાય કરવા માટે આગ્રહ કર્યો. છેવટે, ઝુહૈર (અ.) ઈમામ હુસૈન (અ.)ના લશ્કરમાં જોડાઈ ગયા.

આ રીતે જોઈએ તો કૂફીઓનો ઈરાદો જાણવો એક મુશ્કેલ કાર્ય હતું. આ જ કારણ હતું કે જ્યારે કરબલાનાં કેદીઓ કૂફામાં દાખલ થયાં, ત્યારે કેટલાક લોકો તેની ઉજવણી કરી રહ્યા હતા,

જ્યારે કેટલાક લોકો તેમને જોઈને રડી રહ્યા હતા. એક રીતે જોઈએ તો હઝરત ઈમામ હુસૈન (અ.)નું સર મુબારક મોઅજિઝાઓનું કેન્દ્ર બની ગયું હતું, જ્યારે બીજી બાજુ કરબલાનાં કેદીઓ પોતાના દોસ્તો અને સંબંધીઓના ગમથી ભાવનામાં ડૂબી ગયાં હતાં.

જ્યારે કૂફામાં કેદીઓએ ઈમામ હુસૈન (અ.) ઉપરના આક્રંદ દ્વારા પ્રથમ જીત મેળવી લીધી, તો બીજી જીત હઝરત બીબી ઝૈનબ (અ.)ના ખુત્બાઓ દ્વારા મેળવી કે જેમાં આપ (અ.) એ કૂફાવાસીઓને તેમની બેવફાઈ માટે ઠપકો આપ્યો અને ઈમામ હુસૈન (અ.) ઉપર આચરવામાં આવેલા અત્યાચારોની વિગતવાર માહિતી આપી. તેનું પરિણામ એ આવ્યું કે તેમના વફાદારો પોતાની છાતીઓ અને માથાં કૂટીને રુદન કરવા લાગ્યા, જ્યારે ઈમામ હુસૈન (અ.)ને ન માનનારા લોકો અસંતુષ્ટ દેખાવા લાગ્યા.

ઈતિહાસે નોંધ લીધી છે કે કૂફાના લોકો કરબલાનાં કેદીઓના કૂફામાં આવવાથી અને તેમના તીવ્ર રુદનથી બેચેની અનુભવવા લાગ્યા. તેઓ પોતાના નસીબ વિષે એવું વિચારવા માટે મજબૂર બની ગયા કે ઈમામ હુસૈન (અ.)ને કતલ કરવાના ષડ્યંત્રનો એક ભાગ બનીને તેમણે દુનિયા અને આખેરતને બરબાદ કરી દીધી છે. કૂફાના લોકોમાં નોંધપાત્ર ફેરફારો કરબલાનાં કેદીઓના અત્યંત રુદન અને તેમણે આપેલા ખુત્બાઓની અસરને લીધે થયા હતા. દુઃખની અને ખુત્બાઓની અભિવ્યક્તિ એટલી બધી હૃદયસ્પર્શી હતી કે તેણે કૂફાના લોકો ઉપર મોટી અસર પેદા કરી દીધી હતી.

કૂફા પછી, જ્યારે કેદીઓ શામમાં દાખલ થયાં, તો ત્યાં લોકોમાં યઝીદ દ્વારા આ કેદીઓ વિષે એવી અફવા ફેલાવવામાં આવી હતી કે આ કાફલાના લોકો ધર્મવિરોધી છે અને હુકૂમત વિરુદ્ધ બળવો કરવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ જેવી તેમણે આ પાક હસ્તીઓને જોઈ અને તેમના નૂરાની વ્યક્તિત્વને જોયું — ખાસ કરીને કાફલામાં રહેલી સ્ત્રીઓને કે જેઓ લોકોના ટોળામાં અસ્વસ્થ દેખાતી હતી અને દુઃખી હોવા છતાં તેઓ સતત 'યા હુસૈન'ના નાઅરા લગાવતી હતી, તેમને જોઈ — કે તરત જ તેમનો અભિગમ બદલાઈ ગયો.

લાનતને પાત્ર યઝીદ એવું વિચારી રહ્યો હતો કે આટલી બધી હાડમારીઓ વેઠ્યા પછી કોઈ પણ માણસ જીવતા રહેવાની ઈચ્છા રાખી શકે નહીં અને તેથી જ તેણે હઝરત ઈમામ સજ્જાદ (અ.)ને ખુત્બો પઢવાની તક આપી દીધી. ઈમામ સજ્જાદ (અ.)એ અલ્લાહની હમ્દોસના કરી, અને ત્યાર પછી લોકોને અહલેબૈત (અ.)ની ફઝીલત બતાવી. અને ત્યાર પછી, આપ (અ.)એ અત્યાચારનો ભોગ બનેલા પોતાના વાલિદની શહાદતનો ઉલ્લેખ કર્યો. ઈતિહાસે એ બાબતની નોંધ લીધી છે કે ત્યાર પછી

લોકોના મજ્માામાં કોહરામ મચી ગયો. તેને રોકવા માટે યઝીદે અઝાન કરવા માટે મોઅઝ્ઝિનને હુકમ કર્યો. છેવટે તેણે કેદીઓને કેદખાનામાં મોકલવાનો હુકમ કર્યો. ઈમામ સજ્જાદ (અ.)નાં વાક્યો શામના લોકો માટે આકરાં સાબિત થયાં. જે લોકો અહલેબૈત (અ.)ની ફ઼ઝીલત જાણતા હતા, તેમણે યઝીદના આવા અધમ કૃત્ય માટે પોતાનો તિરસ્કાર વ્યક્ત કર્યો, એટલે સુધી કે યઝીદની ઝૌજાએ પણ તેને ઠપકો આપ્યો કે જે કરબલાનાં કેદીઓ માટે જીતનું વધુ એક સોપાન સાબિત થયું.

આ પ્રકારની લડાઈમાં કેદીઓ દ્વારા વાપરવામાં આવેલાં હથિયારો તીરો અને તલવારો ન હતાં, પરંતુ અહલેબૈત (અ.)ની ફ઼ઝીલત અને કરબલાના શહીદો ઉપર રુદનનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેમણે દરબારમાં હાજર લોકો ઉપર ખૂબ ઊંડી અસર છોડી છે. આ એક અજોડ પ્રકારની લડત હતી કે જેમાં એક મોટી અને શક્તિશાળી હુકૂમત લાચાર નજરે પડે છે. આ લડત લોકોનાં દિલો ઉપરની જીત હતી, હક અને બાતિલના ગુણદોષને પારખવાની કસોટી હતી, હઝરત ઈમામ હુસૈન (અ.)ના વિજયની અને યઝીદના પરાજયની જાહેરાત હતી.

જ્યાં સુધી કરબલાનાં કેદીઓ શામમાં રહ્યાં, ત્યાં સુધી તેઓ સતત વિલાપ અને આક્રંદ કરતાં રહ્યાં, પછી ભલે ને તેઓ બજારના વિસ્તારમાં હોય, દરબારમાં હોય, કે કેદખાનામાં હોય. ઈમામ હુસૈન (અ.)નાં વહાલસોયાં દીકરી હઝરત બીબી સકીના (અ.)નું રુદન શામના લોકોને અત્યંત વેદના આપતું રહ્યું. ધીમે ધીમે લોકોનાં દિલોમાં યઝીદ પ્રત્યેની નફ઼રતમાં અને ઈમામ હુસૈન (અ.) અને આપ (અ.)ની અહલેહરમ પ્રત્યેની મોહબ્બતમાં વધારો થતો ગયો.

તેથી યઝીદના સલાહકારોએ કેદીઓને મુક્ત કરવાની યઝીદને સલાહ આપી, અને કહ્યું કે, જો એવું નહીં કરવામાં આવે તો તેની હુકૂમતની પડતી થઈ જશે. સલાહકારોનાં સૂચનોને અનુસરીને યઝીદે કરબલાનાં કેદીઓની રિહાઈનો હુકમ આપી દીધો. આવો હુકમ આપતી વખતે યઝીદને ડર હતો કે ઈમામ સજ્જાદ (અ.) પોતાના પિતાના ખૂનનો બદલો લેશે, પરંતુ તેને કદી પણ સમજાયું નહીં કે જ્યારે તલવારથી લડવામાં આવેલ યુદ્ધ સમાપ્ત થઈ ગયું, તો કેદીઓ દ્વારા વર્ણવવામાં આવી રહેલ કરબલાનો પ્રસંગ તેની હારને અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની જીતને રજૂ કરી રહ્યો છે.

ઈમામ હુસૈન (અ.) ઉપર કરવામાં આવેલ રુદન અને વિલાપ એક પ્રકારની લડત હતી કે જેણે લોકોને પ્રભાવિત કર્યા અને તેમને એવું શીખવ્યું કે અત્યાચારનો ભોગ બનેલાઓની કેવી રીતે મદદ કરવી જોઈએ અને અત્યાચારીઓનો કેવી રીતે વિરોધ કરવો જોઈએ.

જે જંગ કરબલામાં શરૂ થયો હતો, તે જંગ ઈમામે ઝમાના (અ.) જાહેર થશે ત્યાં સુધી ઈન્શાઅલ્લાહ ચાલુ રહેશે, જ્યારે કે કુરઆનની આયત, "હક આવ્યું અને બાતિલ નાશ પામ્યું" કા'બામાંથી સંભળાશે.

કેદખાનામાંથી મુક્ત થયા પછી હઝરત બીબી ઝૈનબ (અ.)એ ઈમામ સજ્જાદ (અ.) દ્વારા યઝીદ ઉપર એવી માંગણી કરીને દબાણ કર્યું હતું કે ઈમામ હુસૈન (અ.) ઉપર ગમ કરવા માટે એક ઓરડો આપવામાં આવે. આપ (અ.)એ શામના લોકોને ગમની મજલિસમાં આવવાનું કહ્યું. મદીના પાછા જતાં પહેલાં આપ (અ.)એ ઈમામ હુસૈન (અ.)ની અઝાદારીની શરૂઆત કરી દીધી હતી અને હકના સંદેશને ફેલાવવાની જવાબદારી પોતાના માથે લઈ લીધી હતી.

યઝીદ સંપૂર્ણપણે એ હકીકતથી અજાણ હતો કે આ આંસુઓ તેની જુઠ્ઠી હુકૂમતના પાયાઓને હચમચાવી નાખશે. મદીનામાં પણ ઈમામ હુસૈન (અ.)ની અઝાદારી શરૂ થઈ. ઈમામ સજ્જાદ (અ.) પુરુષો માટે અઝાદારીની મજલિસો યોજતા, અને બીબી ઝૈનબ (અ.) અને બીબી ઉમ્મે કુલસૂમ (અ.) સ્ત્રીઓ માટેની મજલિસ યોજતાં. ધીમે ધીમે આ પ્રથા ગામડાઓ અને શહેરો સુધી ફેલાતી ગઈ. હિ.સ. ૬૧થી આજ સુધી ઈમામ હુસૈન (અ.)ની અઝાદારી એ લડતની નિશાની છે કે જે કરબલાનાં અસીરોએ શરૂ કરી હતી.

આજે ચૌદસો વર્ષો પસાર થઈ ગયાં છે, છતાં પણ મોહિબ્બોના ઘા હજુ તાજા છે. હજુ પણ આંખોમાંથી આંસુ વહી રહ્યાં છે. દરેક પ્રાણી હઝરત અલી (અ.) અને આપ (અ.)ની ઓલાદની યાતનાઓ ઉપર શોક મનાવી રહ્યું છે. દર વર્ષે આપણે શોક મનાવીએ છીએ. આ અઝાદારી આપણી પહેચાન છે. પેઢીઓની પેઢીઓ સુધી અઝાદારોનાં દિલો ઈમામ હુસૈન (અ.)ના ગમમાં દિલગીર છે. આપણે બધા આ નિ:શસ્ત્ર લડતનો એક હિસ્સો છીએ કે જેનો પાયો કરબલામાં અત્યાચારનો ભોગ બનેલાં કેદીઓએ નાખ્યો હતો કે જેમણે હાડમારીઓ વેઠી, પોતાના લોહીની કુરબાની આપી, માઈલો સુધી પગપાળા ચાલ્યાં, છતાં પોતાના હેતુથી વિચલિત ન થયાં. તેમણે દરેક ઘર સુધી આ સંદેશને ફેલાવ્યો અને ધીરજ અને શાંતિથી આ જંગ લડવાનું ચાલુ રાખ્યું

અઝાદારીની આ લડતને ચાલુ રાખવાનું કર્તવ્ય આપણી જવાબદારી છે, અને શા માટે નહીં, જ્યારે કે ઈમામ હુસૈન (અ.)ના વારિસ (અ.) ગૈબતમાં હોવા છતાં શાંતિપૂર્વક આ અઝાદારીમાં તલ્લીન છે?

(Azaadari – A Silent Struggle લેખનો ભાવાનુવાદ)

## કૂફાથી આવનારી હસ્તીઓ:

# તિરિમ્માહ ઇબ્ને અદી (રઝી.), અમ્ર ઇબ્ને સૈદાવી (અ.), આપ (અ.)ના ગુલામ હઝરત સઅદ (અ.), મુજમ્મિઅ ઇબ્ને અબ્દિલ્લાહ (અ.) અને આપ (અ.)ના ફરઝંદ આઇઝ ઇબ્ને મુજમ્મિઅ (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

હઝરત ઈમામ હુસૈન (અ.)એ હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ના પત્ર પછી કૂફા જવાનો ઈરાદો કર્યો. જ્યારે આપ (અ.) 'ઝૂ–હુસુમ'નામની મંઝિલ પર હતા, ત્યારે હઝરત હુર (અ.) લશ્કર લઈને ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા કે જેથી આપ (અ.)ને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની પાસે લઈ જાય. આ બન્ને લશ્કર સાથે સાથે ચાલતાં રહ્યાં. જ્યારે આ બન્ને લશ્કર 'ઉઝૈબુલ હિજાનાત' પહોંચ્યાં, ત્યારે કૂફા તરફથી ચાર માણસો સવારી પર આવતા દેખાયા. તેઓ હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.)ના ઘોડાની બાજુમાં આવ્યા, અને તેમની સાથે રસ્તો બતાવવા માટે હઝરત તિરિમ્માહ ઈબ્ને અદી (રઝી.) પણ પોતાના ઘોડા પર સવાર હતા. જ્યારે તેઓ ઈમામ હુસૈન (અ.)ની નજીક આવ્યા, તો આપ (અ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહની કસમ, હું આશા રાખું છું કે અલ્લાહ અમારી સાથે ભલાઈ કરશે, કાં શહીદ થઈશું, કાં કામયાબ થઈશું." હઝરત હુર (અ.) તે લોકોની સામે આવ્યા અને ફરમાવ્યું કે, "આ લોકો કૂફાવાસી છે, તેઓ આપ (અ.)ની સાથે નહીં જઈ શકે, હું તેમને કેદ કરી દઈશ અથવા પાછા મોકલી દઈશ." ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, "જેવી રીતે હું મારી ઝાતનો બચાવ કરું છું એવી જ રીતે આ લોકોનો પણ બચાવ કરીશ, આ લોકો મારા મદદગાર અને સમર્થક છે. અને તમે મને વાયદો કર્યો છે કે જ્યાં સુધી ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદનો પત્ર નહીં આવે, ત્યાં સુધી મને કોઈ બાબત માટે દબાણ નહીં કરો." હઝરત હુર (અ.)એ જવાબ આપ્યો કે, "હા, પરંતુ આ લોકો આપ (અ.)ની સાથે નહીં આવે." ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, "તેઓ મારા સહાબી છે, અને મારી નજરમાં મારી સાથે આવેલા લોકોની જેમ જ છે. તેથી તમે આપણી વચ્ચે નક્કી થયેલી બાબત પર અમલ કરો, નહીંતર હું તમારાથી જંગ કરીશ." તેથી હઝરત હુર (અ.)એ તે લોકોને છોડી દીધા.[1]

**ચાર હસ્તીઓ સાથે ઈમામ (અ.)નો વાર્તાલાપ:**

જ્યારે ઈમામ (અ.)એ હઝરત હુર (અ.)થી વાતચીત કરી દીધી, તો આ ચાર હસ્તીઓની તરફ જોઈને ફરમાવ્યું કે, "લોકોને તમે કઈ પરિસ્થિતિમાં જોયા?" ત્યારે મુજમ્મિઅ ઈબ્ને અબ્દિલ્લાહ

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૦૪

(અ.)એ જવાબ આપ્યો હતો કે, “મોટા મોટા લોકોને રિશ્વતો આપવામાં આવી છે અને ટોપલાં ભરીભરીને માલ આપવામાં આવ્યો છે, જેથી તેમના લગાવને તે (દુશ્મનો) પ્રત્યે કરી દેવામાં આવે, અને તેમના પ્રત્યે સારા વિચારો રાખે. આમ, તેઓ આપના વિરુદ્ધ એક થયેલા છે. રહી વાત બાકીના લોકોની, તો તેમનાં દિલો આપના પ્રત્યે ઝૂકેલાં છે, પરંતુ તેમની તલવારો આવતીકાલે આપની સામે ખેંચેલી હશે.”

ઈમામ (અ.)એ તે લોકોને પૂછ્યું કે, “શું તમે મારા કાસિદ વિષે કંઈ જાણો છો?” તેમણે પૂછ્યું કે, “તેઓ કોણ છે?” આપ (અ.)એ ફરમાવ્યું કે, “કૈસ ઈબ્ને મુસહ્હર સૈદાવી.”[1] તેમણે જવાબ આપ્યો કે, “હા, તેમને હુસૈન ઈબ્ને તમીમે પકડ્યા હતા અને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની સામે પેશ કર્યા હતા, તો ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે તેમને આપ અને આપના વાલિદ (અ.) પર લાનત કરવાનો હુકમ કર્યો હતો તો તેમણે આપ પર અને આપના વાલિદ (અ.) પર સલવાત મોકલી અને ઈબ્ને ઝિયાદ અને તેના બાપ પર લાનત મોકલી, અને આપની મદદ વિષે દુઆ કરી, અને તે લોકોને આપના આવવા વિષે ખબર આપી. તો ઈબ્ને ઝિયાદે આપને મહેલના ઉપરના ભાગથી નીચે ફેંકી દેવાનો હુકમ કર્યો.” આ સાંભળીને ઈમામ (અ.)ની આંખોમાંથી આંસુ નીકળી પડ્યાં, અને પછી આ આયતની તિલાવત કરી:

فَمِنْهُمْ مَّنْ قَضٰى نَحْبَهٗ وَمِنْهُمْ مَّنْ يَّنْتَظِرُ ۖ وَمَا بَدَّلُوْا تَبْدِيْلًا ﴿٢٣﴾

(તેમાંથી કેટલાકે પોતાની મોતને પામી લીધી, અને કેટલાક રાહ જોઈ રહ્યા છે, અને તેઓ કંઈ પણ બદલાવ કરતા નથી.)[2]

પછી ફરમાવ્યું કે, “યા અલ્લાહ! અમને અને તેમને જન્નતમાં દાખલ કરજે, અને અમને અને તેમને તારી રહમતમાં જગ્યા આપજે અને તારા તરફથી સવાબ અતા કરજે.”[3]

ત્યાર પછી હઝરત તિરિમ્માહ ઈબ્ને અદી (રઝી.) ઈમામ હુસૈન (અ.)ની નજીક આવ્યા, અને ફરમાવ્યું કે, “અલ્લાહની કસમ, મેં (કૂફામાં) ઘણું જોયું, પરંતુ મને આપની સાથે કોઈ જોવામાં ન આવ્યું, અને જો ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ આપની સામે જંગ કરશે, તો ફક્ત આ જ લોકો આપની મદદ કરશે, અને આ લોકો તેમની સામે કાફી છે. મેં કૂફાથી નીકળવાના એક દિવસ પહેલાં કૂફાની બહાર જોયું કે આ લોકો પોતાના ઈરાદામાં મક્કમ હતા. તો મેં તેમના વિષે પૂછ્યું, તો કહેવામાં આવ્યું કે, “તેઓ ઈમામ હુસૈન (અ.)ની પાસે જવા માટે તૈયાર થયા છે.” તો મેં અલ્લાહની કસમ ખાધી કે,

1 આ પહેલાં હઝરત ઈમામ હુસૈન (અ.)એ હઝરત કૈસ ઈબ્ને મુસહ્હર સૈદાવી (અ.)ને પોતાના કાસિદ બનાવીને કૂફા મોકલ્યા હતા.

2 સૂરા અહ્ઝાબ, આયત–૨૩

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફ્હા–૪૦૪

જો હું તેમને એક વેંત જેટલું પણ આગળ વધવામાં મદદ કરી શકીશ, તો હું જરૂરથી તેમની મદદ કરીશ! જો આપ એવું ઈચ્છતા હો કે આપ એવા શહેરમાં જાઓ કે જેમાં અલ્લાહ આપની આ દુશ્મનોથી સુરક્ષા કરે, અને આપ એક યોગ્ય ફેંસલો કરી શકો, અને આપના ઈરાદામાં આપ એક મક્કમતા સુધી પહોંચી જાઓ, તો ચાલો મારી સાથે હું આપને ‘અજઅ’[1] પહાડ પર લઈ જાઉં કે જ્યાં અલ્લાહની કસમ, ગસ્સાન, હિમૈર, નોઅમાન ઈબ્ને મુન્ઝર કબીલાના ગુલામો સુદ્ધાં આપની મદદ કરશે. જો કદાચ આપને ત્યાં જરાક પણ ખતરો હશે, તો હું આપને (નીચે) ગામમાં લઈ જઈશ કે જ્યાંથી કેટલાક લોકોને મોકલીને આપણે ઓછામાં ઓછા દસ દિવસમાં જ ‘બની તય’ના ‘સલ્મા’ કબીલાના તથા ‘અજઅ’ કબીલાના સિપાહીઓ અને ઘોડેસવારોને ભેગા કરી દઈશું, પછી જ્યાં સુધી આપને યોગ્ય લાગે, ત્યાં સુધી ત્યાં રોકાજો. જો ત્યાં કોઈ જંગનો માહોલ ઊભો થયો, તો હું ખાતરી આપું છું કે બની તયના વીસ હજાર લોકો આપની મદદમાં તલવારથી જંગ કરશે. અલ્લાહની કસમ, જ્યાં સુધી તેઓમાંથી કોઈ એક પણ જીવતો રહેશે, ત્યાં સુધી દુશ્મનો આપના સુધી પહોંચી શકશે નહીં.” આ સાંભળીને ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, “આપને અને આપની કોમને અલ્લાહ સારો બદલો આપે, પરંતુ અમારા અને આ કોમ વચ્ચે એક વાત નક્કી થઈ ચૂકી છે, એટલે અમે અહીંથી બીજે ક્યાંય જઈ શકતા નથી.” હઝરત તિરિમ્માહ (રઝી.) કહે છે કે, “પછી મેં આપ (અ.)થી વિદાય લીધી અને કહ્યું કે, “અલ્લાહ આપને જિન્નાત અને ઈન્સાનના શરથી બચાવે. મારી પાસે મારા પરિવારની કેટલીક જીવનજરૂરી વસ્તુઓ છે, અને કેટલાક ખર્ચાના પૈસા પણ છે, તો હું તેમને આપીને પાછો આવું છું, ઈન્શાઅલ્લાહ. જો મેં આપની મુલાકાત કરી દીધી, તો જરૂરથી હું આપની મદદ કરીશ.” ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, “જો તમારા માટે શક્ય હોય, તો જલ્દી કરજો, અલ્લાહ તમારા પર રહમ કરે!”” તેઓ કહે છે કે, “આપ (અ.)ને દુશ્મનોનો ડર હતો, એટલે જ આપ (અ.)એ મને જલ્દી કરવાનું કહ્યું હતું.” તેઓ વધુમાં કહે છે કે, “હું મારા પરિવાર પાસે ગયો, તેમને બધી જ વસ્તુઓ આપી દીધી, અને મેં વસિયતો કરી. મારો પરિવાર મને કહેવા લાગ્યો કે, “આજે જે કરી રહ્યા છો, એવું તમે આ પહેલાં ક્યારેય કર્યું નથી.” તો મેં મારો ઈરાદો તેમને જણાવી દીધો. હું બની સુઅલના રસ્તાથી આગળ વધ્યો અને ‘ઉઝૈબુલ હિજાનાત’ની નજીક પહોંચ્યો, તો મને સમાઆ ઈબ્ને બદ્ર મળ્યા, તેમણે મને આપ (અ.)ની શહાદતની ખબર આપી, તો હું પાછો ફરી ગયો.””[2] (ક્રમશઃ)

1 અજઅ: બની તયના રહેઠાણનો એક પહાડ. (જુઓ: મુઅજમુલ બુલ્દાન, જિલ્દ–૧, સફહા–૯૪)

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૦૪; અલ–કામિલ ફિત્તારીખ, જિલ્દ–૨, સફહા–૫૫૩

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



બાદરપુરનિવાસી **મર્હૂમ મો.નસીરભાઈ સુલેમાન રાબડી** મુ.તા. ૦૩, શવ્વાલ-૧૪૪૬ તા.૦૨/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ બાદરપુરનિવાસી **મર્હૂમા મો.જનુબેન કરીમદભાઈ આંબલીયાસણા** મુ.તા. ૦૮, શવ્વાલ-૧૪૪૬ તા.૦૭/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ ૯૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



જેઠીપુરાનિવાસી **મર્હૂમા મો.અવલીબેન વઝીરભાઈ માણસીયા** મુ.તા. ૦૯, શવ્વાલ-૧૪૪૬ તા.૦૮/૦૪/૨૦૨૫ને મંગળવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ વાઘરોલનિવાસી **મર્હૂમા હાજીયાણી કુલસૂમબેન ગુલામહુસૈન હબીબભાઈ કડીવાલા (ડૉક્ટર)** મુ.તા. ૧૦, શવ્વાલ-૧૪૪૬ તા.૦૯/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



કનાઈનિવાસી **મર્હૂમા મો.સકીનાબેન યૂસુફભાઈ પટેલ** મુ.તા. ૨૦, શવ્વાલ-૧૪૪૬ તા.૧૯/૦૪/૨૦૨૫ને શનિવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ સુરપુરનિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ વલીભાઈ પરબડીયા** મુ.તા. ૨૭, શવ્વાલ-૧૪૪૬ તા.૨૬/૦૪/૨૦૨૫ને શનિવારના રોજ ૭૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ગડમથલ નં.૩૮૫નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) બદતમીઝ (૪) હરકત (૭) લલકાર (૯) નાયાબ (૧૧) તહત (૧૨) હસી (૧૪) અસીલ (૧૫) નકાબ (૧૭) તલકીન (૨૦) નકલ (૨૨) ખલ (૨૪) મદ (૨૬) તીનત (૨૮) સાત (૨૯) કરમ (૩૦) ફઝા (૩૧) બાદલ (૩૩) કમર (૩૫) મનાઈ (૩૬) અતસ <u>ઊભી ચાવીઓ:</u> (૧) બદનામી (૨) તલબ (૩) ઝકાત (૫) રવા (૬) તફસીલ (૮) રહમત (૧૦) યાસીન (૧૨) હસીન (૧૩) સબક (૧૪) અકીલ (૧૬) કાન (૧૮) લખત (૧૯) હમકલામ (૨૧) લતીફ (૨૩) મતલબ (૨૫) દર (૨૭) નઝાકત (૨૮) સાદ (૩૧) બાર (૩૨) યા (૩૪) મસ (૩૭) બે

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦૦/- મર્હૂમ મો.મોહંમદઝહીન અક્બરહુસૈન સુણસરા (રસુલપુર (મે.))ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.નસીરભાઈ સુલેમાન રાબડી (બાદરપુર)ના પરિવારજનો તરફથી તેમની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.અવલીબેન વઝીરભાઈ માણસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ વઝીરભાઈ માણસીયા
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી વઝીરભાઈ માણસીયા
રૂા.૧૦૦/- મો.અબ્દુલભાઈ નૂરભાઈ માણસીયા

**મર્હૂમા મો.જનુબેન કરીમદભાઈ આંબલીયાસણા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.અમ્મારહૈદર રસૂલભાઈ તાજા
રૂા.૫૦૦/- મો.અક્બરભાઈ કરીમદભાઈ આંબલીયાસણા
રૂા.૫૦૦/- મો.ઈમ્દાદભાઈ અક્બરભાઈ આંબલીયાસણા
રૂા.૫૦૦/- મો.એહસાનઅલી અક્બરભાઈ આંબલીયાસણા
રૂા.૨૦૦/- મો.સાબેરાબેન ઈમ્દાદભાઈ આંબલીયાસણા
રૂા.૨૦૦/- મો.અફઝલફાતેમા એહસાનઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો.મોહંમદફાઝિલ ઈમ્દાદભાઈ આંબલીયાસણા
રૂા.૩૦૦/- મો.ઈમ્દાદઅલી ઈબ્રાહીમભાઈ સુખડ
રૂા.૨૦૦/- મો.ઝરીનાબેન ઈમ્દાદઅલી સુખડ
રૂા.૧૦૦/- મો.ખદીજાફાતેમા ઈમ્દાદઅલી સુખડ
રૂા.૫૦૦/- મો.અક્બરભાઈ સુલેમાનભાઈ કરમુલા
રૂા.૫૦૦/- મો.ઝહરાબેન અક્બરભાઈ કરમુલા
રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઈ રસૂલભાઈ મહેસાણીયા
રૂા.૫૦૦/- મો.હસીનાબેન ઈબ્રાહીમભાઈ મહેસાણીયા
રૂા.૨૦૦/- મો.સાબેરાબેન શબ્બીરઅલી રાબડી

**મર્હૂમા મો.સકીનાબેન યૂસુફભાઈ પટેલ (કનાઈ) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.યૂસુફભાઈ શરીફભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.આબિદઅલી યૂસુફભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.સાજેદાબેન આબિદઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.નુસરતફાતેમા આબિદઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.બાકિરઅલી આબિદઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.સકીનાબેન અબ્બાસભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.નઝરમોહંમદ અબ્બાસભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન નઝરમોહંમદ પટેલ
રૂા.૧૦૦/- મો.તાહેરાફાતેમા નઝરમોહંમદ પટેલ
રૂા.૧૦૦/- મો.આસિફહુસૈન નઝરમોહંમદ પટેલ
રૂા.૨૦૦/- મો.સાબિરઅલી ઈસ્માઈલભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન સાબિરઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.કામયાબહુસૈન સાબિરઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.સાબેરાબાનું કામયાબહુસૈન પટેલ
રૂા.૨૦૦/- મો.આસેફાઝૈનબ કામયાબહુસૈન પટેલ
રૂા.૨૦૦/- મો.અસદઅલી અબ્બાસભાઈ આગલોડીયા
રૂા.૫૦૦/- મો.શહરબાનું અસદઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.મહમૂદહસન અસદઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.આરેફાબાનું મહમૂદહસન આગલોડીયા
રૂા.૫૦૦/- મો.મહમૂદાબેન મહદીહસન દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.સાબેરાફાતેમા અક્બરઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.સકીનાફાતેમા ગુલામઅબ્બાસ ખાણશીયા

રૂા.૧૦૦/- મો.ઝહરાબેન શબ્બીરઅલી વિજાપુરા
રૂા.૫૦૦/- મો.હાસમભાઈ શરીફભાઈ બલોસપુરા
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન હાસમભાઈ બલોસપુરા
રૂા.૫૦૦/- મો.મુબારકભાઈ શરીફભાઈ બલોસપુરા
રૂા.૨૦૦/- મો.ઝહરાબેન મુબારકભાઈ બલોસપુરા
રૂા.૨૦૦/- મો.આબિદઅલી મુબારકભાઈ બલોસપુરા
રૂા.૨૦૦/- મો.સાજેદાબેન આબિદઅલી બલોસપુરા
રૂા.૨૦૦/- મો.નફીસાફાતેમા આબિદઅલી બલોસપુરા
રૂા.૨૦૦/- મો.નિસારફાતેમા મંઝૂરએહમદ વિજાપુરા
રૂા.૨૦૦/- મો.અઝમતફાતેમા મોહસિનઅલી મતિયા

**મર્હૂમ મો.હબીબભાઈ વલીભાઈ પરબડીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.રોશનઅલી હબીબભાઈ પરબડીયા
રૂા.૫૦૦/- મો.નૂરમોહંમદ હબીબભાઈ પરબડીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.અક્બરભાઈ અલીમોહંમદ લોઢા (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.મુશ્તાકભાઈ ઈસ્માઈલભાઈ વિજાપુરા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- મો.એહસાનઅલી અન્વરભાઈ ભોવણીયા
રૂા.૨૦૦/- મો.આબિદઅલી તાલિબઅલી સુરપુરા
રૂા.૨૦૦/- મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ સુરપુરા
રૂા.૨૦૦/- મો.મોહંમદભાઈ દાવૂદભાઈ પરબડીયા
રૂા.૨૦૦/- મો.તાલિબભાઈ દાવૂદભાઈ પરબડીયા
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી શબ્બીરઅલી માણસીયા
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી વઝીરભાઈ માણસીયા
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી વઝીરભાઈ પરબડીયા

રૂા.૧૫૦/- મો.આબિદહુસૈન રસૂલભાઈ અસામદી (રસૂલપુર (મે.)) તરફથી તેમની દીકરી રબાબઝહરાએ માહે રમઝાનના ૨૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.અલીઝીશાન હસનઅલી પટાવટ (કાકોશી)એ માહે રમઝાનના ૨૪ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન અક્બરઅલી બાદરપુરા (કિશોરગઢ) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.શીરીનબેન મન્સૂરઅલી બાદરપુરા (કિશોરગઢ) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.શફીઆફાતેમા મન્સૂરઅલી બાદરપુરા (કિશોરગઢ) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મહદીહસન ગુલામમોહંમદ ખુજા (ઈલોલ તલાવ) તરફથી તેમના દીકરા ઈર્શાદહુસૈને ધો.૧૨ (સાયન્સ)માં 98.86 P.R. મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- બંદએ ખુદા

રૂા.૫૦૦/- બંદએ ખુદા

રૂા.૨૫૦૦/- મર્હૂમા મો.હલીમાબેન નૂરભાઈ ડોડીયા (ઈલોલ તલાવ) અને તેમના સગાસબંધીઓની રૂહના સવાબ અર્થે તથા મો.આસિફઅલી ઈમ્દાદઅલી ડોડીયા (ઈલોલ તલાવ)ની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦૦/- મો.આસિફઅલી ઈમ્દાદઅલી ડોડીયા (ઈલોલ તલાવ) તરફથી હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦૦/- મો.ગુલામહુસૈન હબીબભાઈ કડીવાલા (ડૉક્ટર) (વાઘરોલ) તરફથી મર્હૂમા મો.કુલસૂમબેન ગુલામહુસૈન કડીવાલાની રૂહના સવાબ અર્થે.